શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળા, ગ્રન્થાંક-૨૭.

યોગનિષ્ટ મુનિમહારાજ શ્રીમદ્ બુદ્ધિસાગરજીકૃત.

કાવ્ય સંગ્રહ

ભાગ ૭ મો.

પ્રાંતિજવાળા કોઠારી રણછોડલાલ ત્રિભોવનદાસની
વિધવા બાઈ પરસન તથા રૂક્ષ્મણીની મદદથી,

છપાવી પ્રસિદ્ધ કર્તા,

શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ તરફથી

શા. લલ્લુભાઇ કરમચંદ દલાલ.

(ચંપાગલી—મુંબઈ.)

અમદાવાદ.

શ્રી સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સાંકલચંદ હરીલાલે છાપ્યો.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦.

વીર સંવત્ ૨૪૩૯. વિક્રમ સં. ૧૯૬૯.

કિંમત રૂ. ૦-૮-૦

નિવેદન.

શ્રીમદ્ ગુરૂવર્ય બુદ્ધિસાગરજી મહારાજશ્રીનાં કાવ્યોનો આ સાતમો ભાગ વાચક વર્ગ આગળ રજુ થાય છે. વાચકવર્ગે આ અગાઉના છ ભાગનું મનન કરી અમૃતરસ ચાખ્યો હોવાથી, શ્રીમદ્નાં હૃદયોદ્ગારકાવ્યો માટે વિશેષ જણાવવાની જરૂર રહેતી નથી.

આ ભાગના કાવ્યોનો વિશેષ ભાવાર્થ આપવાનું કાર્ય બની શક્યું નથી; તોપણ શેઠ, જગાભાઇ દલપતભાઇ બી. એ. કે જેઓએ ગુરૂવર્યશ્રીનો સારો પરિચય સેવ્યો છે અને જ્ઞાનામૃત નો લાભ લીધો છે; તેઓએ આ ભાગનું મનન કરી થોડુંક લખી મોકલ્યું છેઃ તે ઉપોદ્ઘાતના નામથી પ્રકટ કર્યું છે.

સર્વ દર્શનવાળાઓને ગુરૂશ્રીનાં કાવ્યો એટલાં તો પ્રિય અને પથ્ય થઈ પડેલાં છે કે; તેના સાત ભાગ પ્રકટ કરવાને મંડળ શક્તિમાન્ થયું છે. પ્રથમ ભાગની બે આવૃત્તિ થયા છતાં તે અને બીજો ભાગ શીલક ન હોવાથી ફરી છપાવવાની જરૂર જણાઈ છે.

પ્રાંતીજવાળા કોઠારી રણછોડલાલ ત્રિભુવનદાસના ઉઝમણા ના સ્મરણાર્થે તેમની વિધવા બાઇ પરસન તથા બાઈ રૂક્ષ્મણીએ આ ગ્રન્થના પ્રકાશાર્થે રૂ. ૧૫૦) ની રકમ સાહાય્ય આપી છે, જે માટે તેઓને ધન્યવાદ ઘટે છે.

છેવટ ગ્રન્થમાં રહેલા વિચારો વધુ વિસ્તાર પામે અને વાચકવર્ગ તદ્વિચારોવત્ બને એમ ઈચ્છી વિરમીએ છીએ.

ચૈત્ર સુદિ ૧ સં ૧૯૬૯ — લી૦
ચંપાગલી—મુંબઈ. — अध्यात्मज्ञान प्रसारकमंडळ.

ઉપો - ઘાત.

શ્રીમન્મુનિરાજ યોગનિષ્ઠ સદ્‌ગુરૂશ્રીનાં સ્વાભાવિક હૃદયોદ્‌ગારરૂપ સુધામય કાવ્યોના વાચનથી સ્વહૃદયમાં સુવિચારરૂપ અમૃત ઝરણાં વહેવા માંડે છે અને તેથી અનેક પ્રકારના દુર્ગુણોનાં બીજકો, કે જે હૃદયમાં ઘણા કાળથી વાસ કરીને રહ્યાં છે તેનો નાશ થવા માંડે છે. પૂજ્યપાદ હૃદયાધિષ્ઠાતા સદ્‌ગુરૂહૃદયહેમાદ્રિજન્યશાન્તકાવ્ય સુધાગંગાપ્રવાહલહરીયોની લ્હેરથી અમારા હૃદયના ત્રિવિધતાપોની શાન્તિ થાય છે, એમ સ્વાનુભવથી કથતાં અતિશયોક્તિનો અંશાવકાશ નથી. શ્રીમદ્‌નાં ભજનો–પદો અને કાવ્યોમાં ઉંડા ઉતરીને આલોચના કર્યા વિના આન્તરિક હાર્દનો અવબોધ થતો નથી અને તે વિના વૃદ્ધિ પામતો નથી.

શ્રીમદ્‌ના રચિત આ **સાતમા ભાગન** કાવ્યોમાં અધ્યાત્મજ્ઞાન, વૈરાગ્ય ભાવના, ધૈર્ય, ઉત્સાહ, ઉપસર્ગસહનબોધ, કર્તવ્યદિશા, શુદ્ધપ્રેમ, સત્યમાર્ગદર્શકબોધ, વગેરેનો સમાવેશ થાય છે જ્ઞાનીઓ કવિત્વ શક્તિને સ્વકીય ઉચ્ચાશયમાં વાપરીને ઉચ્ચ વિચાર અને પવિત્રાચારના ચિત્રો ચિતરવા પ્રયત્ન કરે છે અને દુનિયાને ઉચ્ચાશયી કાવ્યાદર્શનો લાભ આપી ઉચ્ચ બનાવે છે.

શ્રીમદ્‌નાં આધ્યાત્મિક કાવ્યોમાં ભાષાની સરલતાથી સહેજે બાલજીવો પ્રવેશે છે અને તેમાંથી ગુણાનુરાગદૃષ્ટિથી ઉચ્ચ વિચારોને ગ્રહણ કરી, આનન્દમય બની ભવિષ્ય જીવનનો આધાર જે વર્તમાન જીંદગી ઉપર છે તેને સુધારવા; ઉત્સાહ, ખંત, અને ધીરજથી પ્રયત્ન કરે છે.

સામાન્ય રીતે કથીએ તો શ્રી સદ્‌ગુરૂના ભજનો–પદો અને કાવ્યોથી આખી દુનિયાના મનુષ્યોને લાભ થવા નિશ્ચય છે. ભારત વર્ષના મનુષ્યોનો પ્રાયઃ મોટો ભાગ તો શ્રીમદ્‌ના કાવ્યોથી પરિચિત થયો છે અને ગુર્જર ભાષાના ઉપાસકો તો તેમનાં

કાવ્યોમાંથી હિતશિક્ષાઓ ગ્રહણ કરીને સ્વાત્મોન્નતિ કરવા પ્રયત્ન કરે છે. પ્રવૃત્તિમાર્ગના ચક્રપર ચઢીને ચિત્તનું ચાંચલ્ય વધારનાર મનુષ્યોને શ્રીમદ્‌નાં કાવ્યો શાન્ત કરી દે છે.

જેનાથી ભક્તિ રસમાં નિમગ્ન થવાય જેનાથી કંઇ હૃદયને શાન્તિ મળે અને દુર્ગુણો પર વિજય મેળવી શકાય, જેનાથી અનેક દુઃખો શીર્ષપર આવ્યા છતાં તે દુઃખોમાં ચિત્તની સમાનતા સંરક્ષી શકાય અને ઉત્ક્રાન્તિના માર્ગમાં આધ્યાત્મિક ભાવથી અને વ્યાવહારિક ભાવથી વિદ્યુત્પ્રવાહની પેઠે આગળ વધી શકાય તેવાં કાવ્યોની જેટલી પ્રશંસા કરીએ તેટલી ન્યૂન છે.

જે કાવ્યોના વાચનથી કામની આસક્તિ, દ્વેષ, ઇર્ષ્યા, કલેશ, હિંસા, વગેરે દુર્ગુણોની વૃદ્ધિ થાય છે તે કાવ્યો નહીં પણ કુકાવ્યો કથી શકાય છે. જે કાવ્યોથી દુનિયાને ક્ષમા, દયા, સત્ય, પ્રેમ, ભ્રાતૃભાવ, વૈરાગ્ય, ભક્તિ, વિવેક, ઉત્સાહ, ધૈર્ય, દાન, શીલસેવા, જ્ઞાન વગેરે ગુણોનો લાભ થાય તે કાવ્યો કાવ્ય તરીકે લેખી શકાય છે. ઉદ્‌ગારમય કાવ્યોથી કર્ત્તાના હૃદયના ગુણોનો ખ્યાલ કરી શકાય છે. કાવ્ય રચનારના વિચારો અને આચારો કેવા છે તેની પરીક્ષા તેના કાવ્યથી થઇ શકે છે.

કાવ્યોના બે ભેદ છે-(૧) પોતાના હૃદયોદ્‌ગાર અનેક પ્રસંગોમાં પોતાના આત્માના સંબંધે ઉઠેલ છે તેનો જેમાં સમાવેશ થાય છે તે. (૨) અન્ય મનુષ્યોને ઉપદેશાદિ નિમિત્તથી રચાયલાં કાવ્યો તે પ્રબોધક કાવ્યો ગણાય છે. સ્વહૃદયોદ્‌ગાર રૂપ કાવ્યોની કિમ્મત આંકી શકાતી નથી. પોતાના આત્માની દશાનો ચિતાર જેમાં છે એવાં કાવ્યો તે સજીવન કાવ્ય તરીકે ગણાય છે અને તે એક જીવનચરિત્રની ખાસ આવશ્યકતા પૂરી પાડે છે. શ્રીમદ્‌ના સાતમા ભાગનાં કેટલાંક કાવ્યો એવાં છે કે તે કાવ્યો અમુક પ્રસંગો સંબંધે અને વ્યક્તિયોને ઉદ્દેશી, પોતાના આત્માની તત્ સમયની દશાનો આઘોષ કરાવે છે, અને કેટલાંક કાવ્યો અન્યોને બોધ દેવા નિમિત્તે રચાયલાં છે એમ

સ્પષ્ટ સમજાય છે. શ્રીમદ્ ગુરૂરાજનું મુનિ જીવન છે અને તે-
મની જીંદગી ધાર્મિક પ્રવૃત્તિ અને ધાર્મિક નિવૃત્તિમય છે. તે-
મના હૃદયમાં ધાર્મિક વિચારોનાં ચિત્ર ચિતરાયાં છે તેથી તેમના
કાવ્યોની પાસે જતાં, અને તે કાવ્યોની અન્તર પ્રવેશીને
કાવ્યોની ઉપાસના કરતાં, શાન્ત રસનું આસ્વાદન થાય છે.
અને તેથી સ્વાત્મજીવન સુધારવા માટે અનેક વિચારોને આ-
ચારમાં મૂકતાં ઉત્સાહ વધે છે. **કાવ્યો એ જ્ઞાનિ કવિની
જીવતી પ્રતિમા છે. કાવ્યો એ વિચારો અને આચા-
રોનો ભંડાર છે.**

ગ્રીસદેશનો સિમોનિડિઝ કવિ કહે છે કે "કાવ્ય છે તે
બોલનારૂં ચિત્ર છે, અને ચિત્ર છે તે મુંગુ કાવ્ય છે" ચિત્ર
કલા એ કાવ્યકલા કરતાં ભિન્ન અને ઘણે ભાગે સ્વતંત્ર છે અને
તેનો તથા કાવ્યનો એક બીજા સાથે સંબંધ હોતો નથી; પરંતુ
જે કાવ્ય ખરૂં છે તે ચિત્ર આદિકલાઓની મદદથી મનોહર
થઈ શકે છે. કવિ પોતાની વાણીથી ચિત્રો કાઢે છે, મૂર્તિયો
બનાવે છે, તથા સુંદર મંદિરો ઉઠાવે છે.

કોલરિજ કહે છે કે "જે કાવ્ય જેટલા ભાવથી નિર્મિત
કરેલું હોય છે તેટલાજ પ્રમાણથી તે કાવ્ય અંતઃકરણને મા-
હિત કરે છે. મિલ્ટન જણાવે છે કે "ઉત્તમ વિષયપર સામા-
ન્ય ગ્રન્થ રચી, લોકોનાં માથાં હલાવીશ; એમ જો કોઇ કહે તો
તે પોતે કવિ હોવો જોઇએ." પ્લેટોએ લખ્યું છે કે "કવિતા-
દેવીના પ્રસાદનો અને સ્ફુર્તિનો જેને સ્પર્શ થયો નથી તે જો
યમક સાધવાનો કૃત્રિમ ગુણ પોતાનામાં હોવાથી તેના મન્દિરમાં
પ્રવેશ કરશે તો તેનો અને તેના કાવ્યનો ત્યાં પ્રવેશ થશે નહિ."

જેવા તેવા સાધારણ કવિઓનાં નામો નાશ પામે છે અને
તેમની કૃતિને પણ લોક વિસરી જાય છે, પણ જેઓ મહાકવિ
છે તેમનાં કાવ્ય અમર થાય છે. ઉમાસ્વામિ, હરિભદ્રસૂરિ, શ્રી
હેમચંદ્રસૂરિ, શ્રી ધનંજય કવિ, ધનપાલ કવિ, શ્રીમદ્ યશો-
વિજયજી ઉપાધ્યાય, શ્રીમદ્ આનન્દઘનજી, શ્રીમદ્ દેવચન્દ્રજી;

તથા હોમર, વ્યાસ, કાલિદાસ, ભારતિ અને વાલ્મિકનાં કાવ્યો જેવાં ને તેવાં કાયમ છે. તેમના કાવ્યના એક શબ્દનો પણ લોપ થયો નથી. ઘણા કાલનાં રાજમંદિરો અને કિલ્લાઓ પડી જાય છે, પણ ઉત્તમ કાવ્યો તો જીવતાં રહ્યાં છે અને ભવિષ્યમાં રહેશે. પરાક્રમી રાજાઓ વગેરેની છબીઓ મૂળ રૂપમાં રહી નથી. મૂળ છબીઓની નકલો કરવામાં આવેતો તેમાં મૂળની ખુબી ઉતરતી નથી. પરન્તુ કવિયોના જ્ઞાનબળથી રચાયલી કાવ્યરૂપ પ્રતિમા તો સદા પુસ્તકમાં કાયમ રહે છે. જૂનાં થએલાં પુસ્તકોપરથી નવાં પુસ્તકો કરી શકાય છે અને તેમને કાળથી નુકસાન પહોંચતું નથી.

સમાજનું મહાન્ હિત કાવ્યથી સાધી શકાય છે. કાવ્ય એ દુનિયાની ઉત્ક્રાન્તિનો આદર્શ છે. કાવ્યથી ઘણા લોકોનું મગજ ખુશ થાય છે; તો તેનામાં આલ્હાદક શકિત છે એમ માનવામાં આવેતો તેમાં અતિશયોકિત ગણી શકાય નહિ.

કાવ્યનો પૂર્ણ આસ્વાદ લેવો હોય તો પોતાનું મન સંકુચિત ન કરતાં ગુણાનુરાગદષ્ટિ અને વિશાલદષ્ટિ વાપરી, કાવ્યહાર્દ સમજવાનું મનમાં ધારવું જોઇએ.

શેલી કવિ કહે છે કે "કાવ્ય એ નાના પ્રકારની કલ્પનાઓની અનેક રીતનો સંયોગ તાબામાં રાખવાને માટે મનનો વિકાસ કરે છે; તથા આ જગત્માં સંતાઈ રહેલા સૌન્દર્ય ઉપરનો પડદો કાઢી નાખે છે અને અપરિચિત પદાર્થ કેવલ પરિચિત કરી નાખે છે."

જેમ સૂક્ષ્મ બીજોના પેટમાં અનેક વૃક્ષોનો સંભવ હોય છે તેમ કાવ્યમાં અનન્ત સૌન્દર્યનો સંભવ હોય છે. કાવ્યોના રહેલા અનેક ગુણોને દેખનારા મનુષ્યોજ ખરેખર કાવ્યનું અવલોકન કરનારા ગણી શકાય. કાવ્યનું મહત્વ અવબોધવું હોય તો તેને ઉપર ટપકે જોવું નહિ અને તેને ઉપરથી પાનાં ફેરવી ચંચળ ચિત્તથી વાંચી જવું નહિ.

એક સારો નિબંધ લખવાનો હોય, વા તેના ઉપર એક

સારૂં ભાષણ આપવાનું હોય એવી બુદ્ધિથી કાવ્યના દરેક શબ્દોનું મનન કરવું. જે કાવ્યને વાંચતાં પાંચ મિનિટ થાય અને તેના સંબંધી કલાકોના કલાકો મનન કરવામાં આવે તો તે કાવ્યના અનુભવાર્થનો ખ્યાલ આવી શકે.

શ્રીમદ્ ગુરૂવર્યના પદોમાંથી–કાવ્યોમાંથી અધ્યાત્મરસ લઇ શકાય છે. અધ્યાત્મજ્ઞાનરસ એ અમૃતરસ છે. તેનાથી મનુષ્ય આનન્દમય બની અમર થઇ શકે છે. આર્યાવર્તની ભૂમીમાં અધ્યાત્મજ્ઞાન રસની રેલંછેલા થઈ રહી છે અને તેથી આર્યાવર્તમાં ઉત્પન્ન થનાર મુનિયોના હૃદયમાં સ્વાભાવિક અધ્યાત્મરસની ભાવના જાગ્રત્ થાય છે અને વૃદ્ધિ પામે છે. શ્રીમદ્ની કાવ્ય કૃતિનો મુખ્ય વિષય અધ્યાત્મજ્ઞાન છે એમ તત્ત્વદૃષ્ટિથી તેમના કાવ્યોદધિના તળીએ પહોંચી અન્તરૂચક્ષુથી અવલોકતાં માલુમ પડે છે.

શ્રીમદ્ના કાવ્યોમાં પોતાના મન, વાણી અને કાયાના સ્વામી બનવાનો બોધ દેખાય છે. સર ટી બ્રાઉન જણાવે છે કે "જે મનુષ્ય પોતે પોતાનો સ્વામી થાય છે તે પછી આલોકના રાજ્ય વૈભવની ઇચ્છા કરતો નથી; કારણકે જેમનાં માન અને અધિકાર મોટા છે તેઓ ખરેખર મહાન્ નથી, પરંતુ જેમને પોતાનું મન સ્વાધીન રાખતાં આવડતું હોય છે તેઓજ ખરેખરા મહાન્ અને ખરેખરા સુખી છે એ તેમને અનુભવસિદ્ધ હોય છે; કેમકે જેમને પોતાનું મન સ્વાધીન રાખતાં આવડતું નથી તેઓને રાજગાદી હોય તોપણ તેઓ રાજા નથી અને એથી ઉલટું સાધુ જનને અંગે જો કે ભસ્મ ચોળેલી હશે અને જો તે એકલો ફરતો હશે તોપણ તેણે જગત્‌ના ઉદ્ધાર માટે જન્મ લીધો છે, એટલે જગત તેને મહાન્ માનશે."

શ્રીમદ્નાં કાવ્યોમાં સદ્‌ગુણી થવાના ઉભરાઓ રૂપ બોધ જ્યાં ત્યાં વાંચવામાં આવે છે. ખરેખર સદ્‌ગુણ વિના સજ્જનપણું મળતું નથી. પંચેન્દ્રિયોને વશમાં રાખવાથી આત્મસંયમ થાય છે અને તેથી સદ્‌ગુણમાં આગળ વધી શકાય છે.

સોલોમન કહે છે કે "જે પોતાની જીભને સ્વાધીન રાખી શકે છે તે કોઇ નગરને કબજે કરનારા એકાદા યોદ્ધા કરતાં પણ વધારે પરાક્રમી છે. આત્મનિગ્રહ—પોતેપોતાને જીતવાથી, અને અન્તઃકરણના સત્ય વિચારને અનુસરી વર્તવાથી પ્રાપ્ત થશે."

એમર્સન કહે છે કે "જેઓ સજ્જન હોય છે, તેઓ ગમે તેવા ઉતાવળના પ્રસંગમાં પણ પોતાના મનને કેવળ એકાંતની પેઠે શાન્ત, સ્થિર અને પ્રસન્ન રાખી શકે છે." બિથિયસના વિચારમાં કહીએ તો "જે સદ્‌ગુણી છે તે શાણો છે, જે શાણો છે તે સજ્જન છે અને જે સજ્જન છે તે સુખી છે."

સુખપ્રાપ્તિ અર્થે આપણે આપણું મન નિર્મલ અને શાન્ત રાખવું જોઇએ. ગઇ વાતનો વૃથા શોક ન કરતાં મનની સમાન સ્થિતિ રાખવી જોઇએ. દુષ્ટબુદ્ધિનો પ્રતિકાર કરવાથી, વાસનાઓને તાબામાં રાખવાથી અને સૌજન્યવૃત્તિને ઉત્તેજન આપવાથી આપણો વખત આપણાથી શુદ્ધ અને શાન્ત આચરણમાં કાઢી શકાશે.

પાશ્ચાત્ય વિદ્વાનો આ પ્રમાણે જે બોધ આપે છે તે બોધ તો આર્યાવર્તના મહાત્માઓની સામાન્યવાતચિતમાં તરી આવે છે; તો આર્યાવર્તના આર્યમુનિવરોના હૃદયગમ કાવ્યોમાં તો-તે તરબોળ થઇ રહ્યા હોય એમાં કંઇ આશ્ચર્ય નથી. શ્રીમદ્ ગુરૂ મહારાજના કાવ્યોમાંથી ભક્તિરસ પણ જોઇએ તેટલો ગ્રહણ કરી શકાય છે. તેઓશ્રી પ્રભુભક્તિથી જણાવે છે કે;—

હૃદયના ભાવના પુષ્પે, પ્રભો પૂજું ત્હને પ્રેમે.
અનુભવજ્ઞાનદીપકથી, કરૂં તુજ આરતી જ્યાં ત્યાં—
પ્રભો ! તુજથી બને ઐકયજ, સદાની પ્રાર્થના એ છે—

× × × ×

એ અશ્રુના સાગર વિષે, ઝીલું ઝીલાવું સર્વને;
તુજ પ્રેમથી અશ્રુ ઝરે, એ અશ્રુનો સાગર કરૂં.
તવ તેજના અંબારમાં, દુનિયા સકલ જોતો રહું;
કાયા અને માયા અરે ! એ, તેજ જોતાં છે નહીં.

ભક્તિરસમાં રસિક મનુષ્યને ઉપરની કડીઓ અમૃત સમાન લાગશે. સંસારની આધિ, વ્યાધિ અને ઉપાધિથી દુઃખી થએલા હૃદયને નીચેની કડીઓ વૈરાગ્ય રસ આપીને શાન્ત કરે છે.

"ખીલેલાં બાગનાં પુષ્પો, પછીથી તે ખરી જાશે."
ઉદયને અસ્તનાં ચક્રો, ફરે તેથી બચેના કો."
"સદા ઉપયોગ સારામાં, કરી લે જે મળ્યું તેનો."
"મગજ સમતોલ રાખીને, સદા કર કાર્ય તું ત્હારાં."

સાતમા ભાગમાં કેટલાક વિવિધ વિષયો પર સારી રીતે ચિતાર આપ્યો છે. કેટલાંક આત્મિક પ્રેમના ઉભરાની ઉર્મિયો પૂર્ણ રીતે દેખાય છે. "પ્રેમ" સંબંધી કાવ્યોમાં શુદ્ધ અદ્વૈત પ્રેમ નું અપૂર્વ રીતે વર્ણન કરવામાં આવ્યું છે. શ્રી સદ્‌ગુરૂએ "કરે જા કાર્ય તું ત્હારૂં" એ હેડીંગ વાળી કવ્વાલિમાં કાર્ય યોગી બનવાની અપૂર્વ હિતશિક્ષા દર્શાવી છે, કે જે વાંચતાં જે કાર્ય હાથમાં લીધું તે પૂર્ણ કરવા દૃઢ સંકલ્પ થાય છે અને દુઃખો સહીને કાર્યની પૂર્ણતા કરવા પ્રયત્ન થાય છે. "વીરના પગલે" એ કાવ્ય કાર્ય કરવા પ્રત્યે અપૂર્વ ઉત્સાહ અર્પે છે. કાર્ય સંકલ્પ દિશા" એ હેડીંગવાળા કાવ્યમાં વિચારોનો અદ્‌ભુત ચિતાર આપ્યો છે. શ્રીમદે પોતાના કાર્યોને માટે જે ભવિષ્ય વાણીનું કાવ્ય બનાવ્યું છે તે ખરેખર ભવિષ્યમાં થનાર કાર્યને પહેલાંથી સૂચવે છે." પ્રેમ શિક્ષા" નામના કાવ્યમાં શ્રીમદે નીચે પ્રમાણે જે ઉદ્‌ગારો કાઢયા છે તે પુનઃ પુનઃ મનન કરવા યોગ્ય છે.

"તું વાવ બાવળ નહિ ઘરોઘર તીક્ષ્ણ કાંટા વાગશે.
વાવો ભલે ઇચ્છા વડે પણ–દુઃખ અન્તે આવશે."

જીવને કથે છે કે હે ભવ્ય જીવ! તું દરેક જીવોની સાથે ક્લેશ કર નહિ. ક્લેશરૂપ બાવળનાં વૃક્ષ વાવવાથી સ્વ અને પરને દુઃખ આપનાર કાંટા પ્રકટશે—

"શુદ્ધ પ્રેમ" માટે.

"વાણી અને શુભ ચિત્તથી જ્યાં તાર પહોંચે છે ખરા;
એ શુદ્ધ કાંચન પ્રેમ છે એ પ્રેમનો પ્રેમી બનું."

"પરમાર્થ બીજ વપન" નામનું કાવ્ય ખરેખર પરમાર્થ કરવામાં બહુ ઉત્સાહ અર્પે છે.

"એ સન્ત પુરૂષો જાણવા જે સ્વાર્થ વણુ કાર્યો કરે."

પોતાના માટે લખે છે કે;—

"તુજ જીંદગીના હોમની શુભ ભસ્મમાંથી જાગશે.
કોટી મનુષ્યો માનીને "બુદ્ધયબ્ધિ" બીજો વાવજે."

"હૃદયની ચોપડી" એ કાવ્યમાં પોતાના હૃદયની ચોપડી વાંચવાને વાચકોને ખ્યાલ આપ્યો છે. ખરેખર એ કાવ્યમાં અનુભવવણુ પ્રવેશ થઇ શકે તેમ નથી.

શ્રીમદે ધૈર્ય ધારણુ કરવા માટે "ધૈર્ય" એ સંજ્ઞાવાળું કાવ્ય અપૂર્વ ભાવાર્થથી રચ્યું છે. ગમેતેવા કાયર મનુષ્યને પણુ એ કાવ્યથી ધૈર્ય અમુકાંશે પણુ પ્રાપ્ત થયા વિના રહે નહીં.

આમ્ર, સરોવર, કમલ, વગેરે કાવ્યોના ભાવાર્થમાં ઘણી હિતશિક્ષાઓ મળી શકે છે "સત્યની અપેક્ષાઓ" એ નામના કાવ્યમાં સત્યની અનેક અપેક્ષાઓ દર્શાવી છે; તેનો ભાવાર્થ બહુ ઉંડો અને અનેકાન્ત શૈલીથી ભરપૂર છે.

"તત્ત્વમસિ"ના કાવ્યમાં જે ઐકયભાવ, આધ્યાત્મિક દૃષ્ટિથી દેખાડયો છે તેનો અનુભવ ગ્રહણુ કરવો એ, ઉંડા અને પૂર્ણું અનુભવ વિના બની શકે નહિ. "મિત્ર" નામના કાવ્યમાં મિત્રનાં લક્ષણુ સારી રીતે દર્શાવ્યાં છે.

"હૃદયના પ્રેમ ઝરણાંથી બનેલી સત્ય છે મૈત્રી,
વિપત્તિની કસોટીમાં ટકે સુવર્ણુની પેઠે;"
"સમાવે સર્વ હૈયામાં, પ્રકટ કરતો ગુણો જ્યાં ત્યાં.
બને છાયા હૃદય તનથી ખરો એ મિત્ર પોતાનો."

મિત્રના ખરા ગુણો માટે જગત્‌ને ઉચ્ચ બોધ જે આપ્યો છે તે ખરેખર મનનીય છે. "મળ્યા એ માનવું સાચું" એ નામના કાવ્યમાં પરસ્પર મળ્યા અને મેળ થયો કયારે ગણાય,તેની ખરી દિશા ચિતરી છે. ખરી રીતે એવા ઉત્તમ ગુણો માટે હરરોજ પ્રયત્ન કર-

વાની જરૂર છે. સદ્‌ગુણોને ખીલવવા માટે તો આખી જીંદગી અભ્યાસકનીજ ગણી શકાય, એમ દરેક મનુષ્યે માનવું જોઇએ.

"આંગણે આવનારા" એ કાવ્યમાં પોતાનો સ્વાનુભવ પ્રદર્શિત કર્યો છે.– "આમંત્રણ" એ નામના કાવ્યમાં પોતાના ઉંડા અનુભવ પ્રદેશની કંઇક ઝાંખી જોવામાં આવે છે.

"જ્ઞાન યોગીની દશા" નામના કાવ્યમાં શ્રીમદે જ્ઞાનયોગીની દશાનો સારી રીતે ચિતાર આપ્યો છે.

"જે ડાળ ઉપર પંખીડું બેસે, અરે તે ડાળતો !
ઉંચી જતી નીચી જતી પણ, પંખીડું બીવે નહીં;
દષ્ટાંત એવો જ્ઞાનીને પ્રારબ્ધ ડાળે બેસતાં;
ઉંચી જતી નીચી જતી એ ડાળપણ નિર્ભય રહે."

એક ડાળ ઉપર પંખી બેસે છે. વાયુના યોગે ડાળ ઉંચી જાય છે અને નીચી જાય છે, પણ પંખી ભય પામતું નથી; તે પ્રમાણે જ્ઞાનીઓ પ્રારબ્ધરૂપ વૃક્ષની ડાળ ઉપર બેઠા હોય છે તે ડાળ શાતાથી કદિ ઉંચી જાય છે અને કદાપિ અશાતાથી નીચી જાય છે; તોપણ જ્ઞાનીઓને ઉંચી અને નીચી પ્રારબ્ધની ડાળ ઉપર બેઠા છતાં હર્ષ અને શોક વેદાતો નથી. તે તો પોતાના શુદ્ધ સ્વરૂપમાં મસ્ત રહે છે. વગડામાં પડેલાં શુષ્ક પાંદડાંઓ વાયુના જોરે આડાં અવળાં અથડાય છે; તદ્વત્ જ્ઞાની પ્રારબ્ધના યોગે શરીરથી ગમનાગમન ક્રિયા કરે છે પણ તે અન્તરથી નિર્લેપ રહે છે. ન્હાનાં બાળકો જેમ શત્રુ અને મિત્રના ખોળામાં આનંદથી હસે છે અને રમે છે તદ્વત્ જ્ઞાનીઓ પણ સાનુકૂલ અને પ્રતિકૂલ સંયોગોમાં સદા આનન્દી રહે છે, એવી તેમની જ્ઞાન દશા થવાથી ન્હાના બાળકની પેઠે તેમનું શુદ્ધ હૃદય થાય છે અને સહજાનન્દમાં મસ્ત બને છે. ન્હાનાં બાળકો જેમ મનુષ્યોને પ્યારાં (વ્હાલાં) લાગે છે, તદ્વત્ જ્ઞાનીઓ ઉપર પણ દુનિયાને વ્હાલ ઉપજે છે. આમાં તેમના હૃદયની નિર્દોષતાજ કારણીભૂત છે.

શ્રી સદ્ગુરૂએ "ઉદયચિહ્ન" એ કાવ્યમાં યુગપ્રધાનના ઉદયચિહ્નની દિશા સૂચવી છે. નદી, આગ, વગેરે કાવ્યોમાંથી જ્ઞાનરસનો પ્રવાહ વહ્યાં કરે છે. છેવટે અનહદ ધ્વનિરૂપ વીણાનું આધ્યાત્મિક દૃષ્ટિથી વિવેચન કરી સાતમા ભાગની સમાપ્તિ કરવામાં આવી છે. આ રીતે પરમગુરૂ મહારાજશ્રીએ અમારા જેવાઓને જ્ઞાન આપવા નિવૃત્તિ માર્ગમાં પરાયણ છતાં જે પરિશ્રમ લેઇ બોધ આપ્યો છે તેનો ઉપકાર કદિ પાછો વળી શકે તેમ નથી. દુઃખી જીવોને દુ.ખના વખતમાં—

" તું દીન બન ના દુઃખથીરે, દુખ દહાડા વહી જશે.

એ પણ ગયું ! આ પણ જશે ! આ જીવની ઘટમાળમાં"

ઇત્યાદિ વાકયોથી જે બોધ આપ્યો છે તે સચોટ અસર કરનારો છે. સાતમા ભાગની ખુબી ઓર પ્રકારની વાચક વર્ગને લાગશે. મુનિવરોના એકેક શબ્દો સૂત્ર જેવા હોય છે. વર્તમાનકાળના મનુષ્યો કરતાં ભવિષ્યના મનુષ્યો ઉપર વર્તમાનકાળના કાવ્યોની ઘણી અસર થશે. શ્રીમદ્ આનન્દઘનજી અને શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાયની ખરી કિમ્મત તો પાછળની દુનિયાં આંકવા સમર્થ થઈ છે. ઉત્ક્રાન્તિના ક્રમમાં સામાન્ય મનુષ્યો કરતાં વિદ્વાનો **પચાસ વર્ષ આગળ** છે અને વિદ્વાનો કરતાં ખરા સુધારકો **સો વર્ષ** આગળ હોય છે અને તેમના કરતાં જ્ઞાની મહાત્માઓ તો **પરાર્ધ વર્ષ** આગળ હોય છે. જે દુનિયાને પરાર્ધ વર્ષે મેળવવાનું હોય છે તેને જ્ઞાનીઓ હાલ જણાવી શકે છે. આત્માની પરમાત્મ દશા કરવી એ પરાર્ધ વર્ષ પછીની અને હાલની પણ એક સરખી સ્થિતિ છે અને તે સ્થિતિને પૂજ્ય સદ્ગુરૂ મુનિવર વર્તમાનમાં કાર્ય તરીકે જણાવે છે, માટે તેઓનાં ઉપર્યુક્ત વચનો પરાર્ધ વર્ષ આગળ છે એમ કહેવામા કોઇ જાતનો દોષ આવતો નથી. શ્રી વીરપ્રભુએ કેવલજ્ઞાનથી અસંખ્ય વર્ષ વા અનન્ત વર્ષ આગળનો હેવાલ પણ વર્તમાનમાં જણાવ્યો છે. મુનિવરોનો ઉપદેશ શ્રીસર્વજ્ઞના વચનાનુસારે હોય છે તેથી તેઓ જગતના ખરેખરા ઉપકારકો છે.

શ્રીસદ્‌ગુરૂ મહારાજના એકેક કાવ્ય ઉપર એકેક ગ્રન્થ લખી શકાય તેમ છે તો હું આવા પુસ્તકની પ્રસ્તાવનારૂપે શું લખી શકું? મારી અલ્પમતિ શક્તિથી કાવ્યરૂપ રત્નમાલાના પ્રકાશ ઉપર શો વિચાર દોડાવી શકું? પરન્તું જૈનધર્મપ્રવર્તક વર્ધક સદ્‌ગુરૂ મહારાજના ઉપદેશથી, સદા ઉત્તમ આધ્યાત્મિક કાવ્યો ઉપર મારી પ્રીતિ રહે છે અને મારા મનને તે ઉત્તમ અસર કરી શકે છે તેથીજ હું મારૂં અહોભાગ્ય સમજુ છું.

ગુરૂમહારાજશ્રીએ માતૃભાષામાં અનેક ભજનો-પદો અને કાવ્યો લખીને આર્યાવર્ત ઉપર ઉપકાર કર્યો છે અને વર્તમાનમાં કરે છે, તેમનો પરિશ્રમ જ્ઞાનીપુરૂષો જાણી શકે છે-હીરાની પરીક્ષા ઝવેરી કરી શકે છે-વિદ્વાનના પરિશ્રમને વિદ્વાનજ જાણી શકે છે.

विद्वानेवहिजानाति-विद्वज्जनपरिश्रमं ।
नहि वन्ध्या विजानाति-गुर्वी प्रसववेदना ॥ १ ॥
नवेत्ति यो यस्य गुण प्रकर्ष-सतस्य निन्दां प्रकरोति नित्यं ।
किरातकन्या करिकुम्भजातं- मुक्ताफलंत्यज्य बिभर्ति गुञ्जां ॥१॥

ગુરૂમહારાજશ્રીનાં ભજનો-પદો એ જૈન કોમ અને અન્ય કોમમાં ઘેરઘેર ગવાવા લાગ્યાં છે અને તેની પ્રિયતા વધતી જાય છે. પુરૂષો સ્ત્રીઓ અને બાળકો પ્રેમથી તેમનાં પદોને વાચે છે અને આનંદમાં ઝીલે છે, અમારા જેવા તેમના ભક્તોમાંતો તેમનાં પદો અને કાવ્યોની પ્રિયતા હોય એમાં શું આશ્ચર્ય! પણ અન્ય ધર્મવાળાઓ, તે પદો-કાવ્યોને સહર્ષથી ગાય છે અને આનન્દમાં લીન રહે છે. છેવટે કહેવાનું કે આખી દુનીઆમાં તેમનાં પદો-કાવ્યોનો ફેલાવો થાઓ એમ ઇચ્છી અત્ર વિરમું છું.

सुज्ञेषु किंबहुना.

લેખક.

કૃપાળુ સદ્‌ગુરૂ બુદ્ધિસાગર મહારાજને ચરણકમલ સેવક
જગાભાઈ દલપતભાઈ.
મુ. અમદાવાદ.

અનુક્રમણિકા.

શ્રીમદ્ યોગનિષ્ઠ મુનિમહારાજશ્રી બુદ્ધિસાગરજી કૃત,

કાવ્ય સંગ્રહ.

ભાગ ૭ મો.

॥ मङ्गलम् ॥

प्रणम्य श्रीमहावीरं, सर्वज्ञं पूर्णशान्तिदम् ।
सद्गुरुं ज्ञानदातारं, स्मृत्वा काव्यं करोम्यहं ॥

भलुं कर ? सर्वजीवोनुं.

કવ્વાલિ.

ભલા માટે થયો તું શ્રેષ્ઠ, ભલું કરવા ધરી તેં દેહ;
ગુમાવીશ વ્યર્થ નહિ શક્તિ, ભલું કર સર્વ જીવોનું. ૧
સદા ઉપકારને માટે, બહુ સરઝાડ ને નદીઓ;
થયો માનવ બહુપુણ્યે, ઘણા ઉપકાર કર જગમાં. ૨
કરી ઉપકાર અન્યોપર, પછીથી કલેશ આદિથી;
અહો પસ્તાય તે નહિ સુજ્ઞ, અનુમોદન ભલાનું કર ? ૩
સદા નિસ્વાર્થ પ્રીતિથી, જગત્ સેવા કરી લેજે;
જગત સેવા ફરજ માની, યથા શક્તિ પ્રવૃત્તિ કર ? ૪
પ્રથમ સેવાથકી સેવક, બનીને ઉચ્ચ થાવાનું;
જગત્ સેવાર્થ સહુ શક્તિ, મળી તે વાપરી લેજે. ૫
કદિ કંજુસ ના બન તું, યથાશક્તિ મળ્યું તે ખર્ચ;
ખરૂં એ આર્યનું કૃત્યજ, સ્મરણમાં રાખજે ચેતન ! ૬
કરી ઉપકારનાં કૃત્યો, સદા તું ચાલજે આગળ;
મળે બહુ વાપરે તેથી, ખરેખર ભાવિભવમાં તે. ૭
ગણી નિજ આત્મવત્ સૌને, કરૂણા સર્વપર ધર ઝટ;
"બુદ્ધયબ્ધિ" બોધ માનીને, સુધારી લે જીવન બાકી. ૮

ॐ शान्तिः ३

૧૯૬૮. મહા સુદી ૭ નવસારી.

૯ मारी साथ नहि आवो.

કવ્વાલિ.

અમારી ધૂન છે જૂદી, અમારો માર્ગ છે વાંકો;
કઠિન છે માર્ગ ચડવાનો, અમારી સાથ નહિ આવો. ૧
ઘણી ઝાડી ઘણા કાંટા, ઘણાં કોતર વસે સિંહો;
વરૂનાં બહુ વસે ટોળાં, અમારી સાથ નહિ આવો. ૨
ઘણી પગશેરીઓ ઝાંખર, ઘણાં રીંચ્છો ઘણા સૂકર;
ઉગ્યાં છે કંટક વૃક્ષો, અમારી સાથ નહિ આવો. ૩
ઘણી લૂ વાય છે વહેતાં, ઘણા તાપો ઘણી તાઢો;
પિપાસા ભૂખના ભડકા, અમારી સાથ નહિ આવો. ૪
અઘોરી લોકનાં ટોળાં, પડે પાછળ ઘણો ભય જ્યાં;
ભયંકર મેઘ ગાજે છે, અમારી સાથ નહિ આવો. ૫
અમારા આશયો સર્વે, હજી સમજાય નહિ પૂરા;
અગમનો ભેદ લીધાવણુ, અમારી સાથ નહિ આવો. ૬
અમારી આંખથી જોતાં, અધિકારી નથી પૂરા;
"બુદ્ધ્યબ્ધિ" બોધિની પ્રાપ્તિ, થતાં સાથે રહી ચલશો. ૭

ॐ शान्तिः ३

हिंदना नामदार शहेनशाह पांचमा ज्योर्जना राज्याभिषेक प्रसंगनुं यशोगान.

કવ્વાલિ.

સદા નૃપ જ્યોર્જ જગમાંહિ, દયાનાં બહુ કરો કાર્યો;
પ્રજાપર પ્રેમ રાખીને, દીપાવો શહેનશાહીને. ૧
ગરીબોનાં હૃદય લ્હુશો, ગરીબોનાં હરો દુઃખો;
નિહાળી ઐક્યદૃષ્ટિથી, દીપાવો શહેનશાહીને. ૨
કરો પરમાર્થનાં કાર્યો, હૃદયમાં સામ્યને ધારી;
વધારી સૃષ્ટિમાં શાન્તિ, દીપાવો શહેનશાહીને. ૩

ભલામાં ભાગ લેવાને, જીવન સઘળું વહો નિર્મલ;
પ્રજાનાં દુઃખ છેદીને, દીપાવો શહેનશાહીને. ૪
સદા હો રાજ્યમાં શાન્તિ, પ્રજામાંહિ રહો શાન્તિ;
દયાના મેઘ વર્ષાવી, દીપાવો શહેનશાહીને. ૫
પ્રજાથી શોભતો રાજા, ઉડુગણમાં થયા ચન્દ્રજ;
પ્રજાપર રહેમ રાખીને, દીપાવો શહેનશાહીને. ૬
સદા સદ્‌ગુણથી શોભો, તમારૂં દીલ દુનિયામાં;
પશુ પંખી બચાવીને, દીપાવો શહેનશાહીને. ૭
સકલને ન્યાય છે સરખો, મનુષ્યોનું કરો રક્ષણ;
પ્રતાપી પુણ્યના યોગે, દીપાવો શહેનશાહીને. ૮
સકલ ભારતતણા લોકો, સફરમાં શાન્તિને ઇચ્છે,
" બુદ્ધયબ્ધિ " ધર્મના લાભે, દીપાવો શહેનશાહીને. ૯

ॐ शान्तिः ३

हृदयमां बहु दया आवे.

કવ્વાલિ.

નિહાળું બહુ ગરીબોને, તનુ દુઃખે રૂવે ભારી;
ઘણા અંધા ઘણા લુલા, હૃદયમાં બહુ દયા આવે. ૧
દુકાળે પીડિયા ભારી, ઘણા લોકો ભમે જ્યાં ત્યાં;
રૂદન કરતા નિહાળીને, હૃદયમાં બહુ દયા આવે. ૨
ફરે કંગાળનાં ટોળાં, મળે નહિ નોકરી ધંધો;
ફરે છે હાય! હા! બોલી, હૃદયમાં બહુ દયા આવે. ૩
પડેલાં ધૂળમાં બાળો, ગરીબોનાં રડે છે બહુ;
ઘણાં વેચાય છે બાળક, હૃદયમાં બહુ દયા આવે. ૪
નથી પહેરણ નથી બંડી, નથી ધોતર નથી ટોપી;
કડાકા ભૂખના વેઠે, હૃદયમાં બહુ દયા આવે. ૫
નથી આધાર ઘર વનનો, નથી ધન કે નથી વિદ્યા;

નથી સત્તા ગરીબોને, હૃદયમાં બહુ દયા આવે.
નથી વિદ્યા નથી આશ્રય, સહે છે દુઃખનો અગ્નિ;
ખરેલાં અશ્રુઓ દેખી, હૃદયમાં બહુ દયા આવે. ૭
જણાતું દુગ્ધ નહિ સ્વપ્ને, મળે નહિ સ્વપ્નમાં લાડુ;
પડ્યાપર પાટુઓ પડતી, હૃદયમાં બહુ દયા આવે. ૮
હૃદયદ્રાવક વદે બોલો, ઘણી આજીજીઓ કરતા;
ગરીબોને નિહાળ્યાથી, હૃદયમાં, બહુ દયા આવે. ૯
બને બેલી ગરીબોનો, સુધારે શક્તિયોથી તે;
દયાળુ સત્ય જગમાંહિ, અમારા ધર્મનો સેવક. ૧૦
અમારી શક્તિથી બનતું, કરીશું ને કરાવીશું;
ક્રિયાયોગે કરી સેવા, "બુદ્ધચબ્ધિ" મંગલો વરશું. ૧૧

ॐ शान्तिः ३

અગારશી. માગશર વદી ૧૩ ૧૯૫૮.

विचारी लो स्वयं केवा.

કવ્વાલિ.

ખરીદી સમ ધરો પ્રેમ, ખરો શો પ્રેમ સમજો ના;
ભમાવો ચિત્ત ક્ષણુ ક્ષણુમાં, વિચારી લો સ્વયં કેવા. ૧
કરો નહિ ત્યાગ વા દાનજ, ભમો છો ભૂતની પેઠે;
કરો ઈચ્છા ગમે તેવી, વિચારી લો સ્વયં કેવા. ૨
ધરો છો સ્વાર્થ સંબંધો, નથી કહેણી સમી રહેણી;
ગુણો છોડી ગ્રહો દોષો, વિચારી લો સ્વયં કેવા. ૩
શરીરે ત્યાગીનો વેષજ, હૃદયમાં રાગની વૃત્તિ;
બહિર્ અન્તર પડે ભેદજ, વિચારી લો સ્વયં કેવા. ૪
કરો અજ્ઞાનથી ઉંધુ, બનાવો શત્રુઓ હાથે;
કરો નિન્દા ગમે તેની, વિચારી લો સ્વયં કેવા. ૫
મફતનો માલ ખાઇને, કરો ઉપકાર નહિ કિંચિત્;

રજો ગુણુમાં રહો રાચી, વિચારી લો સ્વયં કેવા. ૬
કરો તે કીર્તિ આશાએ, વિષય હોળી બળે મનમાં;
અદેખાઇ હૃદયમાં બહુ, વિચારી લો સ્વયં કેવા. ૭
અવરની ઉન્નતિ દેખી, ભભુકે આંખમાં અગ્નિ;
કરો છો કાર્ય દુર્જનનાં, વિચારી લો સ્વયં કેવા. ૮
કરો વિશ્વાસીનો ઘાતજ, કરો છો મિત્રનો દ્રોહજ;
સરલને છેતરો છો બહુ, વિચારી લો સ્વયં કેવા. ૯
અભિમાનજ કરો મિથ્યા, વિચારો શેખશલ્લીવત્;
હઠીલાઇ ધરો ગાંડી, વિચારી લો સ્વયં કેવા. ૧૦
અમારૂં સર્વ છે સારૂં, અવરનું સર્વ છે ખોટું;
કદાગ્રહ ચિત્તમાં ભારે, વિચારી લો સ્વયં કેવા. ૧૧
નથી આચારમાં ઉત્તમ, જરા ના ધર્મની પરવા;
કરો છો ચિત્તમાં આવ્યું, વિચારી લો સ્વયં કેવા. ૧૨
બની ઉદ્ધત કરો ભૂંડું, અવિચારી અનાચારી;
ગુરૂઓની કરો નિન્દા, વિચારી લો સ્વયં કેવા. ૧૩
ગુણો લેવા નથી ઇચ્છા, નથી વાચન સુશાસ્ત્રોનું;
સુણો નહિ સન્તની વાણી, વિચારી લો સ્વયં કેવા. ૧૪
સમય ગાળો નિરર્થક બહુ, સ્વપરની ઉન્નતિ ના કંઇ;
નથી પરમાર્થની વૃત્તિ, વિચારી લો સ્વયં કેવા. ૧૫
નથી શ્રદ્ધા ગુરૂની ચિત્ત, કર્યો ઉપકાર વાણીમાં,
કરો ઉપકારપર અપકાર, વિચારી લો સ્વયં કેવા. ૧૬
બનીને સ્વાર્થનાં ગીધો, અવરનાં ચિત્ત ચૂસો છો;
અવરને આળ દ્યો કૂડાં, વિચારી લો સ્વયં કેવા. ૧૭
ધરી કેદારનું કંકણ, બિલાડીસમ કરો ભક્તિ;
હૃદયમાં દોષની પોઠી, વિચારી લો સ્વયં કેવા. ૧૮
ઉપરથી ધર્મીનો ડોળજ, ગયા ના દોષ અન્તરના,
ગમે તેવું ધરાવો નામ, વિચારી લો સ્વયં કેવા. ૧૯
ફસાશે ફન્દમાં અજ્ઞો, જણાશે અન્તમાં સાચું;
કરો છો પુણ્ય કે પાપજ, વિચારી લો સ્વયં કેવા. ૨૦

કરો તે ચિત્તથી ના શુભ, વિચારો તે સ્વયં જાણો;
"બુદ્ધચબ્ધિ" સત્ય દૃષ્ટિથી, વિચારી લો સ્વયં કેવા. ૨૧

ૐ શાન્તિઃ ૩

स्वकार्य सेवा.

કવ્વાલિ.

અમારા શીર્ષપર આવ્યાં, થવાનાં જે અમારા હાથ;
અધિકારે કરીશું તે, સકલ પરમાર્થનાં કાર્યો. ૧
કર્યાવણ છૂટકો ના લેશ, કર્યાથી હાન પણ ના લેશ;
સ્વપરને લાભ જેમાં બહુ, ભલાં પરમાર્થનાં કાર્યો. ૨
વિચારો બીજ કાર્યોના, વિચારોથી બને છે કાર્ય;
વિચારોના અનુસારે, સદા શુભ કાર્ય કરવાનાં. ૩
વિચારો શુભ જે કીધા, કદિ ના જાય નિષ્ફલ તે;
વિચારો ઉચ્ચ વેગેથી, કરીને કાર્ય સાધીશું. ૪
રચાતું ચિત્તમાં કાર્યજ, પ્રથમતો સૂક્ષ્મરૂપે તે;
બહિર્ સામગ્રીના યોગે, બહિર્માં દૃશ્ય થાતું તે. ૫
વિચારો એક બાબતપર, વહાવી બહુ વખત સુધી;
કરીને સ્થિર દૃઢ નિશ્ચય, કરીશું કાર્ય ધારેલું. ૬
અધુરૂં કાર્ય આ ભવમાં, રહે જે યોગશુદ્ધિનું;
કરીશું પૂર્ણ તે ભવમાં, પરિપૂર્ણજ થશે સિદ્ધિ. ૭
અમારો યોગ સાધીશું, પ્રતિક્ષણ વૃદ્ધિ છે તેની;
"બુદ્ધચબ્ધિ" પ્રેમ લાવીને, રસિકતા ધર્મમાં ધરશું. ૮

ૐ શાન્તિઃ ૩

અમલસાડ.

बोलेली वाणी.

કવ્વાલિ.

અવિચારે બની ક્રોધી, હૃદયમાં માર મારેલો;
મલંપટ્ટા કરો તોપણ, વચનના ઘા નહીં રૂઝે. ૧
ખરેખર ક્રોધના ઝેરે, વચનનાં બાણ રંગેલાં;

હૃદયને વિંધતાં ભારી, સમાવ્યાં પણ સમે ના તે. ૨
બનીને સર્પ સમજિંહ્વા, જનોને ડંખતી ક્રોધે;
જનોના પ્રાણુને હરતી, થએલી મસ્ત બેભાની. ૩
વહાયું નહીં જતું પાછું, જનોના ચિત્તમાં પેસે;
સ્વકીયબીજ સંસ્કારો, ઉગીને કલેશફળ આપે. ૪
વચનનું બાણ ફેંકેલું, કદિ પાછું નથી વળતું;
હૃદયનું લક્ષ્ય વિંધે છે, પછી પસ્તાય વદનારો. ૫
વચનનાં બાણ ઝેરીલાં, જગત્‌માં દુઃખ ફેલાવે;
વદાઇ મર્મની વાણી, પ્રતિકૂલને જણાવે છે. ૬
નિયમ આઘાત પ્રત્યાઘાત, વદેલા શબ્દમાં રહેતો;
વસે હાંસી વિષે ફાંસી, સુવાણીમાં વસે અમૃત. ૭
ભલા છે સન્ત ગારૂડી, ચઢેલા ઝેરને હરતા;
"બુદ્ધયબ્ધિ" વાક્‌સમિતિથી, બને જિંહ્વા સદા સુખકર.

ૐ शान्तिः ३

સંવત ૧૯૬૮ ના પોસ વદ ૧૧.

प्रामाणिकता.

કવ્વાલિ.

પ્રમાણિકતા વિના માનવ, કદિ ના શ્રેષ્ઠ બનવાનો,
પ્રમાણિકતા પ્રભુ જેવી, સકલ વિશ્વાસનું બીજ જ. ૧
પ્રમાણિકતા ખરી નીતિ, પ્રમાણિકતા ખરી રીતિ;
બહુ બોલે વળે ના કંઇ, પ્રમાણિકતા વિના કયાં ધર્મ. ૨
ફરી જાવે વદીને ઝટ, હૃદય વિશ્વાસઘાતી જે,
ગુમાવ્યો ધર્મ પોતાનો, રહ્યો નીતિથકી દૂરજ. ૩
રચ્યો નીતિથકી પાયો, પડે નહિ ધર્મનો તે મહેલ;
કથ્યું આચારમાં મૂકી, પ્રમાણિકતા ધરે ઉત્તમ. ૪
પ્રમાણિકતા ગઈ તો સહુ, ગયું બાકી રહ્યું ના કંઈ;

પ્રમાણિકતા વિના માનવ, પશુ પંખીથકી હલકો. ૫
પ્રમાણિકતા થકી વર્તે, ખરો તે પૂજ્ય માનવ છે;
પ્રભુનો ધર્મ તે પામે, ગુણોથી સર્વ પૂજાતા. ૬
પ્રથમ દુઃખજ પછીથી સુખ, અનુભવથી કહ્યું એવું;
સદા તેના શિરે ભાનુ, કદાપિ અસ્ત નહિ થાતો. ૭
વિના સત્તા વિના લક્ષ્મી, પ્રમાણિક છે સદા શ્રેષ્ટજ;
"બુદ્ધચબ્ધિ" ધર્મનો પાયો, પ્રમાણિકતા ગ્રહી મનમાં. ૮

ॐ शान्तिः ३

સંવત ૧૯૬૮ ના પોશ વદી ૪.

બગવાડા.

क्रिया.

કવ્વાલિ.

તજી આલસ સજી ઉત્તમ, વિચારો કૃત્ય કરવું શું ?
ધરી ઉત્સાહ જાગ્રત્ થઇ, કરો કાર્યો ભલાઈનાં. ૧
ક્રિયા વણુ ક્ષણુ નથી જાતી, નકામા બેસવાથી શું ?
કરી વૃત્તિ ક્રિયા સમ્મુખ, કરો કાર્યો ભલાઈનાં. ૨
અહંતા વણુ કરે કાર્યો, વિબુધો કામના છોડી,
અહંતાથી કરે કાર્યો, પ્રતિકૂલ સ્વાર્થથી અજ્ઞો. ૩
અધિકારે ક્રિયાઓમાં, અધિકારજ મનુષ્યોનો;
ક્રિયાઓ ધર્મની કરવા, તપાસી લે અધિકારજ. ૪
અચલ શ્રદ્ધા અચલ ધૈર્ય, ક્રિયાઓ ધર્મની કરવી;
અભય અદ્વેષ નિઃખેદે, ક્રિયાઓ ધર્મની ફળતી. ૫
પડેશિરપર અચાનક જે, બજાવી લે ભલી રીતે;
જણાવે જ્ઞાન સહુ ફરજો, વિવેકે કૃત્ય તરતમતા. ૬
ભરી પગલાં સુકૃત્યોમાં શિખવવો પાઠ અન્યોને,
સદાચાર પ્રવાહો સહુ, વહે છે સન્તગિરિયોથી. ૭

નિયમસર કાર્ય કરવાથી, ક્રિયાયોગીપણું મળતું,
'બુદ્ધયબ્ધિ' સર્વ અધિકારે, ક્રિયાઓ ધર્મની જ્ઞાને. ૮

સંવત્ ૧૯૬૮ ના પોસ વદ ૧૧.

ૐ શાન્તિઃ ૩

વલસાડ.

आत्मधर्मकार्यनीउन्नतिनी दिशा.

કવ્વાલિ.

ત્વરિત જાગ્રત્ થઇને ઉઠ, તપાસી લે અધિકારજ,
વિજય નિજ કાર્યમાં ધારી, સદા મંડયો રહે તેમાં. ૧
વિપત્તિનાં ચઢે વાદળ, તથાપિ કાર્ય નહિ તજજે;
પ્રભુ મહાવીરનું ચિત્રજ, હૃદયપટમાં ખડું કરજે ? ૨
ઉપાધિની કસોટીમાં, સદા સુવર્ણવત્ રહીને;
સદા આગળ વહ્યા કરવું, ફરી પાછળ નહીં જોવું. ૩
અરે ! ચોદિશ ઉપસર્ગો, નિહાળીને જરા ના બ્હી,
ધરીને આત્મની શ્રદ્ધા, મુસાફર ચાલજે આગળ. ૪
ખરેખર આત્મશક્તિથી, વિપત્તિહિમ પીગળશે;
પ્રતિક્ષણુ કાર્યમાં આગળ, ભરી પગલું અડગ રહેજે. ૫
વિજય ભાવી થશે નિશ્ચય, હૃદયમાં ધારજે નક્કી,
પ્રતિક્ષણુ કાર્ય થાવાનું, થતું અન્તે પરિપૂર્ણજ. ૬
વિચારીને હૃદય ધરજે, વહે આગળ વહે આગળ;
પ્રમાદી તું કદિ બન નહિ, પ્રમાદો આવતા હરજે. ૭
વિવેકે ચાલજે આગળ, પરિણામજ ભલું અન્તે;
અરે ચેતન ! બની જા શૂર, વિજય મેદાનમાં મળશે. ૮
રચી ચોપાસમાં સાધન, સતત ઉત્સાહને ટેકે,
"બુદ્ધયબ્ધિ" કાર્યની સિદ્ધિ, ખરી અન્તેજ દેખાશે. ૯

ૐ શાન્તિઃ ૩

વલસાડ પોસ વદી ૧૦ ૧૯૬૮.

स्वकार्य प्रवृत्ति.

કવ્વાલિ.

અનાસક્તિ ધરી અન્તર્, ધરી ધીરજ થઇ નિશ્ચલ;
નિયમસર કાર્ય કરવાની, પ્રવૃત્તિ રાખ પોતાની.
નિયમસર કાર્ય કરવાથી, વધે શક્તિ થતાં કાર્યો,
થતી સંકલ્પની સિદ્ધિ, પ્રમાણિકતા હૃદય પ્રકટે.
અનુક્રમ કાર્ય અભ્યાસે, ક્રિયાયોગી બને માનવ;
અનુભવ આવશે તેનો, ધરી શ્રદ્ધા પ્રવૃત્તિ કર.
થશે આલસ્યનું સ્વપ્નું, ઘણા વિક્ષેપ ટળવાના;
સદા તું શક્તિ અનુસારે, પ્રવૃત્તિ યોગને આદર.
કરીશ નહિ શક્તિની બાહિર, ગમે તે ધર્મનું કાર્યજ;
લઈ શાન્તિ પુનઃ કરવું, ઉતાવળ ખૂબ નહિ કરવી.
પ્રતિદિન શક્તિની વૃદ્ધિ, ક્રિયાઓ ધર્મની ફળશે;
અધિકારજ સફળ કરવો, કરીને કાર્ય શિર આવ્યાં.
કુકાર્યોથી નિવૃત્તિ કર, સુકાર્યોમાં પ્રવૃત્તિ કર;
સુકાર્યોની ફરજ ત્હારી, વિવેકે ધર્મને આદર.
ખરી નીતિ પ્રમાણિકતા, પ્રથમ પાયો ઉદયનો એ;
"બુદ્ધચબ્ધિ" ઝટ બની બ્હાદુર, સવેળા કાર્ય કર ત્હારૂં.

ૐ શાન્તિઃ ૩

પોશ વદી ૧૦ ઉત્તરાયણ. ૧૯૬૮
મુ. વલસાડ.

આગળ ચાલ?

કવ્વાલિ.

ઘણા ગ્રન્થો વિચારીને, હૃદયમાં સાર ખેંચીલે;
બની ગંભીર સાગરવત્, વિવેકે ચાલજે આગળ.
રહીને આત્મના સમ્મુખ, કરી લે ચિત્ત નિર્મલતા;
કરી પરિણામની શુદ્ધિ, વિવેકે ચાલજે આગળ.

થઈ નિર્ભય સમર્પણ કર, પ્રભુને ચિત્તનું સઘળું;
નિરાશી શુદ્ધ પ્રેમી થઈ, વિવેકે ચાલજે આગળ. ૩
થઈને સાવધાન જ ઝટ, સ્મરણ કર કાર્ય શું કરવું;
જરાપણ ભૂલ નહિ કરતાં, વિવેકે ચાલજે આગળ. ૪
રહ્યું જીવન કરીલે શુદ્ધ, ગયું તે આવતું નહિ ફેર;
ધરી સાત્વિક બુદ્ધિને, વિવેકે ચાલજે આગળ. ૫
ઉદય આવ્યું સહી લે દુઃખ, થઇને મરજીવો સુખવર;
અહંતાનો કરી સંન્યાસ, વિવેકે ચાલજે આગળ. ૬
અધીરાઇ ધરીશ નહિ તું, ગમે તે દુનિયા બોલે;
હૃદયની સાક્ષી લેઇને, વિવેકે ચાલજે આગળ. ૭
તજીને બાહ્યની આશા, અધિકારે કરી લે કાર્ય;
“ બુદ્ધ્યબ્ધિ ” ભાવ લાવીને, વિવેકે ચાલજે આગળ. ૮

ૐ શાન્તિઃ ૩

સં. ૧૯૬૮ પોશ વદિ ૧૧.
મુ. વલસાડ.

करे जा कार्य तुं त्हारुं ?

કવ્વાલિ.

વિવેકે પૂર્ણ અવલોકી, કરી નિશ્ચય થશે તેનો;
સકલ સામગ્રીના યોગે, કરે જા કાર્ય તું ત્હારૂં. ૧
કરે ટીકા ઘણા લોકો, કરે હાંસી પડે વિઘ્નો;
ધરીને આત્મની શ્રદ્ધા, કરે જા કાર્ય તું ત્હારૂં. ૨
ટળે ઉત્સાહ એવા બહુ, સુણીને બોલ અન્યોના;
જરા નહિ ચિત્ત ગભરાતો, કરે જા કાર્ય તું ત્હારૂં. ૩
પ્રથમ સામા થશે લોકો, પછીથી સર્વ અનુસરશે;
ચરિત્રજ વીરનું વાંચી, કરે જા કાર્ય તું ત્હારૂં. ૪
વિજયનાં ચિહ્ન દેખાશે, વિપત્તિયો થશે દૂરે;
કઠિન પૂર્વે પછી સહેલું, કરે જા કાર્ય તું ત્હારૂં. ૫

સદા આત્મોન્નતિ માટે, સહન કર તાઢ ને તડકો;
કરૂણા સૃષ્ટિપર લાવી, કરે જા કાર્ય તું ત્હારૂં. ૬
સતત ઉદ્યોગ સાહસથી, મળે છે દૈવી શક્તિયો;
જગત્ ઉદ્ધાર કરવાનું, કરે જા કાર્ય તું ત્હારૂં. ૭
ઘણા ભવ સંસ્કારોથી, થશે અભ્યાસની પૂર્તિ;
"બુદ્ધ્યબ્ધિ" ભાવ લાવીને, કરે જા કાર્ય તું ત્હારૂં. ૮

ૐ શાન્તિઃ ૩

૧૯૬૮ વલસાડ પોશ વદિ ૧૪.

अनुभव आवशे साचो.

કવ્વાલિ.

કરી એકાગ્ર મન સત્વર, અધુરા યોગને તું સાધ ?
સદા અભ્યાસ કરવાથી, અનુભવ આવશે સાચો. ૧
ઉપાધિયો કરીને દૂર, રહી એકાન્તમાં યોગે;
થઇ તન્મય વહી આગળ, સદા સ્થિર રાખ ત્યાં મનડું. ૨
ઉતર ઝટ આત્મમાં ઉંડો, પ્રભુના માર્ગમાં ચાલી;
થશે જો વાસનાઓ દૂર, અનુભવ આવશે સાચો. ૩
પરોક્ષે પણ પ્રતીતિ દૃઢ, વહે આનન્દની ધારા;
વિલય વિક્ષેપનો થાતાં, અનુભવ આવશે સાચો. ૪
ખરેખર પ્રેમની લગની, સદા લાગી રહે ઉત્તમ;
ઉતરવાથી ઘણું ઉંડું, અનુભવ આવશે સાચો. ૫
બહુ યોગિક ગ્રન્થોનો, અનુભવ લઇ ગુરૂગમથી;
સ્થિરાસન ચિત્ત કરવાથી, અનુભવ આવશે સાચો. ૬
અનાશ્રિત કાર્ય કરવાનો, સતત અભ્યાસ ઝટ આદર;
થતાં સંકલ્પનો ત્યાગજ, અનુભવ આવશે સાચો. ૭
ઘણી શ્રદ્ધા ઘણી ભક્તિ, દયા ગંગાવિષે ન્હાતાં;
"બુદ્ધ્યબ્ધિ" ધ્યાન અભ્યાસે, અનુભવ આવશે સાચો. ૮

ૐ શાન્તિઃ ૩

૧૯૬૮ વલસાડ પોશ વદી ૧૨.

दुःखमा धैर्यवृत्तिनो उपदेश.

કવ્વાલિ.

ગમે તેવી વિપત્તિમાં, અચલ થા ધૈર્યને ધારી;
પડે દુઃખો ભલામાટે, ગણી મહોત્સવ સરલ સહવાં. ૧
અનુભવ દે સકલ દુઃખો, હવેથી પાપ તું નહિ કર;
અનીતિથી હઠી પાછો, ગુણો લેવા પ્રવૃત્તિ કર ? ૨
પઢાવી પાઠ શિક્ષાનો, પડયાં દુઃખો ટળી જાતાં;
સહજ સુખ માર્ગવાળીને, કરાવે સુખનો પ્રેમજ. ૩
પડે છે તાપ વૃષ્ટિ હેત, પડે છે દુઃખ સુખમાટે;
રહસ્યજ જાણતો જ્ઞાની, જરા અકળાય ના મનમાં. ૪
ચુકવતો હર્ષથી દેવું, સકલ પ્રારબ્ધ વેદીને;
નવું પ્રારબ્ધ નહિ રચતો, સદા સમભાવથી જ્ઞાની. ૫
શુભાશુભભોગપ્રારબ્ધે, થઇ નિષ્કામ ભોગવતો;
હૃદયમાં એમ અવબોધી, સુધારીલે જીવન ત્હારૂં. ૬
અતિચારો થતા તું વાર, ધરી ઉત્સાહ થઇ શૂરો;
ધરીને ચિત્ત નિર્મલતા, ઉદયમાં શક્તિને વાપર. ? ૭
રહી અન્તરથકી નિસ્સંગ, બની સાક્ષી કર્યા કર ધર્મ;
"બુદ્ધચબ્ધિ" બોધિની પ્રાપ્તિ, સુઝે આગળ રહ્યું જે જે. ૮

ॐ शान्तिः ३

નવસારી માઘ સુદિ ૮. ૧૯૬૮

समभावि-शाए कार्य प्रवृत्ति.

કવ્વાલિ.

ગમે તેવા પ્રસંગોમાં, લઈ સમભાવનો રસ્તો;
સહ્યું તે નહિ સહ્યું માની, મુસાફર ચાલજે આગળ. ૧
ભૂલી જા ભૂતનાં નાટક, હૃદયપટમાં ખડું કર શુભ;
હૃદય વ્યાપક બનાવીને, હૃદયની ઉચ્ચતા કર ઝટ. ૨

જગત્માં વાવ શુભ બીજો, ગમે તેના ભલા માટે;
અનાશ્રિત થઇ કરે જા કાર્ય, બની પરમાર્થનો સેવક. ૩
જગત્‌ને સ્વર્ગ સમ કરવા, મદદ કર આત્મશક્તિથી;
ભલામાટે મહન્તોની, વિભૂતિયો મળી જે જે. ૪
જગત્‌નો ભાર સન્તોપર, જગત્‌ના સ્તંભ છે સન્તો;
ઉપાધિયો સહીને સન્ત, જગત્‌નાં પાપ ધુવે છે. ૫
કરે તેની થતી ટીકા, કરે તેને કહે છે સહુ;
કરે તેને પડે વિઘ્નો, કરે તે જન વહે આગળ. ૬
કરે તે તો ગણું કંઇ, કરે છે કાર્ય તન તોડી;
કરે છે કાર્યની સિદ્ધિ, ક્રિયાયોગે બની યોગી. ૭
સદા આગમ અનુસારે, વદ્યાથી કર્મ ક્ષય થાશે;
"બુદ્ધ્યબ્ધિ" ભાવ લાવીને, ગુણોને વ્યક્ત કરવાના. ૮

ॐ शान्तिः ३

નવસારી માહ સુદિ ૮. ૧૯૬૮

आत्मशक्ति खीलव.

કવ્વાલિ.

મળી છે જન્મથી શક્તિ, તનુ વાણી અને મનની;
ખીલવ તું બહુ ઉપાયોથી, મળેલી શક્તિયોને ઝટ. ૧
ખરૂં તે જન્મથી સાથે, સકલ સાધનવિષે શ્રેષ્ઠજ;
બહિર્ અન્તર ખરૂં છે પાસ, અનુભવથી થશે નિશ્ચય. ૨
ગમે ત્યાં જાય પણ સાથે, ત્રિયોગિક વિત્તને વાપર.
અસદ્ ઉપયોગ નહિ કરવો, સદા ઉપયોગ સારામાં. ૩
મળ્યું તેનું નથી મૂલ્યજ, મળ્યું તે ઉચ્ચ થાવાને;
કરે કિમ્મત મતિ માને, ખરૂં જોતાં નથી પારજ. ૪
સુધારી ચિત્તવાણીકાય, થવું આગળ ભલામાટે;
ખીલવવી આત્મશક્તિયો, ખરૂં એ યોગીનું સાધ્યજ. ૫

કયા ત્રિયોગથી દોષો, હવેથી ભૂલ નહિ ખાવી;
વિવેકે જાણીને સઘળું, હવેથી શુદ્ધ થા ચેતન ! ૬
વિસારી દે કર્યાં ખોટાં, હવે તું કાર્ય કર ધોળાં;
સ્ફુરાવી શક્તિ થા શુદ્ધજ, સદા ધર સાધ્યમાં લક્ષ્યજ. ૭
ભૂલ્યા ત્યાંથી ફરી ગણવું, ખીલવવી શકિતયો સઘળી;
"બુદ્ધયબ્ધિ" યોગ અભ્યાસે, ઉદય છે આત્મનો નક્કી. ૮

ૐ शान्तिः ३

૧૯૬૮ પોશ વદિ ૯.

कार्य संकल्प दिशा.

કવ્વાલિ.

ડરીશ નહિ કાર્ય કરવાથી, હઠીશ નહિ મૂર્ખ લોકોથી;
પડીશ નહિ ઉચ્ચ શ્રેણિથી, સદા સંભાળ પોતાનું. ૧
ચીવટ રાખી કરે જો કાર્ય, બનાવ્યું સહુ બને યત્ને;
ઉપાસક કાર્યનો થઇને, વિજય વરમાળને તું વર. ૨
ગમે તેમાં કરાતો માર્ગ, થતી ઇચ્છા પડે ત્યાં માર્ગ;
કઠિન પૂર્વે પછી સહેલું, અધિકારી પરત્વે કાર્ય. ૩
પ્રવૃત્તિમય વહે જીવન, બહિર્ અન્તર બને છે કાર્ય;
રૂપાન્તર કાર્ય ક્ષણ ક્ષણમાં, અનુભવ પામવો દુર્લભ, ૪
સકળનું કાર્ય ના સરખું, સકળનું કાર્ય છે સરખું;
વદું અધ્યાત્મ દૃષ્ટિથી, વિચારી કાર્ય કર્તા થા. ૫
પડે છે ભાવનાનો રસ, ક્રિયા અમૃત કથાતી તે;
ઘણો આનન્દ ભોગવવો, અનુભવમાં ગ્રહે જ્ઞાની. ૬
ક્રિયાને કાર્ય કર્તાનું, થતાં ઝટ ઐક્ય આનન્દરસ;
નિહાળી આત્મમાં સઘળું, કર્યાકર કાર્ય તું ત્હારૂં. ૭
ક્રિયાથી બહુ થકવ મનને, વિકલ્પો સહુ સમી જાશે;
"બુદ્ધયબ્ધિ" ભાન ઝટ થાશે, વિકલ્પાતીત ઝાંખીનું.

ૐ शान्तिः ३

સુરત માહ સુદિ ૧૪ ૧૯૬૮.

भावी वाणी.

કવ્વાલિ.

અમારાં બીજ વાવેલાં, ફળી ફૂલી થશે વૃક્ષો;
ફળો બહુ લાગશે સુન્દર, ઘણા જન ચાખશે ભાવે. ૧
ફળોનો સ્વાદ લેઇને, પુનઃ જન વાવશે બીજો;
પરંપર બહુ ફળો થાશે, થશે ઉપકારની શ્રેણિ. ૨
બહુશ્રમ વાવતાં બીજો, વિપત્તિયો પડે શિરપર;
અનાદિથી થતું આવ્યું, મહન્તોનો સ્વભાવજ એ. ૩
રચે છે સૃષ્ટિ આગળની, જગત્‌ની ઉન્નતિ કરવા,
મનુષ્યોના ભલામાટે, મહન્તો સુવિચારોની. ૪
ચઢાવે ઉચ્ચ શ્રેણિપર, જીવોને જ્ઞાન આપીને,
બની નિઃસ્વાર્થ અન્તરથી, મહન્તોની ગતિ ન્યારી. ૫
ઘણાં દુઃખો સહીને પણ, ઉદયનાં બીજ વાવે છે;
અમારો માર્ગ વ્યવહારે, બન્યો ભાવી બની રહેશે. ૬
થશે કિમ્મત પછીથી બહુ, ખુશી થાશે ઘણા લોકો,
પ્રભુનો માર્ગ અનુસરશે, ગુણાનુરાગદૃષ્ટિથી. ૭
અધિકારજ અદા કરવો, કરી નિષ્કામથી કાર્યો,
"બુદ્ધચબ્ધિ" જ્ઞાનઆરીસો, નિરખવું રૂપ પોતાનું. ૮

ॐ शान्तिः ३

મહાસુદિ. ૧૦ સુરતબંદર. ૧૯૬૮.

प्रगति.

મંદાક્રાન્તા.

જૈનોએ તો પ્રગતિ કરવી, હાલનું કાર્ય એ છે;
શ્રદ્ધા ધારી પ્રતિદિન ખરી, નીતિનો માર્ગ લેવો.
છે સંસારે અધિ વિમલતા, નીતિ પન્થે વિચરતાં,
છે નીતિથી અધિ વિમલતા, ભક્તિ પન્થે વિચરતાં. ૧

ધારો નક્કી હૃદયઘટમાં, નીતિથી ભક્તિ સાચી;
રંગો નક્કી હૃદય પટને, પ્રેમભક્તિ વિચારે.
સાચાભાવે જિનવર પ્રભુ, જે ધરે દીલમાંહી;
તેનો નક્કી ઉદય પ્રકટે, નીતિભક્તિથકી તો. ૨
જૈનોનો ઝટ ઉદય બનશે, નીતિ ભક્તિ સુસંપે;
જાણો તેવણ કદિ નહિ બને, દેવતા કોટિ આવે.
જાગીને તો પ્રગતિ કરવી, યોગ્ય આચાર પાળી;
ધારી ધૈર્ય પ્રગતિ કરવી, સર્વ દુઃખો સહીને. ૩
ઉદ્યોગી થૈ સતત કરવાં, સર્વ સત્કાર્ય પ્રેમે;
શૂરા થૈને સકલ સહવું, સર્વ સત્કાર્ય પ્રેમે.
ઉંચી દૃષ્ટિ પ્રગતિપથમાં, ભાવ ગંભીર રાખો;
ધૈર્યે ચાલો ઉદયકિરણો, પાસમાં શીઘ્ર આવે. ૪
ન્હાના મોટા સકલ સરખા, સામ્યદૃષ્ટિથકી છે;
ન્હાના થૈને પ્રતિદિન કરો, ભક્તિસેવા જીવોની.
હું મ્હારૂં ના અનુભવ થતાં, ભાવ એવો બને છે;
વેગે વેગે શિવપથ વહો, પાપનાં કર્મ છેદી. ૫
જૈનો જ્યાં ત્યાં પ્રકટિત થશો, સ્વરૂ સમું વિશ્વ શાખો;
જે જે અંશે શુભ ગુણધરો, જૈન તે તેજ અંશે.
સમ્યક્ શ્રદ્ધા પરિણતિવડે, જૈનતા સર્વ પામો;
આશીર્વાદો સફલ બનશો, પાપના ઓઘ નાસો. ૬
વ્હેલી વ્હેલી પ્રગતિ કરશો સર્વ અગ્રે જવાને;
ધારો નક્કી વિજય કરમાં, ધર્મના તેજ યોગે.
ફૂલી મિથ્યા કદિ નહિ ફરો, મોહના બાગમાંહી;
આનન્દી થૈ પ્રગતિ કરવી, દુઃખને શર્મ માની. ૭
થાશે દૃહાડા સકલ સુખના, દુઃખના દિન જાશે,
આજ્ઞા સાચી જિનવરતણી, ધારતાં શુદ્ધભાવે;
વાક્યો બોલે બહુ થયું, હવે મૂકવું સત્ક્રિયામાં;
સત્કાર્યોની ફરજ ગણીને સેવજે આશ ત્યાગી. ૮
વાણી કાયા વશ કરી સદા, ચિત્તને વશ્ય રાખો,

જોશો મોટો વિજય મળશે, ગાજશે સત્ય જોરે;
ઇત્યાદી એ સતત વહશું, શુદ્ધ આનંદ લેવા,
બુદ્ધયબ્ધિની પ્રગતિજ થશે, આત્મના સદ્ગુણોથી. ૪

ૐ શાન્તિઃ ૩

૧૯૫૮. શ્રા. સુદિ. ૧૫ પાદરા.

शिष्य संबोध.

મંદાક્રાન્તા.

ઉંચો ઉંચો પ્રતિદિન ચઢી, ઠેઠ ઉંચે ચઢી જા,
આવી પાસે વિનય કરીને, જ્ઞાનને મેળવી જા.
ધીમે ધીમે ગમન કરીને, આત્મ ઉર્ધ્વ પ્રકાશે,
પ્રજ્ઞા ત્હારી બહુતર ખીલે, સદ્ગુરુ સંગવાસે. ૧
પ્રેમે પ્રેમે અતિતર મળી, શિષ્યનું હાર્દ લેજે,
શ્રદ્ધા ધારી અધિક વિમલા, ધારજે આત્મમાર્ગે;
સાંખી સાંખી સકલજનનું, સર્વનો સાર લેજે,
પેખી પેખી અનુભવવડે, પ્રેમથી પન્થ જોજે. ૨
કાયા વાણી મનથકી સદા, શુદ્ધ થૈને વિચરજે,
ધીમે ધીમે પ્રગતિ કરીને, મોહની શક્તિ હરજે;
બચ્ચા! ત્હારા હૃદય વિધુની, શાન્તતા ખીલવી લે,
આવી પ્રેમે ગુરુપદકને, ધર્મને મેળવી લે. ૩

ૐ શાન્તિઃ ૩

સંવત ૧૯૫૮ મહા સુદિ ૧૫.

पंखीने संबोधन.

મંદાક્રાન્તા.

પંખીડા તું સતત ઉડજે, મોક્ષના માર્ગમાંહી,
પાંખો ત્હારી ગગન ફરવા, પૂર્ણ ફફડાવ ચાહે

ઉંચો ઉંચો ગગન પથમાં, નિત્ય ચાલી જજે તું,
પાછું વાળી નિરખ ન કદિ દૃષ્ટિથી દેખ આગે. ૧

પૂંઠે દુષ્ટો ગ્રહણ કરવા, જાળ વાટે બિછાવી,
સંભાળીને વિચર પથમાં, દુષ્ટનો દાવ ટાળી;
નીચો નીચો ઉતર ન કદિ, ખૂબ ઉંચો ચઢી જા,
આછા અંશુ પ્રભુ ગુણતણાં, ભાસશે શીર્ષ ઉર્ધ્વે. ૨

જોતાં ઝાંખી અનુભવતણી, પૂર્ણ વિશ્વાસ ધારી,
ઉંચા માર્ગે ગમન કરવા, જાગશે પ્રેમધારા.
લોભાતો ના વિષય સુખમાં, સૌખ્ય સાચું જણાશે,
ઓ પ્રેમીડા! ગમન કરવું, ત્હારૂં છે સ્થાન ઉંચું. ૩

ત્હારા માટે સકલ રચના, સૂત્ર સિદ્ધાન્તની છે;
દેખી તેને વિચર પથમાં, ભક્તિને યોગથી તું.
આગે કેઈ ગગન પથમાં, કેઇ પૂંઠે વહે છે;
સાથે કેઈ ગગન પથમાં, સાર્થ ચાલે પ્રયત્ને. ૪

ત્હારા માર્ગે સુખદુઃખ રહ્યું, ખૂબ વિઘ્નો રહ્યાં છે;
શૂરો થૈ તું વિચર પથમાં, પૂર્ણ સિદ્ધિ થવાની.
મ્હારા વ્હાલા વિહગ વિચરો, સત્ય શિક્ષા કહ્યું છું;
સામગ્રી સૌ અહિં તુજ મળી, ઊડ ઉંચો મજાથી. ૫

આશારૂપી વિપથ તજીને, પંથ સીધો ગ્રહી લે,
જ્ઞાની પંખી! સમય સમજી, ચેતી લે દક્ષતાથી;
પૂર્ણાનન્દી સહજ રૂપથી શુદ્ધ ચૈતન્યસ્વામી,
"બુદ્ધ્યબ્ધિ" તું અનુભવ ગ્રહી, ચાલજે શુદ્ધ પન્થે. ૬

ૐ શાન્તિઃ ૩

પાદરા. ૧૯૬૮ શ્રાવણ વદિ ૧૧ સોમવાર.

चिन्तनीय.

મંદાક્રાન્તા.

જેના ચિત્તે સુખદુઃખ સમું, કીર્તિ આશા જરા ના,
જેના ચિત્તે સકલ સરખા, શત્રુને મિત્ર વૃન્દો;
જેના ચિત્તે અતિશય દયા, પ્રેમની શુદ્ધ ધારા,
તેવા ધીરા અમર જગમાં, સન્ત સાચા ભલા તે. ૧
જેઓ સાધે સુખમય, પરબ્રહ્મની સાધનાઓ,
જેઓ સેવે સુખમય સદા, વીરની વાણી હેતે;
સાચું બોલે દુઃખ બહુ સહી, નીતિમાં ધીરવીરા,
તેવા સન્તો જનની જણશો, ચિત્તમાં ભાવના એ. ૨
દુઃખો વેઠી પરતણું ભલું, નિત્ય જેઓ કરે છે,
આશાઓને પરિહરી સદા, કાર્ય જે આદરે છે;
લાભાલાભે સમ રહિ સદા, હર્ષને શોક ટાળે,
તેવા સન્તો જનની જણશો, શુદ્ધ ધર્માર્થ ભક્તો. ૩
જેના બોધે સહુ સુખ લહે, દુર્ગુણોને તજીને,
જેને દેખી જગગુણ લહે, જ્ઞાનની દૃષ્ટિ પામે;
જેના હસ્તો ગરીબ જનને, કલ્પવૃક્ષો સમા છે,
તેવા આર્યો જનના જણશો, શાન્તિ માર્ગે વહે જે. ૪
જેની કાયા વચન મનડું, એક રૂપે રહેલું,
જેના સંગે ગુણજ ઉપજે, દોષવૃન્દો ક્ષરે છે;
તેવા આર્યો જનની જણશો, વિશ્વમાં દેવ જેવા,
તેનો સંગ પ્રતિદિન મળો, મોક્ષનું દ્વાર તે છે. ૫
દુઃખો વેઠી પરસુખ કરે, સામ્યથી વિચરે જે,
ઉત્સાહી થૈ ગમન કરતા, મોક્ષના માર્ગમાંહી;
જેનો આર્યો મહીતલ વિષે, સર્વદા વૃદ્ધિ પામો,
"બુદ્ધયબ્ધિની" હૃદય રચના, સૃષ્ટિ રૂપે બનો એ. ૬

ॐ शान्तिः ३

સં. ૧૯૬૮ ફાગણ વદિ ૨. પાદરા.

વાસના.

મંદાક્રાન્તા.

બાહ્યેચ્છાઓ હૃદય ઉપજે, જ્ઞાનથી શાન્ત થાતી,
વારીયત્ને ટળી જઈ ફરી, વાસના ચિત્ત જાગે;
વારી વેગે ઉદય થઈને, વાસના દુઃખ આપે,
દાબેલી તે મનભૂમિ વિષે, હેતુથી ઉદ્ભવે છે. ૧

કામેચ્છાની સકલ ઘટના, બીજરૂપે રહે છે,
સામગ્રીનો સમય લહીને, ઉદયે તે વહે છે;
શૂરા સન્તો બહુ બળથકી, ખૂબ તેને હઠાવે,
દાબી દાબી બહુ ક્ષય કરે, બીજને બાળી નાંખે. ૨

કામેચ્છાનાં સકલ બીજકો, વેદ સંસ્કાર રૂપે,
તેમાં નક્કી પ્રકૃતિ મહિમા, મૂળ છે સર્વનું તે;
છેદે તેને ઉદય ન રહે, વેદ પુરૂષાદિ છેદો,
જ્ઞાને ધ્યાને ઉદય હઠશે, મોહનું જોર ભાગે. ૩

રે ! રે ! પ્રાણી ધીરજ ત્યજ ના, કામને દે હઠાવી,
જ્યારે ત્યારે સમજ સઘળું, કાર્ય આ સાધવાનું;
ત્હારી શક્તિ બહુજ વધશે, આવશે હાથ બાજી,
ધીમે ધીમે સકલ ટળશે, ચિત્તની વાસનાઓ. ૪

પૂર્વે મોટા મુનિવર થયા, માર્ગ આ સત્ય લીધો,
ચાલ્યો જા તું શિવપથવિષે, પૂર્ણ શ્રદ્ધા ધરીને;
જ્ઞાનધ્યાને શિવપથ વહી, પામવી સત્ય સિદ્ધિ,
"બુદ્ધ્યબ્ધિ" ની હૃદય સ્ફુરણા પ્રેમથી ઉચ્ચ થાતી. ૫

ૐ શાન્તિઃ ૩

સં. ૧૯૬૮ ફાગણવદિ. ૨. પાદરા.

अमारा छो अमारा छो.

કવ્વાલિ.

હૃદય સોંપી થઈ તન્મય, નથી ન્યારા પડે જો પ્રાણ;
અનુકૂલ ચિત્તથી રહેતા, અમારા છો અમારા છો. ૧
સમર્પણ પ્રેમથી સઘળું, હૃદય સાક્ષી બની બોલે;
અમારૂં નહિ તમારૂં નહિ, અમારા છો અમારા છો. ૨
હૃદય સંકલ્પ ઉઠે તે, પ્રતિભાસે સકલ ઘટમાં;
આશાતા શાતમાં સાથી, અમારા છો અમારા છો. ૩
કહિ છાનું રહે નહિ કંઇ, ગમે તે ચિત્તમાં આવ્યું;
અવિચલ પ્રેમના ધારક, અમારા છો અમારા છો. ૪
અલખ મસ્તાન આનન્દી, અમારા આશયો જાણો;
અમારા યોગના સાથી, અમારા છો અમારા છો. ૫
સદા ગંભીર સાગરવત્, હૃદયને વાણીનો ના ભેદ;
કરો નિષ્કામથી સઘળું, અમારા છો અમારા છો. ૬
મળે છે ચિત્તથી ચિત્તજ, મળે છે મેળ આચારે;
બહિર અન્તરતણું ઐકયજ, અમારા છો અમારા છો. ૭
અવિચલ પ્રેમ સાગરમાં, ભૂલાયું મ્હારૂં ને ત્હારૂં;
" બુદ્ધયબ્ધિ " સન્ત વ્હાલાઓ, અમારા છો અમારા છો.૮

ॐ शान्तिः ३

धर्म स्नेहांजलि.

કવ્વાલિ.

ગયો અમૃત તનુ છોડી......બન્યું એ કર્મના યોગે,
થયું ભાવી થવાનું તે, સ્મરણ થાતું ગુણોથી તુજ. ૧
ગુણાંકુર કેઇ પ્રકટયા થા, થયો ક્ષય વર્ષ એથી દેહ,
ઉપાયો બહુ કર્યા વૈદ્યે, ટળી ના ભાવિની રેખા. ૨
ચરણ પાળ્યું યથાશક્તિ, શુભાશાઓ હૃદયમાં રહી,

યુવાવસ્થાવિષે આહ્યો, મુસાફર ધર્મનો થઈને. ૩
કર્યું શુભ સાધ્યમાં લીધું, અવસ્થાન્તર થયું ત્હારૂં.
ખરી શાન્તિ ત્હને મળશો, થશો સારૂં સદા ત્હારૂં. ૪
ઘણું બાકી રહ્યું ત્હારૂં, વળે તેમાં હવે ના કંઈ.
સદા શાન્તિ રહો આશીઃ જયતૂમાં ધર્મ સંબન્ધે. ૫

ઓગણીશ અડસઠ સાલમાં, ને પોસ સુદિ તેરસદિને.
તું શરીર છોડી ચાલીયો રે, ભાવિરેખા નહિ ટળે,
જગ કેક આવ્યા કેક ચાલે, કર્મની ન્યારી ગતિ;
જગ ઘડી ઘડીના રંગ જુદા, કર્મથી ન્યારી મતિ. ૬
મુસાફર સૌ પ્રાણીઓછે, દેહ વસ્ત્રો છોડતા,
એ અવર તનુના વાસી થઈને, વેષ લેતા નવનવા;
જગ રડવું કોને શોક કોનો, ક્ષણિકતા સહુ દેહની;
એ નિત્ય ચેતન તે મરે નહિ, કર્મથી દેહો ધરે. ૭
તું આતમા ને આતમા હું, ઐકય બેનું ધર્મમાં,
એ વસ્તુ ધર્મે વસ્તુ છે સહુ, જાણતાં સમતા રહે.
શુભ જ્ઞાન દર્શન ચરણ સદ્ગુણ, નિત્ય તન્મય ભાવના,
જગ મોહટળતાં સત્ય શાન્તિ, પરમ સુખ છે આત્મમાં. ૮

ૐ શાન્તિઃ ૩

મુ. વાપી. પોસ સુદિ ૧૩ સા. ૧૯૬૮.

અન્તર દૃષ્ટિનો આલાપ.

મંદાક્રાન્તા.

જાણ્યું જોયું અનુભવ કર્યો, બાહ્યમાં દુઃખડાં છે,
શોધી અન્તર્ અનુભવ કર્યો, વાસના દુઃખ હેતું;
ઇચ્છાઓની પ્રબળ નદીએ, મૂઢ જીવો તણાતા,
અજ્ઞાને એ સકળ ઘટના, કર્મનો ખેલ એ છે. ૧
ટાળી ટાળી પુનરપિ થતી, મોહની વાસનાઓ,
તેની સાથે બહુ બહુ લડે, શાન્ત થાતી જણાતી;

પામી હેતુ ઉદય ઘટના, જીવને તે હરાવે,
જ્ઞાને ધ્યાને પુનરપિ લડે, શિઘ્ર તે ક્ષીણ થાવે. ૨
રાગદ્વેષે ભ્રમણ ભવનું, તે ટળે દુઃખનાસે,
એવા ભાવો હૃદય પ્રકટો, સર્વ સિદ્ધાંત કુંચી;
શુદ્ધ પ્રેમે પ્રથમ કરવી, સદ્‌ગુરૂ સેવનાને,
શ્રદ્ધા ભકિત પ્રતિદિન ભજી, સાધવી સાધનાઓ. ૩
ટાળી આધિ સકળ સહવી, વ્યાધિઓને ઉપાધિ,
પ્રારબ્ધોની સકળ ઘટના, જોઈ લેવી વિરાગે;
જે જે થાતું થયું વળી થશે, સર્વ પ્રારબ્ધ ખેલો,
લેવા શાન્તિ હૃદય થકી તું, ખેલજે ખેલ ન્યારા.
મ્હારૂં ત્હારૂં સકળ ભ્રમણા, મોહના ખેલ ખોટા,
ચેતો ચિત્તે અનુભવબળે, કર્મને દૂર કાઢો;
પામ્યો વેળા હઠ નહી હવે, શક્તિયો લે સ્ફુરાવી,
"બુદ્ધયબ્ધિ" તું વિચર પથમાં, શુદ્ધ સિદ્ધાન્ત યોગે. ૫

ૐ शान्तिः ३

સં. ૧૯૬૮ પાદરા. ફાગણ વદિ ૯.

प्रबोधन.

શિખરિણી છંદ.

અમારા વ્હાલા તું, નિશ દિન રહે જ્ઞાન પથમાં,
ટળો રોગો સર્વે, અનુભવ મળો આત્મઘરનો;
સદા ચેતી વ્હેજે, અરિજનથકી જોઈ સઘળું,
તજી આસક્તિને, સુપથ વહજે પ્રેમ ધરીને. ૧
ફસાતો ના કોથી; વિષય રસના વેગ વસમા,
પડે માથે જે જે, વહન કરજે સામ્ય ધરીને,
સદા આનન્દી થૈ, શુભમતિથકી કાર્ય કરવાં;
બની સાક્ષી સૌનો, નિજ ઘર રહી સત્ય ધરીને. ૨

ૐ शान्तिः ३

સં. ૧૯૬૮. ફાગણ વદિ ૯ પાદરા.

जैन प्रगति बोध.

મંદાક્રાંતા.

શૂરા જૈનો અનુભવ કરો, હાલ કેવા બન્યા છે.
જાગી જોશો પરિચય કરી, શક્તિ હીના બનો કયાં.
સદ્‍ગુણોથી પતિત થઇને, માતને ના લજાવો;
ધાવી પ્રેમે જનની સ્તનને, દુગ્ધનું નૂર રાખો. ૧
જે જૈનો થૈ ગુણ નહિ ધરે, જૈનનું નામ બોળે:
શ્રદ્ધા, ભક્તિ, વિનય તજીને, દુર્ગતિ માર્ગ ખોળે.
જૈનોનો તો ઉદય કરવા, શૂરવીરો મથે છે;
શાસ્ત્રાધારે પ્રગતિ પથમાં, બોલબોલી વહે છે. ૨
બોલ્યું પાળે બહુ ગુણ ધરે, ધર્મ આચાર ધીરા;
સાધર્મીને નયન નીરખી, ખૂબ આનંદ પામે,
તેવા સાચા જગતપ્રકટો, સર્વ જૈનો મઝાના;
છાકી નીચા કદિ નહિ થતા, આત્મવત્ સર્વ લેખી. ૩
ઓછા જૈનો પ્રતિદિન થતા, યોગ્ય કરવા ઉપાયો;
જૈનોની એ પ્રથમ કરણી, ભક્તિનું મૂળ એ છે.
ખાતાપીતા મન નહિ ધરે, જૈનની ભક્તિ કિંચિત્,
તે જૈનો ના શુભગુણથકી, નામથી જૈન શાના ? ૪
જ્ઞાનજ્યોતે પ્રતિદિન થતી, ઉચ્ચરે નીચ જાતો;
ઉંચી જાતો પ્રતિદિન થતી, સદ્‍ગુણોને ભજ્યાથી.
એવા ન્યાયો હૃદય ધરીને, જાગશો ધર્મિઓ સૌ.
આવી વેળા ફરી નહિ મળે, ઉચ્ચ થાવાતણી આ. ૫
થાવો ધર્મી શુભગુણધરી, ઉચ્ચ માર્ગે ચઢાશે;
પૂર્વાચાર્યો કથન કરતા, નીતિથી ધર્મ પામો.
માર્ગે ચાલી ઝટપટ હવે, વાર તો ના લગાડો;
"બુદ્ધ્યબ્ધિ" એ અનુભવ કરી, જાગીને સૌ જગાડો. ૬

ૐ शान्तिः ३

સંવત્ ૧૯૬૮ ફાગણ વદિ ૦)) પાદરા.

कार्यविवेक.

કવ્વાલિ.

સબળ જુસ્સો હૃદય લાવી, કરેજા કાર્ય મન ધાર્યું;
કર્યું કેવું તપાસીજો, થશે તે કાર્ય મન પ્યારૂં. ૧
ઘણું કરવું, ત્વરિત કરવું, પરિહર તાદૃશી વૃત્તિ;
મનોહર સ્વચ્છ કરવાનું, ગ્રહેલું કાર્ય ધીરજથી. ૨
ગ્રહીને સર્વ સામગ્રી, તપાસી સર્વ સંયોગો,
થઇ તન્મય કરે જા કાર્ય, સફલતા અન્તમાં દેખીશ. ૩
વિચારીને મગજમાંહિ, વ્યવસ્થાક્રમ સ્વીકારી લઈ;
પછીથી કાર્ય આરંભી, નિયમસર તે કરે જા કાર્ય. ૪
પ્રમાણિકતા ખરી ધરવી, સહીને દુઃખની કોટી;
થશે કાર્યો અમર ત્હારાં, પ્રભુનું દ્વાર દેખાશે. ૫
મગજ સમતોલ રાખીને, ક્રિયાકર કાર્યની સઘળી;
જરા ઉદ્વેગ ભય ના ધર, વિજય વરમાળ દેખાશે. ૬
કર્યો સંકલ્પ અંતરમાં, કરેજા કાર્ય તદનુસાર;
વિવેકે સત્ય દેખાશે, હૃદય સાક્ષી ખરી ભરશે. ૭
હૃદયની સૂક્ષ્મ વીણામાં, ગવાતું સ્થૂલ થાતું તે;
ખરાના સત્ય સંકલ્પો, કદિ નિષ્ફળ નથી જાતા. ૮
રહ્યું છે પિંડમાં બ્રહ્માંડ, પ્રકટ કરતો ખરો જ્ઞાની;
ખુલે સ્વતંત્રતાનાં દ્વાર, સહજ આનન્દ દેનારાં. ૯
હૃદય બોલે હૃદય સમજે, મહિમા મૌનનો ભારી,
ક્રિયાયોગી થઈ આગળ, વધીને દિવ્ય જો ઝાંખી. ૧૦
કરેજા મૌનથી કાર્યજ, જગત બોલે નહિ દે લક્ષ;
" બુદ્ધયબ્ધિ " કાર્યની સિદ્ધિ, સહજ આનન્દમય સાચી. ૧૧

ૐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૮ ચૈત્ર સુદિ ૧
પાદરા.

स्वसंबोधन.

મંદાક્રાંતા.

પ્રેમીપંખી ! અનુભવ કરી, સ્થાન લેતું તપાસી;
ત્હારૂં કોના ભવ વનવિષે, પાન્થ ! વ્હે મુક્તિ વાટે.
શાને શાણા ! ભવ વનવિષે. ભ્રાન્તિથી તું ફરે છે;
ચેતીને તું ત્વરિત ચલજે, મોક્ષનો માર્ગ ત્હારો. ૧
માયાજાલો સકલ ત્યજજે, સ્થિર દૃષ્ટિવડે તું;
સોઽહં સોઽહં મનન કરીને, શુદ્ધતાને સ્મરીને.
ત્હારી પાસે સહજ સુખ છે, અન્ત તેનો ન આવે;
જોતું અંતર્ અનુભવ થશે, શુદ્ધ આનન્દ આવે. ૨
સિદ્ધાંતોનું મનન કરીને, જોઇલે રૂપ ત્હારૂં;
પૂર્ણાનન્દી પરમગુણથી, પૂર્ણ છે રૂપ ત્હારૂં.
પંખીડા તું સહજ પથમાં, શ્વાસ ઉચ્છ્વાસથી વ્હે;
"બુદ્ધ્યબ્ધિ"ની સહજ સ્ફુરણા, એજ સિદ્ધાંત સાચો. ૩

ॐ शान्तिः ३

સંવત ૧૯૬૮ ચૈત્ર સુદિ ૨
પાદરા.

प्रभु विरहोद्गार.

શિખરિણી.

રૂચેના બીજે તો, પ્રભુ તુજ વિના કોઈ સ્થલમાં;
મતિને આંખો તું, મુજશિર તુંહિ સર્વ તુંહિ છે.
મળો વ્હેલા પ્યારા, તુંહિ તુંહિ સ્મરૂં સર્વ સમયે.
બધાનો બેલીતું, પ્રભુ ! તુજવિના દુઃખવસમાં. ૧
નિહાળું આકાશે, તુજ ગુણ સ્મરી પ્રેમમય થૈ;
નિહાળું જે તિર્ચ્છું, ઉપવન ગિરિ વૃક્ષ નદીઓ.
સકલમાં શોધું હું, પ્રભુ ! પ્રભુ ! સ્મરી એક દિલથી;
અરૂપી જ્યોતિતું, સહજ ઉપયોગે દિલધર્યો. ૨

દ્વેષીના ચાલે, પ્રિયમુજપ્રભો ! એક ઘડીએ;
નિરાગીને સેવી, સહજપદની ઋદ્ધિ વરવી.
અમારા સિદ્ધાંતો, કદિ નહિ ફરે કાર્ય કરશે;
ભલા ભાવે મળવું, નિજ વપુ રહ્યો નાથ નિરખી. ૩
ખરી શ્રદ્ધા યોગે, અનુભવ થયો શુદ્ધ પ્રભુનો;
થશે ના તું દૂરે, શુભ બળથકી સ્થૈર્ય વધશે.
ટળે કર્મો સર્વે, પ્રભુ મુજ કરે શિઘ્ર ચઢશો;
વહો "બુદ્ધ્યબ્ધિ"ની હૃદય સ્ફુરણા મુક્તિ પથમાં. ૪

ॐ शान्तिः ३

સંવત ૧૯૬૮ ચૈત્ર સુદિ ૯
પાદરા.

हुं ने जगत्.

મંદાક્રાંતા.

જે મારામાં સકલમહિ, તે સચ્ચિદાનન્દ રૂપે;
પામી પામી અનુભવ ખરો, દેખીં આનન્દ પામું.
છે મારામાં સકલ દુનિયા, સર્વમાં હું રહ્યો છું;
આપેક્ષાએ સકલ સમજી, ઐકયનો સ્વાદ ચાખું. ૧
શુદ્ધ પ્રેમે સકલ દુનિયા, આત્મવત્ પૂજ્યમાનું;
સત્તાથીએ ઘટતું મનમાં, ઉચ્ચ ધ્યાન પ્રભાવે.
ઉંચા નીચા જગત જનસૌ, ભેદદૃષ્ટિથકી છે;
સત્તાધ્યાવી પ્રકટ કરવી, શુદ્ધ વ્યક્તિ મઝાની. ૨
જે સત્તામાં પ્રકટ થતું તે, સિદ્ધ સત્તાથકી સૌ;
ધ્યાવો તેને સમરસપણે, શુદ્ધદૃષ્ટિ જગાવે.
શુદ્ધ ધ્યાને સ્થિર થઈ સદા, આત્મસત્તાજ ધ્યાવી;
પામું સાચું સહજ સુખનું, સ્થાન સાદિ અનન્તુ. ૩
દોષો નાવે જગત જનના; ધ્યાવતાં આત્મસત્તા;
સત્તા સાચી સકલ જીવની, વ્યક્તિ હેતુ પ્રભાવે.

સત્તા ધ્યાતાં હૃદય પટમાં, શુદ્ધ વ્યક્તિ પ્રકાશે;
એવા ભાવો હૃદય પ્રકટે, આત્મસત્તા વિચારે. ૪
દીઠું જાણ્યું અનુભવ કર્યો, સર્વમાં ઐકય જે છે;
એ દૃષ્ટિથી જગત નિરખી, સર્વમાં ધર્મ દેખું.
ભેદાભૂલી દિલ નવ લહું, ખેદનો મર્મ કિંચિત્;
દોષોટાળે હૃદય પ્રકટયા, ભાવ એવો ધર્યાથી. ૫
વારંવાર હૃદય પ્રકટે, ધ્યાન સત્તાતણું જો;
દોષો નાશે સકલ મનથી, ધ્યાન એકત્વ આવે.
નક્કી મેં એ અનુભવથકી, ચિત્તમાં ખૂબ ધાર્યું;
"બુદ્ધયબ્ધિ"ની હૃદય સ્ફુરણા, જોઇલો ચિત્તધારી. ૬

ॐ शान्तिः ३

સંવત્ ૧૯૬૮ ચૈત્રવદિ. ૧
પાદરા.

आचार विवेक.

મંદાક્રાંતા.

આચારોમાં બહુ મતપડયા, રૂઢ આચાર ઝાઝા;
ઉદ્દેશોને ગ્રહણ કરતાં, સર્વમાં સાર સાચો.
શાસ્ત્રાધારે અવગમ કરી, યોગ્ય આચાર પાળો;
સમ્યગ્જ્ઞાને ચરણ પટુતા, શુદ્ધ સ્યાદ્વાદ સિદ્ધિ. ૧
આવો સન્તો! હૃદય મળવા, ચિત્તતો ઉચ્ચ થાશે;
આવો દુષ્ટો! હૃદય મળવા, ચિત્તનો સાર લેશો.
આવો જીવો! સકળ મળવા, ચિત્ત આ છે તમારૂં;
હુંને મારૂં સકલ વિસરી, સર્વમાં સાર દેખો. ૨
દેહીઓના સકલ તનુમાં, સાર ચૈતન્ય સાચો;
દેખી તેને સકલ જીવતા, ભાવ રાખો મઝાનો.
ઉંચા ઉંચા પ્રતિદિન ચઢી, સર્વને બોધ આપો;
થોડા દોષી અધિક વળી કે, દોષની દૃષ્ટિ ત્યાગો. ૩

ઉંચાનીચા સકલ સકલ સરખા, માનીને સર્વ ચાલો;
શુદ્ધપ્રેમે સહનશીલતા, રાખીને સંપી ચાલો.
આસૃષ્ટિમાં સુખકર સદા, સાર લેવો ગુણોનો;
એવું નક્કી હૃદય ધરીને, સર્વથી મૈત્રી ધારો. ૪
લોકો ઉંચા જગત વિરલા, સંતનો સંગધારો;
લોકો ઝાઝા જગત નિરખી, દુર્જનો શાન્ત થાઓ.
ન્યારા પંથો જગત જનના, ઐક્ય કેમે ન થાવે;
માટે શાન્તિ હૃદય ધરીને, રાગને દ્વેષ ટાળો. ૫
ન્યારી બુદ્ધિ જગત જનની, વાદ સાપેક્ષ ધારો;
સાપેક્ષાએ સકલ નયનો, સાર ખેંચી ચલોને.
સર્વજ્ઞોનાં કથિત વચનો, ચિત્તમાં નિત્ય ધારો,
"બુદ્ધયબ્ધિ"ની હૃદય સ્ફુરણા, સર્વની શાન્તિ માટે. ૬

ૐ शान्तिः ३

સંવત ૧૯૬૮ ચૈત્ર વદિ ૨.
વડોદરા.

जगत् बाग.

મંદાક્રાન્તા.

વ્હાલો લાગે જગત્ જીવનો, બાગ રમ્ય સ્વચિત્તે;
તેની અંતર્ બહિર્ રચના, દેખતાં ભિન્ન લાગે.
ચારે પાસે નયન નિરખું, લોકમાં બૂમ વ્યાપ્યો;
સારી બૂરી પસરી રહી છે, ચિત્તપુષ્પોની ગંધો. ૧
ઉંચા વૃક્ષો ગગન પથમાં, કેઇ ચાલે સ્વશક્ત્યા;
વૃક્ષો કૈંતો મનુજ ભવમાં, ધર્મભાવે ભરેલાં.
કૈં કંટાળાં મહીતલ ભર્યાં, દુઃખદે અન્યને તે;
વૃક્ષો કૈંતો વિષમય બની, ઝેર ફેલાવતાં એ. ૨
વૃક્ષો કૈંતો મધુર ફળને, આપતાં વિશ્વમાંહીં;
વૃક્ષો ખાટાં જગત તલમાં, દેખતા જ્ઞાનિયો તે.

વૃક્ષો નાના ફલદ બહુધા, સર્વ છે ઉપયોગી,
ત્યાગી સ્વાર્થો સરસ રચના, બાગની દેખવી સૌ. ૩
સાપેક્ષાએ સકલ દ્રુમને, રક્ષવાં પ્રેમ લાવી,
સર્વે છે એ પ્રગતિ પથમાં, યોગ્ય નિમિત્ત યોગે;
છેદું ભેદું નહિ કદિ કશું, પુષ્પને દુઃખવું ના,
"બુદ્ધ્યબ્ધિ"ની હૃદય રચના, સૃષ્ટિનો બાગ દેખો. ૪

ૐ શાન્તિઃ ૩

સવત્ ૧૯૬૮ ચૈત્ર વદિ ૬ રવિવાર
વડોદરા.

बागभ्रमणमांस्वानुभव.

મંદાક્રાંતા.

દોડયો દોડયો વિકટ પથમાં, ભ્રાન્તિથી ખૂબ દોડયો,
થાકયો પાકયો ભ્રમણ કરીને, બાગની પાસ આવ્યો;
દેખી માળી ક્ષુભિત થઇને, એક ઠામે ન બેઠો,
રે ! રે ! વ્હાલા મૃગ તુજ ગતિ, ખૂબ દુઃખે ભરેલી. ૧
શુદ્ધ પ્રેમે મળી જઇ બન્યાં, બે તદાકાર ચિત્તો;
હુંવા તુંની મનન સ્ફુરણા, દૂર નાઠી બન્યું કૈં.
બેનું અદ્વૈત જ નહિ અરે ! વિશ્વનું ઐકય ભાસ્યું;
આગે જાતાં અનુભવ બળે, શૂન્ય જેવું જણાયું. ૨

ૐ શાન્તિઃ ૩

સવત્ ૧૯૬૮ વડોદરા-ચૈત્રવદિ ૬

गड्डरिका प्रवाह. (ગાડરીઓ પ્રવાહ)

મંદાક્રાંતા.

અંધેઅંધા વિકટ પથમાં, એકને એક દોરે;
આડા ઉંધા ભ્રમણ કરીને, કૂપમાંહીં પડે છે.
ફાંફા મારે નયનવણુતે, માર્ગ પૂછે ન કોઈ;
અજ્ઞાનીઓ સુખ નવ લહે, ચક્ષુહીના બિચારા. ૧

इर्ष्या.

મંદાક્રાન્તા.

આર્યાવર્તે ફુટ કરી બહુ, સંપનું મૂળ બાળે;
દ્‌હાડા દુઃખી તુજ પદથકી, ચિત્તનો સ્નેહ ગાળે.
ત્‌હારા સંગે અવનતિ સદા, સાધુને તું બગાડે;
રે રે દુષ્ટા ! દૂર ખસ હવે, આર્ય ભૂમીથકી તું. ૧
આંખોમાં તો પ્રકટ કરતી, વહ્નિની ઉગ્રજ્વાલા;
બાળે, ચિત્તે અતુલ વિષથી, વાણીમાં ઝૂઠ રેડે.
રે ! રે ! દાવાનલથકી બહુ, સદ્‌ગુણોદ્યાન બાળે;
"બુદ્ધ્યબ્ધિ"થી સતત દૂર હો ! પાપિણી દુષ્ટ ઈર્ષ્યા. ૨

ૐ શાન્તિઃ ૩

સંવત ૧૯૬૮ વૈશાખ-ચૈત્રવદિ ૭

त्यागाभास.

મંદાક્રાંતા.

ભોગી વસ્ત્રો વપુ થકી તજી, ત્યાગીનાં વસ્ત્ર પહેર્યા;
બાહિર્ પીળાં હૃદય પટતો, વસ્તુતઃ ખૂબ કાળું.
જેને છોડયું ગુણ કર્યું તે, ત્યાગ શાનો કર્યો રે !
મુંચે મુંડે ગુણ વણ કદી, ત્યાગી ના કોઇ દીઠો. ૧
તૃષ્ણાવલ્લી હૃદય પ્રકટી, ક્લેશનાં વૃક્ષ ઉગ્યાં;
નિન્દા વાયુ અધિક પ્રકટયો, અન્ય તો નીચ લાગ્યા.
મૈત્રીની તો હૃદય ન રહી, લેશ સદ્‌ગંધ જાણો;
ત્યાગી થૈને ત્યજન ન કર્યું, ત્યાગીનું નામ જૂઠું. ૨
પંડિતાઈ સકલજનથી, વાદ માટે રહી જ્યાં;
સર્વે દોષી જગતજન છે, ફક્ત નિર્દોષી પોતે.
મ્હારૂં સારૂં અવર જનનું, જાણતો સર્વ ખોટું;
એવા જે કો મહીતલ વિષે, સાધુઓ સાધતા શું ? ૩

ઉંચા માને સ્વકીય મનમાં, તાડથી ખૂબ ઉંચા;
નિન્દે સૌને નિશદિન અરે! દોષ દૃષ્ટિ ધરીને.
દાઢોમાં તો વિષ બહુ ભર્યું, કાંચળી ત્યાગી સર્પે;
એવા ત્યાગી મહીતલ વિષે, સર્પથી ખૂબ બૂરા. ૪
ખેંચા ખેંચી કુપથ મતની, કલેગ હોળી બનાવી;
નાંખે તેમાં સ્વપર જનને, યુદ્ધના યજ્ઞ હોમે.
થોડા માટે લડી બહુ મરે, પક્ષમાં યુક્તિ ખેંચે;
આર્યાવર્તે કદિ નહિ થશો, ત્યાગીઓ દુષ્ટ એવા. ૫
ત્યાગ્યું તે સૌ હૃદય પ્રકટયું, શ્વાનવત્ દીલ ઈર્ષ્યા;
કાળાં પીળાં હૃદય પટમાં, ચિત્ર દોર્યા વિચિત્રો.
બાહિરથી તો બકસમધર્યા, ધર્મ આચાર ઢોંગે;
"બુદ્ધયબ્ધિ"ના હૃદય ઘરમાં, ત્યાગીઓ સત્ય શોભે.

ૐ શાન્તિઃ ૩

સવત ૧૯૬૮ ચૈત્ર વદિ ૭.

વડોદરા.

दृष्टिक्षेप.

મંદાક્રાંતાઃ—

ધોળું ધોળું નયન નિરખું, સર્વમાં સાર ધોળો;
કાળું ભાળું કદિ નહિ હવે, કાળનું જોર ભાગ્યું.
મીઠા મીઠા સકલ રસ લૈં, ખૂબ સંતોષ પામું;
સર્વાશાથી દૂર રહી સદા, યોગીનો યોગ સાધું. ૧
જાણ્યું જોયું અનુભવ કર્યો, દીલમાં ખૂબ પેસી;
કાંટા વાગ્યા સહન કરીને, સંગનો રંગ ટાળ્યો.
દૂરે હો વા સમિપ નવ હો, ચિત્તમાં ના હવે તો;
આપોઆપે અનુભવ કરી, સત્ય આનન્દ સાધું. ૨
આવો તોયે અલગ મનથી, દેખતાં પ્રેમ નાવે;
બોલે ચાલે અલગ મનડાં, મેળ એવો મળે શું ?

કાયા વાણી થકી બહુ કરો, પ્રેમના ખૂબ ચાળા;
સાચા સન્તો હૃદય ધરતા, પ્રેમથી મેળ સાચા. ૩
પ્રેમી થૈને હૃદય લઇને, પ્રેમનો ઘાતકી જે;
પ્રેમી એતો નહિ નહિ અરે ! પ્રેમનો પંથ જુદો.
સાચો પ્રેમી કદિ નહિ ફરે, સર્વ આશા વિનાનો;
પ્રેમી ચિંતામણિ સમ અરે ! કોઇ કયાંઇ નિહાળું. ૪
સાચો પ્રેમી જિનવરતણો, શુદ્ધ રૂપે બને છે;
એ છે સાચો અનુભવ લહી, બોલ કાઢું ખરા એ.
જે સૌ જાણે સકલ મનનું, શુદ્ધ આનન્દ આપે;
એવા દેવા પ્રિયતમ ગણી, પ્રેમ બાધું મઝાનો. ૫
પ્રેમી પૂરો જિનવર ખરો, પ્રેમનો તાર બાંધ્યો;
ત્હારૂં મ્હારૂં સકલ હરીને, તુંજ રૂપે બનું હું.
સાચા પ્રેમે સહજ સુખદ, ન્યાય આપે ખરો એ;
"બુદ્ધચબ્ધિ"નું હૃદય ધરમાં, એક છે પૂર્ણ પ્રેમી. ૬

ॐ शान्तिः ३

સંવત ૧૯૬૮ ચૈત્ર વદિ ૭.
વડોદરા.

शातापृच्छा.

મંદાક્રાંતા.

પૂછો શાતા વિનય કરીને, ભેદ શાતાતણા કે;
કેવાં કેવાં પ્રતિવચન દઉં, ચિત્તને તેહ પૂછો;
ઉંડા હાર્દો હૃદય -હૃદના, પાર તેનો ન પામું.
પેસી જ્ઞાને હૃદય -હૃદમાં, જોઈ પ્રત્યુક્તિ આપું. ૧
પ્રેમી કહેતાં વચનથકી તો, ઐક્ય એનું ન રૂહેતું.
મારાથી તો અધિક કથતાં, સામ્ય એનું ન રૂહેતું.
જો પ્રાણોથી અધિક વહુતો; પ્રેમ એ તુચ્છ ભાસે;
આત્મા ભાખું વચનથકીતો, પ્રેમનું ઐક્ય થાવે. ૨

બાંધી પ્રીતિ વચન કથતાં, પ્રેમનું મૂલ્ય થાતું;
આપી પ્રીતિ વચન વદતાં, પ્રેમ થાતું ઘરેણું.
જોડી પ્રીતિ વચન વદતાં; પ્રેમની છૂટ થાતી;
બાંધ્યો આપ્યો નહિ નહિ ખરે, પ્રેમ છે શુદ્ધ ન્યારો. ૩
મારૂં ત્હારૂં સકલ બનતું, પ્રેમની શૂન્યતા ત્યાં,
પ્રેમપૃચ્છા વચનથકી જ્યાં, પ્રેમની શૂન્યતા ત્યાં;
વાણી કાયાથકી બહુ થતા, પ્રેમના તો વિકારો,
સોના જેવો અવિચળ રહે, પ્રેમતો શુદ્ધ રૂપે. ૪
ફાંફાં મારે સકલ દુનિયા, પ્રેમની ઝંખનામાં,
હાટે ઘાટે ભ્રમણ કરતાં, પ્રેમ સાચો મળેના;
આશા સ્વાર્થે મલિન મનડું, પ્રેમનું વેણુ ત્યાંશું ?
દીઠી પ્રીતિ કદિ નહિ ખરી, બાહ્યમાં જેહ જામી. ૫
જેથી જાગે સહજ સુખની, ઇન્દ્રિયાતીત ઝાંખી;
પ્રેમાબ્ધિમાં મન વચ અને, કાય છે મેલ જેવાં.
એવો સાચો સુખ કર સદા, પ્રેમ ચિત્તે પ્રકાશો;
"બુદ્ધચબ્ધિ" ના હૃદય ઘરમાં, પ્રેમની પૂર્ણ ગંગા. ૬

ૐ શાન્તિઃ ૨

સવત્ ૧૯૬૮ ના ચૈત્ર વદિ ૧૫.
વડોદરા. કોઠીપોળ.

आवनाराओ.

મંદાક્રાંતા.

લોકો આવે અધિક સમિપે, આશયો ભિન્ન દેખું;
લેવા આવે સુજન ગુણને, કોઈ તો છિદ્ર જોવા.
પ્રેક્ષાકારી બહુ જન અહો !, કોઈ મધ્યસ્થ ભાવે,
આવે જેવી મતિ થકી અહીં, સાર લે તેહ તેવો. ૧
સારા ખોટા પરિચય કરી, પૂછતા ખૂબ પ્રશ્નો;
સારૂં ખોટું નિજમતિથકી, પામી પાછા ફરે તે.

આવે ચિત્તે અધિક કરૂણા, દુર્જનોને નિહાળી;
પામું શાન્તિ અધિક મનમાં, સજ્જનોને નિહાળી. ૨
જેવા તેવા મુજસમગણું, પ્રેમથી સર્વ જીવો;
પૂજે નિંદે નિજમતિથકી, સર્વની દૃષ્ટિ જુદી.
નાના ભેદો જગત તલમાં, સર્વનું કાર્ય જૂદું,
ચાલે સર્વે નિજ નિજમતે, સર્વનું શ્રેય થાઓ. ૩
બેસી સાથે શુભ મનથકી, ચિત્તનો સાર ખેંચે,
એવા સન્તો અવની તલમાં, લાભ લે સંગતિનો;
પાસે બેસી હૃદય લઇને, થાય પ્રેમી અમારો,
તેની સાથે હૃદય મળતું, ચિત્ત છે મુજ તેનું. ૪
લેવું દેવું હૃદય સઘળું, ધર્મનું તત્ત્વ પ્યારૂં,
સાથે પ્રેમે ગગન પથમાં, ચાલવું શિઘ્રતાથી;
ભક્તો શિષ્યો હૃદય ઘરના, આશ્રિતો સર્વ ઊડો,
પ્યારૂં સાચું શિવપદવરી, પામીશું શર્મ સાચું. ૫
પંખી મેળો સુખકર મળ્યો, દેખવું દિવ્ય નેત્રે;
દેખી લેવા સકલ જનના, સદ્‌ગુણો પ્રેમથી સૌ.
આવો આવો સકલ મળવા, દિવ્ય પન્થે વહોને;
"બુદ્ધયબ્ધિ"ની સકલ દુનિયા, સાથ છે મૈત્રી સાચી. ૬

ૐ शान्तिः ३

સંવત ૧૯૬૮ ચૈત્ર વદિ ૧૦ પાદરા.

हंस संबोधन.

મંદાક્રાંતા:—

ધીમે ધીમે ગમન કરીને, આવ તું હંસપાસે,
મારી પાસે પ્રમુદિત બની, પૂર્ણ આનન્દ લેશે.
શંકાતો ના જગત જનથી, ભિન્ન વાણી જગત્‌ની,
વૈરાગીથા હૃદય ઘટમાં, બોધ પામી મઝાનો. ૧
ન્યારી ન્યારી સકલ ઘટના, સર્વમાં તું રહ્યો છે;

સત્તાથી એ વચન ઘટના, વ્યક્તિથી નિત્ય ન્યારો.
ત્હારા માટે સકલ રચના, પ્રેમથી મેં બનાવી;
વ્હેલા આવો ! સમીપ પ્રભુજી ! વાર તો ના લગાડો. ૨
જ્યાં ત્યાં ધ્યાવું પ્રભુ સુખકરા, હાર હૈયાતણો તું,
તારી જ્યોતિ સુખકર સદા ,સર્વને ધ્યેય તું છે.
ત્હારા માટે વપુપર ધર્યો, વેષ નિર્ગ્રન્થનોરે !
વંદું વંદું હ્રદયકર વડે, પૂર્ણ પ્રત્યક્ષ થા તું. ૩
ત્હારી શોભા સકલ જનને, ખૂબ આનન્દ આપે;
પાંખો સારી મનહર ગતિ, દેખતાં પ્રેમ જાગે.
બોલે થોડું પ્રિયકર બહુ, દિવ્ય આંખે નિહાળે;
ઝીલે મ્હાલે સરવર વિષે; ઉત્તમાહાર ભોગી. ૪
કાયા વાણી મનથકી બન્યો, હંસ મ્હારૂં રમકડું,
રે ! રે ! ત્હારા વણ નહિ ગમે, ભાગી જાના હવે તું.
તું તે હું છું મિલન રસમાં, ભેદ હું તું રહ્યોના;
"બુદ્ધ્યબ્ધિ" તું સુખમય, સદા હંસ પોતે સુહાયો ! ૫

ૐ શાન્તિઃ ૨

સંવત ૧૯૬૮ ચૈત્ર વદિ ૧૨

પાદરા.

શુક.

મંદાક્રાન્તા.

લીલીપાંખો ફરર ફફડે, રાતડી ચાંચ કાઢી;
ભાષાબોલે વિવિધ મુખથી, બોલકો તું કહાયો.
ઇચ્છા રાખે ગગન પથમાં, ઊડવા ચિત્તમાંહીં,
ક્યાંથી ઊડે મુખર શુક તું, પાંજરામાં પડેલો. ૧
ગાથાઓનું પઠન કરીને, રીઝવે સર્વ લોકો;
ચર્ચા શિખ્યો ગુરુજનથકી, વાદ ભાખે ઘણેરા.
પક્ષીઓજે અવર ઉડતાં તેહનો સંગ છોડયો;

પંખીડાનું બહુવિધ ભણ્યો, એક વિવેક નાવ્યો. ૨
બોલે મોઢે પ્રભુ! પ્રભુ! બહુ, સાર તેનો ન જાણે,
ફૂલે ઝાઝું અધિક મનમાં, સર્વનો પારગામી,
રે! રે અન્તે દ્વિજ તુજ મતિ, વેદ પાઠી સરીખી;
પંડિતોનો પરિચય કરી, જાણ સત્યાર્થ તત્ત્વો. ૩
બોલેઝાઝું કદિ નહિ રીઝે, જ્ઞાનિયો ચિત્તમાંહીં;
બાળોનો તું પ્રિયકર બન્યો, બાળ ચાતુર્ય સારૂં.
ઝંપી રહેતો મનથકી નહીં, પિંજરામા વસન્તા;
જાણી સાચું અનુભવ લહી, શાંત થા પંખીલીલા. ૪
બંધાણી છે પરવશપણે, પાંખ બે દ્વિજ ત્હારી;
ત્હારી આંખો પરવશપણે, દેખતી પાસમાં તે.
વ્હાલા પંખી! અનુભવ લહી, પૂર્ણ થાઓ વિવેકી;
"બુદ્ધયબ્ધિ"નું પરિચય લહી, સંગનો રંગ લેજે. ૫

ૐ શાન્તિઃ ૩

સવત્ ૧૯૬૮ ચૈત્ર વદિ ૧૨
પાદરા.

उपालम्भ.

હરિગીતછંદ.

આવ્યા તમારી પાસ પણ, આસન તમે દેતા નથી;
આવો પધારો પ્રેમથી, સત્કારને કરતા નથી.
બહુ પ્રેમથી આવ્યા કને પણ, સાધુતા ધરતા નથી;
આતિથ્યનો વિવેક મનમાં, માનથી કરતા નથી. ૧
ઉંચા ચઢયા અભિમાનથી, નીચાગણ્યા બીજા જનો;
એ સાધુની ના સાધુતા જગ, વિનયનો ફણગો બન્યો.
અવલોકતાં અવળા ફરો, વાતો કરો ના દીલથી;
ઉપદેશમાં ડાહ્યા બહુ પણ, રહેણીમાં રહેતા નથી. ૨
ના ચિત્તમાં આવે કશું, શુભ યુક્તિને લેતા નથી;

કકકો ખરો નિજનો કરો, અન્યાયને જોતા નથી.
શુભ ચિત્ત મળતાં મેળ સાચો, પ્રેમથી દ્વેષજ શમે;
સાધુના એ શુદ્ધ મનની, વાટમાં જાતા નથી. ૩
શુભ વાત કરીએ જે અમે તે, સાંભળો ના કાનથી;
પરવા રહી જગ લોકની નિજ, ભૂલ એ જોતા નથી.
ચહીએ અમે શુભ ભાવથી, ચ્હાઓ નહીં અમને તમો;
મનમાં નહીં તે આવતો ના, કામમાં પ્રેમજ અહો ! ૪
બહુ શ્લોક ગોખી શુક થયા પણ, સાધુ પદ મુશ્કેલ છે;
નિજ દોષદૃષ્ટિ મોહ બળથી, છૂટવું નહિ સ્હેલ છે.
ધુણમાં ભરી જે કસ્તુરી, મ્હેંકયા વિના તે ના રહે;
શુભ "બુદ્ધિસાગર" દિલમાં તે, બહિરૂમાં પણ મહમહે. ૫

ૐ शान्तिः ३

ચૈત્ર વદિ ૧૩ ૧૯૬૮.

પાદરા.

पासे आवो.

હરિગીત છંદ.

આવો અમારી પાસમાં, ખોલો હૃદય પ્રેમે મળી,
બહુ દુઃખમાં સાથી બનીને, મિત્રતા ધરશું અમો;
પરમાર્થની ચર્ચા વિષે, ઉભરા હૃદયના કાઢશું,
પરમાર્થ ચેતન ભક્તિનાં, ગાણાં હૃદયથી ગાઇશું. ૧
આહોઝલાલી આત્મની ત્યાં, દીનતા તમ છે નહીં;
આનન્દના ઉભરા વધે, બહુ ભાસતા ભાષા પરા.
ખચકાવના ગભરાવના, મ્હારા ગણી બોલો સદા,
તમ દિલનો વૈદ્યજ બનીને, દુઃખ ટાળીશ યત્નથી. ૨
મ્હેમાન સૌ અમદીલના, સેવા ત્હમારી સારશું,
દીલ એક રસરૂપે થઇને, મોહને દૂર ટાળશું;
દિલ દર્દ દેખી તુર્ત કાઢું, દિલના વૈદ્યજ અમો,

તવ દીલનો વિશ્વાસ પડતાં, દીલ એવાતો કરે. ૩
એમ રૂઝવશું દીલમાં પડ્યા, સૌ ઘાવ સમતા ઔષધે,
ધોળાં મળે ધોળાંથકી ત્યાં, કાલીમા રહેતી નથી;
જે દર્દ ટાળે દીલનાં ના, દીલ તે દેખે નહીં,
નિજ દિલને દેખે ખરા તે, વૈદ્ય જગમાં જીવતા. ૪
બેદિલને ના આપશો, નિજદિલ લાખો વાતથી.
એ દિલ દરીઓ ખૂબ ઉંડા, સાર તેનો છે તળે;
એ દિલ દરિયાના તળેના, પાન્થ બનશું જ્ઞાનથી,
રત્નો ગ્રહીને આપવામાં, દાનીનો દાની બનું. ૫
આવો અમારા ઘરવિષે, સત્કાર પુષ્પ વધાવશું,
શુભ ચિત્તની મીઠાઇના, નવથાળ ધરશું આગળે;
નિજ શુદ્ધ અનુભવ સાર પીને, ખૂબ તમને પાઇશું,
"બુદ્ધયબ્ધિ"શુભ આતિથ્યમાં, આનન્દની લીલા બને. ૬

ૐ શાન્તિઃ ૩

સંવત ૧૯૬૮ ચૈત્ર વદિ ૧૩.

પાદરા.

खेदकारक मृत्यु*

મંદાક્રાંતા.

ચાલ્યો વ્હેલો પરભવવિષે, આજથી કેમ બન્ધો!
જાણ્યું જાણ્યું અકળઘટના, કર્મથી એ બની છે;
ઓચિંતોરે નિજવપુ તજી, માર્ગ આગળ વહ્યો તું,
આયુઃ કર્મે વપુ ધરતજી, કેશરી ક્યાં ગયો તું. ૧

---

*વલસાડમાં શા. કેશરીચંદ ગુલાબચંદ નામના એક ગુરૂભક્ત જૈન ગૃહસ્થ હતા, તેઓ વલસાડમાં જૈન ધર્મના કાર્યોમાં આગેવાની ભર્યો ભાગ લેતા હતા. તેમજ જૈન ગુરૂકુલ સ્થાપવા માટે તેઓએ વલસાડનાસંઘની અનુમતિ કરાવી હતી. ત્યાં ચાલતી પાઠશાલા સ્થપાવવામાં પણ તેમનો હાથ હતો. તેઓ સ્વભાવે મળતાવડા અને જૈન ધર્મની શ્રદ્ધા સારી રીતે ધારણ કરતા હતા. વલસાડના સંઘમાં એમના મરણથી એક દીવો અસ્ત થયો છે.

ઈચ્છા સારી હૃદય ધરીને, ધર્મનું જ્ઞાન લીધું,
વાંચી ગ્રન્થો ગુરૂવરતણા, ભાષણે જ્ઞાન દીધું;
શ્રદ્ધા ભક્તિવિનય કરૂણા, ધર્મની દાઝ ચિત્તે,
આયુઃ કર્મે વપુધરતજી, કેશરી કયાં ગયો તું. ૨

સેવા કીધી ગુરૂવરતણી, પાઠશાલા સ્થપાવી;
જેનો માટે ગુરૂકૂળતણો, લેખ સારો લખ્યો ત્હેં.
સુધાર્યા ત્હેં નિજસહચરા, ભાષણો કેઇ આપ્યાં;
આયુઃ કર્મે વપુધરતજી, કેશરી કયાં ગયો તું. ૩

ત્હારા માથે બહુવિધ હતો, ધર્મનો ભાર સારો;
મૂકી ચાલ્યો અવર ભવમાં, ધર્મને સાથ લીધો.
ધાર્યા ગુણો વિનય ધરીને, ગામ વલ્સાડ દીવો;
આયુઃ કર્મે વપુધરતજી, કેશરી કયાં ગયો તું. ૪

જન્મે જે જે અવનીતલમાં, સર્વ તે તે મરે છે;
માથે મૃત્યુ સકલ જનને, કર્મથી ના બચે કો.
છે પૃથ્વીમાં સકલ જીવડા, કર્મથી પંથીઓરે;
વૈરાગીને સકલઘટના, પૂર્ણ વૈરાગ્ય હેતુ. ૫

થાશો શાન્તિઃ અવરભવમાં, ધર્મ સામગ્રી પામો;
ઉર્ધ્વે ઉર્ધ્વે પ્રતિદિન ચઢો, મોહનું જોર વામો.
આશીઃદેઉં પરભવવિષે, ધર્મનો લાભ પામો;
સેવા સારી નિશદિન મળો, ધર્મની પૂર્ણ બન્ધો ! ૬

ધર્મીઓના હૃદય વસીયો, ખેસવ્યો ના ખસે તું;
થાવા સાધુ હૃદયપટમાં, ચિત્ર દોર્યું હતું ત્હેં.
હાહાકાળે શિશુવયવિષે, કેશરીને હણ્યોરે;
દેખી આવી જગત રચના, ખૂબ વૈરાગ્ય થાવે. ૭

પંખીડા તું શિવઘર પ્રતિ, ચાલજે ચાલ સારી;
એવી આશીઃ હૃદય દઇને, ધર્મમાં લીન થા તું.

પન્થીમેળો અવનીતલમાં, ચાલીયા કેઇ ચાલે;
બુદ્ધયબ્ધિ દે સુખમય સદા, ધર્મ સ્નેહાંજલી આ. ૮

ૐ શાન્તિઃ ૩

સંવત ૧૯૬૮ ચૈત્ર વદિ ૦))
પાદરા.

પ્રેમા શિક્ષા.

હરિગીતછંદ.

તું વાવ બાવળ નહિ ઘરોઘર, તીક્ષ્ણ કાંટા વાગશે;
વાવો ભલે ઈચ્છા વડે પણ, દુઃખ અન્તે આપશે.
પરદેશી થુવર બહુ પડયા, વાવ્યાવિના ઉગે ઘણા;
પાણી વિના ફૂંગાય છે એ, દીલમાં તું જાણજે. ૧
તે વાડ કાંટાની કરો પણ, સર્ત તેની રાખવી;
ઉસ્તાદના એ દીલમાં, ડહાપણ સદા વહેતું રહે.
એ બાદ્યના મેળા મળ્યા ને, ચિત્તમાં કાંઈ નહીં;
અંતર્ રહ્યા કાંટા ઘણા તે, મેળની કિંમત નથી. ૨
કાંટા ભકોભક વાગશે ને, દીલ પીડાશે બહુ;
દુર્જન મળે ના દીલથી, ને દીલનો ઘાતજ કરે.
ઉંચા શિખરપર બહુ ચઢયો, વાતો કરે આસમાનથી;
નીચું નિહાળી સર્વને, ન્હાના ગણે આશ્ચર્ય ત્યાં. ૩
વાણી અને શુભ ચિત્તથી, જ્યાં તાર પહોંચે છે ખરા;
એ શુદ્ધ કાંચન પ્રેમ છે, એ પ્રેમીનો પ્રેમી બનું.
આવો અમારા દીલના, મેમાન થાઓ ભક્તિથી;
સેવા કરી સેવક થવાનો, લાભ હેતે આપશો. ૪
શૂરત્વને ગર્જાવવામાં, શૂર છાના ના રહે;
ઉગ્યો સૂરજ છાનો રહે એ, વાત સાચી કો કહે ?
વાકયો થકી બહુ બાંધશો પણ, દીલને ના બાંધશો;
વાણી થકી બોલાય તેનો, ભાગ બહુ ચિત્તે રહે. ૫

એ સાફ જો તુજ દીલ છે તો, તીર્થ આપો આપ છે;
નિજ વસ્તુતઃ એ વાણીના, વિશ્વાસની દિલ છાપ છે.
ઉંડા હૃદય હ્રદમાં ઉઠે, આશયતણા કલ્લોલ બહુ;
"બુદ્ધચબ્ધિ" અન્તરમાં રહ્યું, પારજ લહે કૈં યોગીઓ. ૬

ૐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૮ ચૈત્ર વદિ ૧૪
પાદરા.

भ्रांति.

હરિગીત છંદ.

પાસે રહી જોયું ઘણું, જાણ્યું ઘણું મનમાં રહ્યું;
શુભ રત્ન જાણી સેવીયો, પણ કાચ અન્તે નીકળ્યો.
આશા હતી લાંબી ઘણી, પણ આશ છેડો આવીયો;
આલોકની કૂહેણી થકી, વિપરીત રહેણી દેખી મેં. ૧
જલ જલ જલાજલ થઇ રહ્યું, દરિયો બન્યો ચોપાસમાં;
દૃષ્ટિ દીધી નહિ પહોંચતી, એવું હૃદયમાં આવીયું.
જલપાનની આશા ધરી, ચાલ્યો ઘણો પાણી નહીં.
એ ઝાંઝવાનાનીર સમ, સંસાર સુખ માટે ભમ્યો. ૨
કંદોઈની દુકાનમાં, પારજ નથી મીઠાઇનો;
બરફી જલેબી લાડુ ને, ઘેબર ગલેફાં ધારીયો.
ખાતાં સહુ ખૂટી ગયું ને, દૂધ સઘળું પી ગયો;
જાગ્યું નિહાળી સર્વ તો, એ સ્વપ્નની સૃષ્ટિ હતી. ૩
ચાલ્યા કર્યું બહુ વાટમાં, ઉમંગનો અવધિ નહીં;
થાકી ગયો ચાલ્યાથકી, પણ માર્ગમાંહિ ચાલીયો.
દુઃખો ઘણાં વેઠયાં શરીરે, અબ્જ યોજન ચાલીયો;
આંખો ઉઘાડી દેખીયું તો, જ્યાં હતો ત્યાં હું રહ્યો. ૪
વાતો કરી ભેગા મળી, ભોજન જમ્યા બહુ ભાતનાં;
હોંસે ફર્યો બાગોવિષે, મેળા નિહાળ્યા લોકના.

શોભા ઘણી જોઇ નયનથી, ઉંઘથી ઉંઘી ગયો;
જાગી નિહાળ્યું સર્વ એ તો, સ્વપ્નની લીલા હતી. ૫
શોધો કરી બહુ જાતની, વાતો કરી મનતારથી;
આકાશમાં વિમાનથી, મુસાફરી બહુશઃ કરી.
જોયા ફરી દેશો ઘણા, વિજ્ઞાનની વાતો કરી;
આનન્દ જોયો નહિ ખરો તો, શોધવું જોયું વૃથા. ૬
આનન્દની વાતો કરે, એવા વિબુધો બહુ મળે;
વાતો કરે વળતું નહીં, આનન્દની ભુક્તિ વિના.
આનન્દ સત્ય નિહાળવા, શિવ પાન્થની શોધજ ખરી;
આનન્દ પરમાનન્દમાં, "બુદ્ધયબ્ધિ" તું વા હું નહીં. ૭

ॐ शान्तिः ३

સંવત્ ૧૯૬૮ વૈશાખ સુદિ. ૧
પાદરા.

मस्तदशा.

હરિગીત છંદ.

કાયર કદિ રહેવું નથી, બ્હાદૂર બનવું હોંશથી;
પરવા નથી દુનિયાતણી, આનન્દમાં મસ્તાન છું.
ચ્હાનારને ચ્હાઉં સદા, મળનારને મળતો રહું;
પ્રેમી ફકીરી ઇશની, ઉસ્તાદના છે દીલમાં. ૧
શુભ દેખવું ને જાણવું, ન્યારૂં અમારૂં તમથકી;
સ્યાદ્વાદનયની ચક્ષુઓ, વિપરીત દેખે નહિ કદિ.
જ્યાં લોક ચર્ચા બહુ થતી, સામા થતા વિપક્ષીઓ;
પણ જ્ઞાનીઓ છોડે નહીં, નિજકાર્ય શિરપર જે રહ્યું. ૨
ગમતું નથી ગ્રન્થો વિના, ઇચ્છા નથી વિકથા વિષે;
સત્સંગ સન્તોનો ગમે, પૂછી હૃદય ઉત્તર કહ્યું.
કાયાથકી કાયા મળે પણ, મન મળે ના જલ્દીથી;
મન પણ મળે વાતોથકી, એ વાતમાં રસ આવતો. ૩

શુભ પ્રેમથી નિશ્ચય થતો ને, કાર્યમાં મન લાગતું;
એ શુદ્ધ પ્રેમે કાર્યમાં મન, પૂર્ણ કાર્યે સુહાવતું.
શુભ પારખ્યા વણુ પાત્રને, આપે નહીં મન યોગીઓ;
"બુદ્ધયબ્ધિ" દિલના ઉભરા, શુભ પાત્રના દિલમાં પચે, ૪

ૐ શાન્તિઃ ૩
સવત્ ૧૯૬૮ વૈશાખ સુદિ ૨
પાદરા.

વીરના પગલે.

હરિગીત છંદ.

બહુ હચમચાવો ધર્મના, ઉપદેશથી આલમ બધી;
સેવક બની સાચા હૃદયથી, વીરનાપગલે વહો.
આગળ સદા પગલાં ભરો, પાછા રહો નહિ ઉંઘથી;
કદિ ઢીલથી ઢીલા બનો ના, શૂરવીરતા દાખવો. ૧
"ભાવી હશે થાશે સહુ, વા કર્મ જેવું તે થશે."
બોલો નહિ ઢીલાં વચન, ઉદ્યમથકી આગળ વધો.
શક્તિ સ્ફુરાવી હૃદયમાંહીં, પ્રેમથી આગળ ચલો.
ઉદ્યમ કરો નિશ્ચયથકી, વરમાળ સિદ્ધિની વરો. ૨
શ્રીવીરના ભકનો બનીને, વીર્યહીન બનવું નહીં;
મહાવીરના ભકતો હવે, ઝટ વીર્યને પ્રકટાવશો.
પુરૂષાર્થથી થાતું સહુ, એ વાતનો નિશ્ચય કરો;
શુભ જૈનશાસન સેવવામાં, શક્તિ સઘળી વાપરો. ૩
કાલે થશે પછીથી થશે, એ વાત દૂરે રાખશો;
આજે કરો અધુના કરો, એ વાત દિલમાં ધારશો.
શુભ જૈનશાસન ભક્તિમાં, ઝટ શક્તિ સર્વે વાપરો.
શ્રીવીરનાવીરજ બની ને, વિશ્વ વ્હેલું જગાવશો. ૪
આ દેહની રાખ જ થશે ને, સાથ કોઇ ન આવશે;
શુભ જૈન શાસન સેવના તે, સાથ પરભવ આવશે.

શુભ જૈનધર્મની વૃદ્ધિનાં, કાર્યો કરો તન મનથકી;
શુભ "બુદ્ધિસાગર" પામશો, જિન ભક્તિ શક્તિ જગાવતી. ૫

ૐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૯ વૈશાખ સુદિ ૪. (ગણેશ ચતુર્થી)
પાદરા.

उत्तमाकांक्षा.

હરિગીત છંદ.

જો સર્વથી મોટા થવાની, ચાહના તુજ ચિત્તમાં;
તો સર્વને મોટા ગણીને, શુદ્ધ મનથી ચાલજે.
તું સર્વને જો પૂજ્યમાની, શુદ્ધ પ્રેમે ચાલશે;
તો પૂજ્ય થાશે સકલનો, આપો અવર તેવું લહો. ૧
આઘાત તેવો થાય છે, સામોજ પ્રત્યાઘાત તો;
જેવું ચહોછો અન્યનું, તેવું થશે નિજનું ખરે.
સૌ જીવને શાસન રસી, કરવા મનોરથ થાય તો;
પામો જગતમાં તીર્થંકૃત્વ, સર્વનું ચાહી ભલું. ૨
એ નિયમ સ્વાભાવિક છે, આદર કરી લ્યો પ્રેમથી;
અનુભવથકી એ અનુભવ્યું છે, જ્ઞાનીઓએ ચિત્તમાં.
મનવૃત્તિ જેવી રાખશો, ફળ પામશો તેવું તમે;
નિજ હૃદય ઉઠી ભાવનાના, શબ્દ સાંભળશો તમે. ૩
ક્ષણુ ક્ષણુ વિષે સારા અને, ખોટા વિચારો જે કર્યા;
નક્કી થતું ફળ જાણશો અન્તર્ વિષે જ્ઞાની કથે.
ઉત્તમ થવા ઉત્તમ કરો, સુવિચારરાશિ ક્ષણપ્રતિ;
" બુદ્ધચબ્ધિ " સામ્પ્રત જે તમે તે, અતીતનાજ વિચારથી.૪

ૐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૮ વૈશાખ સુદિ. ૭
પાદરા.

विहारदर्शन.*

કવ્વાલિ.

ચકલીઓનાં મળી ટોળાં, મધુરાં ગાન ગાવે છે;
ઉડાઉડ બહુ કરી તેઓ, ખુશી દર્શાવતાં ઝાઝી. ૧
દયાળુ પંખીઓમાં બહુ, કબૂતરનાં મળી ટોળાં;
ઉડે દેખી ફરે જ્યાં ત્યાં, ખુશી દર્શાવતાં તેઓ. ૨
દયાળુનું ભલું થાશો, કબૂતર દીલ ઉદ્ગારો;
સુકોમલ પંખીડાંઓને, નિહાળે ધન્ય તે લોકો. ૩
હરિણનાં બહુ ફરે ટોળાં, કુદંકુદા કરી દોડે;
ઘણું દોડી જુએ પાછું, પુનઃ દોડી જુએ પાછું. ૪
શિખવતાં પાઠ પ્રેમીનો, સરલતા દીલની સાચી;
થતો આનન્દ જોઇને, હરિણ ટોળાંતણી ગમ્મત. ૫
કરી બે કાનને ઉંચા, સુકોમલ આ શશક દોડયું;
મનોહર આકૃતિવાળું, બન્યું ચંચલ નિહાળીને. ૬
ત્વરિત જાળાવિષે પેઠું, પુનઃ નાઠું ગયું આઘું;
દયા ઉપજાવતું દિલમાં, શિખવતો પાઠ સ્નેહીનો. ૭
ઉડેછે લાવરી ટોળાં, વદેછે શુકનાં ટોળાં;
કરેછે કાગડા કા કા, મનોહર રવ કરે કોયલ. ૮
ફરે કાબેરનાં ટોળાં, ફરેછે દેવ ચકલીઓ;
કઠિન બોલે અરે! હોલા, ઉડે સારેવડાં નભમાં. ૯
મયુરો બોલતા ભૂપર, ખસે આઘા નિહાળીને;
મનોહર પિચ્છ ભારાની, બહુ શોભા કરે દોડી. ૧૦
વદે ખીસકોલીઓ ચકચક, ભ્રમર ગુંજારવો કરતા;
નદીપર શ્વેતબકટોળાં, તકાસે દેડકાં ને મત્સ્ય. ૧૧
બહુ ટંગાઈ વાગોળો, વડો ને આંબલીયોપર;
ફરેછે બાજ પંખીપર, જતાં પંખી બધાં સંતાઇ. ૧૨

---

* કવિ દૃષ્ટિથી લખેલું વિહારદર્શન કાવ્ય છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે કવિ દૃષ્ટિથી આલંકારિક ગ્રન્થો લખ્યા છે તદ્વત્ અત્ર અવબોધવું.

નિહાળી લુંકડી દોડે, પડે છે કુવરાં પાછળ;
પુનઃ પાડે પુનઃ દોડે, રહે પાછળ સુંઘીને શ્વાન. ૧૩
સુગંધી પુષ્પ વેલડીઓ, ઘણાં વૃક્ષો ઘણાં ખેતર;
હરાયાં ઢોર ફરતાં બહુ, કૃષીબલ હાંકતા જોરે. ૧૪
અરે ! કુદરત તણી લીલા, બહુ સૌંદર્ય ખીલ્યું આ.
ખુશાલી ઉપજાવે છે, બહુ ખૂબી બતાવે છે. ૧૫
કરે રક્ષણ દયાળુઓ, સકલ પ્રાણીતણું પ્રેમે;
"બુદ્ધચબ્ધિ" તે દયાળુઓ, પ્રભુના ભક્ત ગણવાના. ૧૬

ૐ શાન્તિઃ ૩

સંવત ૧૯૬૮ વૈશાખ સુદિ ૧૧.
ઉમેદા.

स्वप्नसृष्टि.

હરિગીત.

અશ્વો બનાવી કલ્પનાના, વિશ્વમાં દોડાવીયા;
નિજ મનથકી મહેલો બનાવી, ખૂબ તેમાં મ્હાલીયા.
નિજ અંગના આશા બનાવી, સ્વાર્થ પુત્રે મોહીયા;
એ સ્વપ્નની સૃષ્ટિવિષે, અજ્ઞાનીઓ મુંઝયા ઘણું. ૧
નિજ જીવન શ્વાસોચ્છ્વાસનું, બાહિર્ વહે સુખ ના લહે;
નિજ મનતણી સૃષ્ટિ બને ને, નાશ તેનો મનથકી.
સંયોગનો વિયોગ છે તે, જોઇને જોઈ રહો;
ઇચ્છા કદિ પૂરાય નહિ ને, ચિત્તથી તે નહિ ખસે. ૨
આકાશથી ઉંચી ઘણી, પાતાલથી નીચી ઘણી;
આવે ન તેનો અંત ક્યાંહી, લોભસાગર મોટકો.
એ મન બગાડે તન બગાડે, વાણીનું ભાનજ નહીં;
જે લોભસાગરને તરે તે, પાર પામે દુઃખનો. ૩
પરતંત્ર બેડીમાં પડયા, જીવો રડે મોહોદયે;
નિજ ભાન ભૂલી પ્રાણીઓ સૌ, મોહની સંગત કરે.
એ મોહ સ્હામે ઝુંઝનારા, મોહને વશ કૈં થતા;
સંસારની વિચિત્રતાને, જોઈ તેવું જોઈ છે. ૪

આશાતણા તંતુથકી, આલમ બધી બંધાય છે;
નિજ આત્મજ્ઞાનાગ્નિથકી, તે તંતુ છેદે કો મુનિ.
જગ વાસના વાદળ ચઢ્યું ને, દુઃખની વૃષ્ટિ થતી;
કોઈ બચી કોરો રહે જે, જાગતો અન્તર રહે. ૫
જંજાળ માયાએ રચી, તેમાં પડ્યા સૌ પ્રાણીઓ;
સૌ કોઇને ખાઈ જતી ને, કોઈ બચતા જ્ઞાનીઓ.
શુભ આત્મશક્તિ ફોરવી, નિર્લેપ રહી અન્તરથકી;
જાગી મળેલા જન્મની, "બુદ્ધયબ્ધિ" સાર્થકતા કરો. ૬

ૐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૮ વૈશાખ સુદિ ૯.

मन.

હરિગીત.

દોડે ઘણું રાચે ઘણું, સુખ શોધતું જ્યાં ત્યાં જઇ;
સુંઘે ઘણું સ્પર્શે ઘણું, દેખે ઘણું ચાખે ઘણું.
જેજે જુએ તે પ્રાપ્ત કરવા, કલ્પના કરતું ઘણું,
આશાથકી સેવક બની, વાઞ્છા કરે પાયે પડે. ૧
શુભ મેળ મેળવવા ઘણું, ઝટ તલસતું પ્રેમી બની;
તે પ્રેમીના એ પ્રેમના, ઉત્તર વિના પાછું વળે.
તુજ પ્રેમ જ્યાં લાગી રહ્યો, ત્યાં દોડીને ભટકે ઘણું;
બાળક પરે હાડો કરી, માને નહીં શિખ કોઇની. ૨
બાળક પરે રોતું અને, હસતું પલકમાં પ્રેમથી;
ઉંચું ઘણું નીચું ઘણું, નીચું નહીં ઉંચું નહીં.
છે પેટ ત્હારૂં ખૂબ ઉંડું, સૃષ્ટિ પણ બિંદુ સમી;
સમજાવતાં સમજે નહીં, ઇચ્છાથકી જ્યાં ત્યાં વહે. ૩
શુભ યોગીઓના યોગને, તું હચમચાવે પલકમાં;
ઇન્દ્રોથકી બાથ જ ભરી, આશ્ચર્યને ઉપજાવતું.
તું રાંક જેવું થૈ પલકમાં, દીનતા જ્યાં ત્યાં કરે;

આશ્ચર્યકારી અકલ ઘટના, દેખતાં પારજ નહીં. ૪
દરિયાવિષે પર્વતવિષે, પૃથ્વીવિષે લોકો સહુ;
છે શક્તિ ત્હારી કલ્પનામય, તેથકી જીવો ભમે.
યંત્રો ચલાવે જે જીવો, તેને ચલાવે તું અરે;
છે જગત સઘળું પુતલીની, પેઠ તુજથી નાચતું. ૫
નિજ હસ્તમાં એ નાચની, દોરી ગ્રહી જીવો રહ્યા;
જે જે કર્યું ને જે કરે, તે વૈખરી નહિ વર્ણવે.
પાછળ પડયો છું ઝાલવાને, લાગ તાકું છું ઘણા;
શુભ "બુદ્ધિસાગર" યત્નથી, અન્તે થશે તું હાથમાં. ૬

ॐ शान्तिः ३

સંવત ૧૯૫૮ વૈશાખ સુદિ ૧૫

ઓરસદ.

कमल.

હરિગીત.

કર્દમ અને વારિથકી, ઉત્પન્ન થઇ વાધ્યું ઘણું;
શુભ સ્નેહ બાંધ્યો સૂર્યથી ને, સૂર્યથી ખીલે બહુ.
ભમરા સુગંધે પાસ આવી, ખૂબ ગુંજારવ કરે;
કિન્તુ રહ્યો કાંટાતણો એ, દોષ પીડે અન્યને. ૧
શોભા કરે સરવરતણી, આનન્દને ઉપજાવતું
કરી સંગ જલનો જીવતું પણ, સ્નેહને બાંધે નહિ.
એ દોષ વા સદ્ગુણ છે ઝટ, ખ્યાલ કર તું વિવેકથી;
અન્તર્ થકી નિર્લેપતાની, શક્તિ કયાંથી તે ગ્રહી ? ૨
ન્યારૂં નથી વારિથકી એ, દેખતાં દેખાય છે;
જલ લેપ તો લાગે નહીં એ, વાત ચિત્ત સુહાય છે.
જલ સંગતે જડ નહિ બન્યું, ચૈતન્ય રાખું ચિત્તમાં;
સૂર્યાસ્તથી મિંચાય છે એ, જ્ઞાન વણ બનતું નથી. ૩
તેં સૂર્યની પ્રીતિ કરી, સૂર્યોદયે વિકસે ઘણું;

તેં દૂરનો પ્રેમજ કર્યો ને, પાસ સ્નેહજ છોડિયો.
એ રીત શિખે જગત તુજથી, વા જગતૂથી તું લહે;
નિર્ણય કરીને ન્યાયથી તું, બોલ સાચું વદનથી. ૪
તું સૂર્યનો સ્નેહજ ધરે, વારિથકી નિસ્સ્નેહને;
ઉપકાર કોણે બહુ કર્યો એ, વાત તું ભૂલી ગયું.
ઉપકારને ભૂલી ગયું એ, દોષના કાંટા બન્યા,
જીવે નહીં વારિ વિના એ, પ્રાયશ્ચિત્તજ આદર્યું. ૫
એ પ્રાયશ્ચિત્તજ આદરીને, ભૂલની માફી લહુ;
ઉપર રહ્યું ઉંચાતણી, પ્રીતિ ધરીને શોભતું.
કોમલ અને વ્હાલું ઘણું, વારિ વિના નહિ રહી શકે;
"બુદ્ધચબ્ધિ" શુભ પંકજ રવિ, કિરણોવડે ખીલે અહો! ૬

ॐ शान्तिः ३

સંવત્ ૧૯૬૮ વૈશાખ સુદિ ૧૫
ઓરસદ.

आशा वैपरीत्य.

હરિગીતઃ—

આશા અમારી એ હતી દિલ, સંગથી લાભજ થશે;
ઉંચા ચઢીશું સંગતિથી, હા! થયું નહિ કંઇ અરે!
વિંટાયલો સમૂહે સુણીને, આશને ધારી હતી;
જોયું અને જાણ્યું સુણ્યું સૌ, ભાસતું વિપરીત રે! ૧
જ્યાં શુદ્ધ પ્રેમજ સ્વપ્નમાં, ન વદવું કળાથી મર્મમાં;
દોષો નિરખવા દૃષ્ટિનો, અભ્યાસ નિશદિન ચાલતો.
અફલ ઘણી કલેશે ભરી, બહુ ભય પમાડે અન્યને;
એ પૂર્વના સંસ્કારથી સૌ, ખેલ ખેલાતા ખરે. ૨
બહુ કલેશ હોળી સ્વાર્થના, ઝઘડાવિષે બુદ્ધિ વધે;
પણ સંપ વા પરમાર્થના, કાર્યો સમે ઉંઘી જતા.
ઝટ પક્ષને તો પાડવામાં, દાવ પેચો બહુ થતા;

પ્રતિપક્ષીઓ બીવે બહુ ને, ઝપટ વાગે કારમી. ૩
ઉંચા થઇ નીચા થઇને, તાકી તાકી દેખતા;
બહુ લાગ તાકી ઝાલીને ઝટ, પંખીઓને ઠોકતા.
પંઝાવડે દાબી કલાથી, દુઃખવો છો અન્યને;
બૂરી અરેરે ! ટેવ દેખી, દૂરથી વર્ણન કરૂં. ૪
મુજ માફ કરશો માફ કરશો, દેખશો નિજ દોષને;
પર પ્રાણને જે દુખવે તે, બુદ્ધિ પણ શઆજ કહ્યું.
જો એક સરખાં પિચ્છવાળાં, પંખીઓ ભેગાં રહે;
ભેગાં રહે ના પંખીઓ, આચાર પિચ્છાં ભેદથી. ૫
મળતી નથી જ્યાં પ્રકૃતિ ત્યાં, પંખી મેળો ના થતો;
કુદરતથકી જુદાઇ જ્યાં ત્યાં, મેળ મળતો ના બધો.
નિજ દૃષ્ટિ જેવી સૃષ્ટિ અન્તરની રચાતી જાણવી;
કુદરત થકી દિલજ મળે ત્યાં, મેળ મળતો સ્હેજમાં. ૬
હું જાઉંછું હું જાઉંછું, આઘો તમારાથી હવે;
જુદા પડે જ્યાં પંથ ત્યાંતો, દૃષ્ટિભેદો હેતુઓ.
જ્યાં ભેદ ત્યાં તો ખેદ છે, ને ભેદથી સંપજ નથી;
"બુદ્ધયબ્ધિ" હંસે જે કચ્યું, તે ધ્યાનમાં સહુ રાખજે. ૭

ૐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૮ વૈશાખ વદિ ૧

બોરસદ.

सागर.

હરિગીતઃ—

ઉંડો અતિશય જલ ભર્યો, દેખાય નહિ તળીયું ખરે;
હું પાર લેવા ઉતર્યો પણ, ખૂબ ઉંડો ભાસીયો.
જ્યાં નજર નાંખી પ્હોંચતી નહિ, સર્વ જલજલ ભાસતું;
જ્યાં ધુંમસ વાદળ યોગથી તો, અગ્નિબોટો છીપતી. ૧
બહુ ધુંધવાતો ગર્જનાથી, છોળકર લાંબા કરી;
મળવા જતો નદીઓ સ્ત્રીઓને, ટેવ અભ્યાસે રહી.
તું ઉછળતો મોજાંવડે, મળવા જવા નિજ પુત્રને;

પણ પુત્ર અળતો ના કદિ ત્યાં, દોષ ત્હારો છે ખરો. ૨
તું મેઘની મહા ગર્જનાને, સાંભળી અન્તર્ બળે;
દુર્બળ થતો તેથી અને બહુ, મેઘ વારિ દાનથી.
કંજુસતાના દોષથી, કલ્લોલકરને થાપડે;
નિર્જીવ માનવ દેહને ઝટ, બહાર કાઢે છોળથી. ૩
ઉંચો થઈ નીચો પડે ને, ભરતી ઓટજ ખેલતો;
એ ખેલનો પારજ નથી, આઘો જઈ પાછો વળે.
કુદરતતણા નિયમથકી, બંધાયલો છૂટે નહીં;
એ નિયમને ગંભીરતાનું, નામ આપે દુનીઆ. ૪
ભાનુ અગસ્તિ પી ગયા, કિરણોવડે તુજને ઘણો;
પાછો થતો નિજરૂપમાં, એ નિયમ છે કુદરતતણો.
તું લક્ષ્મી વિષ્ણુ ધામ સુન્દર, રત્નનો આકર ખરો;
તારી હવા લેઈ બહુ જન, રોગથી દૂરે થતા. ૫
આશા હતી એકજ ખરી, મનમાં ધરી આવ્યો કને;
જલપાન કીધું પ્રેમથી પણ, તરસ મટી નહિરે જરા.
તુંજ સંગથી ખારૂં થયું જલ, સર્વ જેથી જીવતા;
" બુદ્ધયબ્ધિ " શોધજ જે કરે તે, મિષ્ટજલ પામે ઘણું. ૬

ૐ શાન્તિઃ ૩
સંવત્ ૧૯૫૮ વૈશાખ વદિ ૧
બોરસદ.

पक्षीने सम्बोधन.

હરિગીતઃ—

ઓ પંખીડા! વ્હીલા મુખે, બોલે અરે! શાને તુંહિં;
ઉંડા નિશાસા મૂકતો ને, ઢાળતો બે ચક્ષુને.
બોલે ખરો પણ ભાન ના, મેં ચિહ્નથી જાણ્યું ખરે;
ઉંડા અરે! તુજ દીલમાં, ચિન્તા ચિતા સળગી રહી. ૧
ગભરાય શું ધીરજ ત્યજી, દૂહાડા સદા સરખા નહીં;

આશા જીવન લંબાવીનેરે, ખૂબ આનન્દમાં રહે.
તું દીન બન ના દુઃખથીરે, દુઃખ દહાડા વહી જશે;
એ પણ ગયું આ પણ જશે એ, જીવનના ઘટમાળમાં. ૨
ઢીલું કરે મન દીનથૈને, દુઃખ તેથી આવતું;
હુશિઆર રહે ધીરજ ધરી, સ્વમાં ટળે દુઃખનાં સહુ.
જો ચિત્તમાં આવે નહીં કંઈ, બાહ્યનું તો દુઃખના;
એકલ સહાયી મરજીવો થઇ, જ્ઞાનથી હસતો રહે ! ૩
ત્હારૂં બગાડી નહિ શકે કો, દીલમાં વિશ્વાસ ધર;
મેળા મળે જ્યાં સ્વાર્થના ત્યાં, મેળનો શોકજ નહીં.
તું ચિત્ત પાછું ખેંચી લઇને, સદ્વિચારો કર નવા;
શિક્ષાથકી ગુરૂઓ બને છે, આવશે અનુભવ નવો. ૪
બાકી રહ્યા જે જે અનુભવ, હેતુઓ તેના મળે;
એ દુઃખ વા એ સુખના જે, સાક્ષી થઇને વેદજે.
જે જે સ્થિતિ તુજ સંપજે, એ શ્રેયમાટે માનીને;
તું પૂર્ણ કર માથે પડયું નિજ, ફરજ મનમાં માનીને. ૫
આશા ભલી મનમાં ધરી, ફફડાવ પાંખો હર્ષથી;
ઉદ્યોગથી શ્રેયઃ થશે એ, સત્ય નિશ્ચય ધારીને.
અન્તે સહાયક સૌ થશે ને, ધન્યવાદો આપશે;
"બુદ્ધ્યબ્ધિ" પ્રેમી પંખીડા એ, વાત દીલ ઉતારજે. ૬

ૐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૮ વૈશાખ વદિ ૨
બોરસદ.

परमार्थ बीजवपन.

હરિગીતઃ—

તું વાવ ! રાયણ બીજને, પરમાર્થ માટે તે થશે;
ભાવિ મનુષ્યો સ્વાદશે ફળ, ફરજ પોતાની ગણી.
નિજ સ્વાર્થની આશા ત્યજી, વાવે ઘણા દુઃખો સહી;

એ સન્ત પુરૂષો જાણવા જે, સ્વાર્થ વણ કાર્યો કરે. ૧
ઉછેરવા જે જે ઉપાયો, યોગ્ય લાગે તે કરે;
તડકો અને તાઢજ સહી, પરમાર્થમાં લાગ્યા રહે.
ગતકાલ રાયણ વૃક્ષનાં, ફળ ચાખતા ભાવી જનો;
એ ન્યાય દિલમાં ધારીને, ઉછેર રાયણ વૃક્ષને. ૨
જે દેશમાં જે કાલમાં જે, લોક આશા ત્યાગીને;
બહુ વાવતા બીજો ખરે તે, લોકઃઉત્તમ જાણવા.
તે દેશના ભાવિ જનો સૌ, સ્વાદુ ફળ ચાખે ઘણાં;
આશિષ્ દે ગુણ ગાવતા, ગતકાલ માનવ વૃન્દના. ૩
ગતકાલના ઉત્તમ જનોના, ચાલતા પગલે ખરા;
સ્વાર્પણ કરી નિજ જીંદગી બહુ, બીજ વાવે ક્ષેત્રમાં.
પરમાર્થના એ કાર્યમાં, લાગ્યો રહે તન્મય બની;
ફળ લાગશે નિશ્ચય ધરી નિજ, કાર્ય કર ચીવટ ધરી. ૪
શુભ કાર્ય કરવા જીવન છે આ, દેહની કિમ્મત નથી;
શુભ કાર્ય કરવા જન્મ માની, આત્મશ્રદ્ધા ધારજે.
તુજ જીંદગીના હોમની, શુભ ભસ્મમાંથી જાગશે;
કોટી મનુષ્યો માનીને, "બુદ્ધયબ્ધિ" બીજો વાવજે. ૫

ૐ શાન્તિઃ

સંવત ૧૯૬૮ વૈશાખ વદિ ૫

બોરસદ.

ऐक्य.

હરિગીત.

ખચકાય છે ગભરાય છે, શંકાય છે શંકાથકી;
વિપરીત આતે શું હશે, મન માન્યતાથી પેખતાં.
એ ખૂચતું મનમાં બહુ, પણ પૂર્ણ નિશ્ચય નહિ થતો;
ગંભીરતા તજી નહિ જતી ને, પ્રેમ પણ ચોંટે નહિ. ૧
સ્હેવાય નહિં સંબંધ વણ ને, દીલ ખટકે મેળથી;

તે મેળ ના ના મેળ બેમાંથી, કહ્યું શું કેળવું એ.
પાછું પડે બહીને અરે ! મળવા જતું પાછું અરે !
પણ મેળ વણ છુટકો નથી, લાભજ ઘણો નજરે પડે.
ભાવી હશે થાશે સફળ તે, મેળ મળીયો સાચવું;
શ્રદ્ધા હૃદયમાં પૂર્ણ લાવી, જે થશે તે જોઇશું.
મારૂં ગણી સઘળું સહું નહિ, ભેદ કરશું મેળનો;
સારૂં અને ખોટું જગતમાં, સત્ય દૃષ્ટિ ધારીએ. ૩
નિશ્ચય કરી એવો હૃદયમાં, મેળ તેં રાખ્યો હવે;
મન એમ જો તુજ યોગ્ય લાગ્યું, તો હવે એમ ચાલજે.
ધોળા તરફ દૃષ્ટિ દઇને, ભૂલ કાળી બાજુને;
કહિ બીક નહિ એ મેળને, એ મેળથી શુદ્ધજ થશે. ૪
બાકી રહ્યું મન માન્યતામાં, ખૂબ મેળવવું રહ્યું;
વિપરીતતા દૂરે થશે ને, ભેદ મનના ભાગશે.
એ મેળ કાળ બહુ જતાં, પરિણામ સારૂં અર્પશે;
સર્વત્ર સાચા મેળને પ્રકટાવવા સહાયી થશે. ૫
એ મેળનાં બીજ વાવવામાં, ભોગ મનનો આપવા;
હિતશીખનો અમૃત ભર્યો, પ્યાલો ચઢાવી જા હવે.
નાદાન ના થા શુદ્ધ પ્રીતિ, યોગથી સારૂં થશે;
અગ્રિમ પગથીયું મુક્તિનું એ, સત્ય સુખડાં આપશે. ૬
અગ્રિમ કસોટીથી પરીક્ષા, શુદ્ધ પ્રેમ સુવર્ણની;
કરતાં કદાપિ રંગ ના બદલે, સુવર્ણજ જો હશે.
તે શુદ્ધ પ્રેમે એ કસોટી, મેળની મન માનજે;
"બુદ્ધયબ્ધિ" સાધુ સન્તનો, શુભ મેળ કરજો પ્રેમથી. ૭

ૐ શાન્તિઃ ૩

સંવત ૧૯૬૮ વૈશાખ વદિ ૬.

બોરસદ.

---

* આ કાવ્યમાં "મેળ" શબ્દ "ઐક્ય"ના અર્થમાં યોજેલો છે.

પ્રેમ.

હરિગીત:—

જૂદું પડ્યું સાંધે અને, સૌ અંગને અંગી કરે;
મનભેદ સઘળા ભાંગીને, રસતો અભેદે સર્વને.
નિજ મેળનું ઐક્યજ રહે, અન્તર્ રહે ના ભિન્નતા;
શક્તિ ધરે દૈવી અને, લલચાવતો સૌને અહો ! ૧
સૌ સૈનિકો યુદ્ધોવિષે નિજ, પ્રાણ આહુતિ દીએ;
સતીઓ બળે ચિતા રચી નિજ, પ્રાણની ભસ્મજ કરે.
મિત્રો મળે મિત્રોથકી, વિશ્રામ આપે શાન્તિનો;
નિજ દીલ ઉભરા કાઢીને, વાતો કરે રંગે રમે. ૨
નિજ બાળને ધવરાવતી માતા, સુકોમળ હસ્તથી;
શીર પાદને સ્પર્શી ઘણું, કંઇ નૂતન રસને રેડતી.
મનમાં ઘણી મકલાઇને,નિજ બાળનું ધ્યાનજ ધરે;
માતા અને બાળક ઉપર, બહુ શક્તિ તારી જામતી. ૩
ચારો ચરે ફરતી ફરે, ઓં ઓં કરે પાણી પીવે;
પણ દીલમાં નિજ બાળને, સંભારતી ક્ષણ ક્ષણવિષે.
ગોવાળને પણ છેતરી, નિજ બાળને ધવરાવવા;—
બહુ દુગ્ધ સ્તનમાં રાખતી, ગૌ વત્સને ધવરાવતી. ૪
રૂચે નહીં તારા વિના, દેખાય જગમાં દેખતાં;
આકાર ધરતો અભિનવાને, વેશ પ્હેરે અભિનવા.
પૂજા કરે ત્હારી સહુ, પૂજા કરાવે સહુ કને;
ત્હારા વિના ચાલે નહીં, સંસારના મેળા મળે. ૫
આકાશમાં ઉડે અને યુદ્ધો, કરે બહુ જાતનાં;
તેને કરે ઢીલો અને તે, પુષ્પ જેવો થઈ રહે.
પગ બેડીઓ તોડે અને, બહુ લોક સાંકળ તોડતા;
તેવા જનો તુજ તંતુથી, બાંધ્યા થકી છૂટે નહીં. ૬
ડુંગર ઘણા વૃક્ષો ઘણાં, ઝરણાં ઝરે વ્હેળા વહે;
સિંહો કરે બહુ ગર્જના ને, ત્રાસ પામે પ્રાણીઓ.

પર્વત વિષે ગુફા કરી ધ્યાનજ, ધરે કે યોગીઓ.
એ યોગીઓના ચિત્તની, ગુફાવિષે યોગી બન્યો. ૭
બહુયોગની જે સાધનાઓ, ત્યાં વસે નજરે પડે;
મહિમા અકલ તારો અરે કોઈ, પારને પામે નહીં.
તું મન હલાવે તન હલાવે, બહુ ભમાડે જીવને;
સ્વાર્પણ કરાવે દુઃખથી, એવું કર્યું તેનું અરે. ૮
તું મન મનાવે તન ઠરાવે, ગીત ગાવે સુખનાં;
મન સૃષ્ટિનો રાજા બની, પરવા ધરે ના કોઈની.
તું પુષ્પનાં શસ્ત્રોથકી, જીતે જગતના સૈનિકો;
ઇશ્વર બની તું સૃષ્ટિનો, ઘટ ઘટવિષે વ્યાપી રહ્યો. ૯
જ્યાં તું નથી ત્યાં હું નથી, જ્યાં તું રહ્યો ત્યાં સહુ રહ્યું;
મન વૃત્તિરૂપી ગોપીયોનો, કૃષ્ણ થઇ રાસો રમે.
બહુ વૃત્તિરૂપી ગોપીઓ, આનન્દ લે ત્હારાથકી;
જીવ વિષ્ણુના અવતાર પણ, ત્હારાથકી થાતા ઘણા. ૧૦
ઇન્દ્રો અને ઈન્દ્રાણીઓ, દેવો અને સૌ દેવીઓ;
પૂજે તને એ સૌ હૃદયમાં, રાખીને ઇશ્વર પરે.
સુલ્તાન રાજા શહેનશાહો, ચક્રવર્ત્તિ ઠાકુરો;
શેઠો દિવાનો સર્વ વર્ણો, પૂજતી તુજને ઘણું. ૧૧
ચકલાં વગેરે પંખીઓ, પશુઓ સહુ પૂજે તને;
મન યંત્રમાં વાસો કરી, ઘડીયાલ જગની ફેરવે.
ન્હાના અને મ્હોટા સહુ, જીવો રમાડે સૃષ્ટિના;
તું ધર્મના જે જે મતો, તેમાં રમાડે સર્વને. ૧૨
તું બોલવામાં ચાલવામાં, વાતમાં ને ચિત્તમાં;
તું દેહમાં ને ગેહમાં, પૃથ્વી અને પાતાળમાં.
રસીયા બનાવે જીવને, કાર્યોવિષે મન વૃત્તિના;
ઉડયો અરે તું જ્યાં થકી, ત્યાં ચિત્ત તો લાગે નહીં. ૧૩
સારાં અને બૂરાં સકલ, કાર્યો થતાં તુજ સંગથી;
તુજને અરે ! જે પારખે તે, દિવ્ય જ્ઞાની જાણવો.
એ રૂપ ત્હારાં જાણીને જે, શુભ રૂપજ આદરે;

સાથી બનાવી મુક્તિના, પંથે વિચરતો તે ખરે. ૧૪
સાચા વિવેકી જ્ઞાનીઓ, તુજ સ્હાય લે આગળ જવા.
ઉપયોગ ત્હારો શુભ કરી, આનન્દ શોધે નિત્ય તે.
તારી મદદથી ધ્યાનને, આચાર સર્વે પાળતા.
" બુદ્ધયબ્ધિ " આલંબન ગ્રહી, આનન્દ પામે જ્ઞાનીઓ. ૧૫

ॐ शान्तिः ३

સંવત્ ૧૯૬૮ વૈશાખ વદિ. ૭

शङ्का समाधान.

હરિગીતઃ—

શંકા ઘણી પૂછી મ્હને જે, મનવિષે પ્રકટી હતી;
ચર્ચા કરી ઉત્તર દઇ, શંકા સહુ ટાળી હવે.
સમજાયું સૌ સવળું અને, વિપરીતતા દૂરે ગઇ;
શ્રદ્ધા વધી પ્રેમજ વધ્યો, ગંભીરતા પ્રકટી ઘણી. ૧
સ્વાર્પણ કરી તેં જીંદગી, આપી વચન સંકલ્પથી;
ઉત્સાહ વાધ્યો દીલમાં ને, દીલને અર્પણ કર્યું.
પરમાર્થ કરવા જીંદગી, સઘળી હવે અર્પણ કરી;
શિષ્યજ બની અન્તરથકી તેં, દીલ ઉભરા કાઢીયા. ૨
જેવો બન્યો તું હાલમાં, તેવો સદા તું થઇ રહી;
હરિચંદ્રની પેઠે પ્રતિજ્ઞા, પાળજે તું પ્રેમથી.
ઉપકાર કરજે સર્વપર, નિષ્કામ ભાવે તું રહી;
આતિથ્ય શ્રેયોભાવનું, કરજે સકલનું ભાવથી. ૩
વીતરાગ વચનો ચીતરી તું, હૃદય પટપર રાખજે;
સેવક બની પરમાત્મનો, તદ્રૂપ થાજે યત્નથી.
ઉંડા કૂવા અમૃત ભર્યા, ગંભીરતાના જાણીને;
તું પાન કરજે પ્રેમથી એ, પાનથી મૃત્યુ નથી. ૪
મન વાયુથી નિશ્ચય ગિરિવર, કંપતો જરીએ નહીં;
એવો ગિરિવર આત્મમાં, સંકલ્પ નિશ્ચય ઉદ્ભવો.

જે અર્કના તુલની પરે, વાયુ થકી ભમતા રહે;
તેવા વિચારો જે કરે તે, કાર્ય સિદ્ધિ ના કરે. ૫
નિશ્ચય કરી સંકલ્પનો તું, આત્મ સાધન સાધજે;
વિઘ્નો સહી કોટી ગમે તું, આત્મભાવે વાધજે.
જે બીજથી વાધ્યો ઘણું તે, બીજ ફુલ પ્રકટાવજે;
છાયા અને તડકા સહી, પરમાત્મપદને ધ્યાવજે. ૬
જે મોહના સંકલ્પ તે, સંસાર માંહીં ફેરવે;
ચકડોળ જેવી મનગતિ, તેને હવે તું વારજે.
ઉપદેશના પરમાર્થને, ધારણ કરીને ચાલજે;
"બુદ્ધયબ્ધિ" શ્રદ્ધા ભક્તિથી, આનન્દ રસને સ્વાદજે. ૭

ૐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૮ વૈશાખ વદિ ૮
કાવિઠા.

चालो अमारी साथमां.

હરિગીત.

ઉંચી અને નીચી ઘણી, પગ શેરીઓ ઉલ્લંઘીને;
જાઉં અમારા સ્થાનમાં, પૂછ્યાથકી ઉત્તર દઉં.
આ જીંદગીનો સાર જો, જાણ્યો હવે તો એ કથું;
પ્રેમે સદા સાથી બની, ચાલો અમારી સાથમાં. ૧
આનન્દ અપરંપાર છે જ્યાં, દુઃખ તો ના લેશ છે;
એવા નિરઞ્જન દેશમાં, સન્તો ઘણાયે જાય છે.
આગમ દિશિ દેખાડતું, જાવું અનુભવદષ્ટિથી;
પ્રેમે સદા સાથી બની, ચાલો અમારી સાથમાં. ૨
મન વૃત્તિઓના ભેદની, સ્વચ્છન્દતાને પરિહરી;
નિજ રૂપમાં પરિણામ પામી, દષ્ટિમાં સામ્યજ ધરી.
આવ્યા વિકલ્પો મોહના, ક્ષણ ક્ષણવિષે દૂરે કરી;
પ્રેમે સદા સાથી બની, ચાલો અમારી સાથમાં. ૩

વીણા વગાડી ધ્યાનની, આનન્દમાં ગુલ્તાન થઇ;
સમતા સરોવર ઝીલીને, નિર્મલ કરીશું દીલને.
શુભ સહજ આનન્દ બાગની, સુગંધી લ્હેરો પામવા;
પ્રેમે સદા સાથી બની, ચાલો અમારી સાથમાં. ૪
વિશ્વાસ એકજ ધારીને, બીજું કશું સ્મરવું નહીં;
જે જે થતી શંકા બધી તે, દૂર કાઢી નાંખજે.
" બુદ્ધયબ્ધિ " નિશ્ચયં દિલ ધરી, પરમાર્થવૃત્તિ આદરી;
પ્રેમે સદા સાથી બની, ચાલો અમારી સાથમાં. ૫

ॐ शान्तिः ३

સંવત્ ૧૯૬૮ વૈશાખ વદિ ૯.

કાવીઠા.

हृदयनी चोपडी.

હરિગીત.

વાંચો હૃદયની ચોપડી મુજ, પાસ પ્રેમે બેસીને;
ખુલે જીવનમાં જે કર્યું. બહુ જાતનું નાટક ખરે.
લેખો લખ્યા સંસ્કારના, વાતો અનુભવ પાત્રની;
એ જાણીને આનન્દમાં, ગુલ્તાન થઇ જાશો તમે. ૧
ગતકાલનાં ચિત્રો અને વર્તમાનમાં જે ચિતર્યાં;
ચિત્રો નિહાળી સૌ ખરાં, અનુમાન કરશો ભાવિનું.
ન્હાની અમારી ચોપડીમાં, જે મળ્યું તે સૌ લખ્યું;
નાટક કર્યું એમાં લખ્યું એ, વાંચ અન્તર્ ચક્ષુથી. ૨
આ સ્થૂલપર જે જે થયું ને, સૂક્ષ્મમાં જે જે થયું;
તે સર્વને આલેખીયું, છાનું જરા રાખ્યું નથી.
"પાનું ફરે સોનું ઝરે" એ, કહેણીનો અનુભવ અહીં;
વાંચો અમારી ચોપડી, અનુભવ કરો બહુ જાતના. ૩
એ ચોપડીને વાંચવામાં, પાત્રતાને મેળવો;
અંકાય ના કિંમત કદિ, એ ચોપડીની જાણશો.
હીરા ઝવેરી પારખે પણ, ચોપડી પરખે નહીં;

જે ઉલટ આંખે દેખતો તે, છે ઝવેરી પારખું. ૪
એ ચોપડી વાંચ્યા વિના, અભિપ્રાય બાંધો સ્વામિનો;
પણ ભૂલ કરશો મોટી ને, અન્યાય મળશે અન્યને.
દિલ ચોપડી વાંચ્યા વિના, ન્યાયાધીશો ભૂલે ઘણું;
એ ચોપડી વાંચ્યા વિના, ન્યાયજ નથી ભવ કોર્ટમાં. ૫
આલમ બધી ભૂલે અરે! દીલ ચોપડી વાંચ્યા વિના;
સર્વજ્ઞ વિણુ કરતો નથી કો, ન્યાય એના સ્વામિનો.
દિલ ચોપડી ભવ પત્રમાં, જે જે લખ્યું સઘળું અમે;
"બુદ્ધયબ્ધિ" દિલ નિર્મલ કરી, વાંચો અને સારૂં ગ્રહો. ૬

ૐ શાન્તિઃ ૨

સંવત્ ૧૯૫૮ વૈશાખ વદિ. ૧૨.
વડતાલ.

ધૈર્ય.

હરિગીત

મુખ રાંકડું મન દિલગીરી, કરીને અરે! દુઃખડાં લહે;
થાશે થવાનું જે હશે તે પૂર્વથી શું ચિંતવે.
છાયા પછી તડકો અને, તડકા પછી છાયા થતી;
આ ઝિંદગીમાં જે બને તે, વેદવું આનન્દથી. ૧
સત્કાર દે આવેલને, જનારનેજ વળાવજે;
તવ આંખ આગળ જે બને તે, જોઇ લે સમભાવથી.
ધડકાવ નહિ નિજદીલને, ભીતિ ખસેડી દે હવે;
ચીરે હૃદયને ગર્જના તે, ગર્જનાને ચીરજે. ૨
સંકલ્પનો નિશ્ચય કરી, નિજ કાર્યમાં લાગી રહી;
નિષ્કામ પ્રેમે ચાલ તું, આગળ બને તે જોઇ લે.
તું દેખીને ડર ના જરા, એ શત્રુઓ થંભી જશે;
તવ આત્મબળથી દુઃખનાં, વાદળ સહુ વિખરી જશે. ૩
બાંધ્યાં અરે! જે બંધનો તે, તોડી દે ઝટવારમાં;

પરતંત્ર થઈ જીવો પડયા તેનાં, અરે ! દુઃખ ટાળજે.
ગર્જાવને આલમ લખી, શ્રીવીરના વચનોવડે;
સોના સમી આ ઝિંદગી, મેલી કરીશ ના ધૂળથી. ૪
બીવરાવતાં જે ભૂતડાં, તેથી હવે તું બ્હી નહીં;
બ્હીતો નહીં બ્હીવરાવ નહિ, નિજ કાર્ય કરજે હોંસથી.
એ રાત કાળી લાંબી તે, ક્ષણુ ક્ષણુવિષે દૂરે થશે;
વ્હાશે અરે ! વ્હાણું મઝાનું, સૂર્ય ઉંચો આવશે. ૫
ધાર્યું ભલું પૂરૂં થશે ને, લોક સઘળાં જાગશે;
તે જાગીને અધ્યાત્મનું નિજ, કાર્ય કરશે ભાવથી.
વ્હાણું થતાં વારજ નથી, ધીરજ ધરી લે દીલમાં;
"બુદ્ધચબ્ધિ" અભ્યુદય રવિ ઝટ, જોત જોતાં ઉગીયો. ૬

ॐ शान्तिः ३

સંવત્ ૧૯૬૮ વૈશાખ વદિ ૧૩

વડતાલ.

आम्र.

હરિગીત.

શોભે ઘણો વૃક્ષો વિષે, બહુ લુંબ કેરીની ધરે;
ફળભારથી નીચો નમીને, નમ્ર શિક્ષા શિખવે.
એ ગાન મધુરૂં કોકિલા કરતી, અરે ! તવ મોરથી;
ઉપકાર કરવા અવતર્યો તું, રાખ બાકી નહિ હવે. ૧
શુભ કેરીઓની લુંબ લેવા, પત્થરો જે ફેંકતા;
તેને મધુરાં ફળ દઇને, પાઠ ઉત્તમ શિખવે.
છાયા શીતલતા પ્રાણીઓને, શાન્તિ દે વિશ્રામથી;
ઉપકાર કરવા અવતર્યોતું, રાખ બાકી નહિ હવે. ૨
તડકો સહે વાઢજ સહે પણ, મૌન તું મૂકે નહીં;
તું પ્રાણવાયુ પ્રાણીઓને, આપતો દિવસે ભલો.
વાયુથકી ફરફર હલે તવ, પાંદડાં શોભે ઘણાં;

ઉપકાર કરવા અવતર્યો તું, રાખ બાકી નહિ હવે. ૩
જે તુચ્છ બોરાં રક્ષતી, કાંટાથકી આ બોરડી;
એ બોરડીથી તું ઘણો શુભ, લાખ દરજ્જે શોભતો.
આ કેરડાંના કેરની પાસે, રહ્યા કાંટા ઘણા;
ઉપકાર કરવા અવતર્યો તું, રાખ બાકી નહિ હવે. ૪
ખાટી ઘણી આ આંબલીયો, જીતતી તુજને નહીં;
મહુડી ફળે નિર્લજ્જ થઇ, શોભા ધરે નહિ તવ સમી.
ફળ જાંબુડાં કાળાં ઘણાં, મીઠાં નહીં તારા સમાં.
ઉપકાર કરવા અવતર્યો તું, રાખ બાકી નહિ હવે, ૫
આ લીમડાના ઝાડની, સારી હવા કડવાં ફળો;
વડ પીંપળો ને કોઠ બીલી, ખીજડો સીતાફળી;
કણુજી સરગવો જામફળી, રાયણથકી ઉત્તમ તુંહિ;
"બુદ્ધયબ્ધિ" મંગલ તોરણો, તવ પાંદડાનાં શોભતાં. ૬

ૐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૮ જેઠ સુદિ ૧ વસો.

सरोवर.

હરિગીત.

શોભા ઘણી સરવર ધરે, શીતલ હવા સૌને દીએ;
કમલોથકી શોભે ઘણું, જલદાન સૌને અર્પતું.
બહુ તાપ તપીયા માનવોના, તાપને દૂરે કરે;
શોભા સદા તું ધાર ઉત્તમ, સદ્ગુણોથી જે મળી. ૧
પંખી અને પશુઓ ઘણાં, તવ પાસ આવે હર્ષથી;
તવ સંગથી આનન્દના, કલ્લોલ કાઢે બ્હાર તે.
યાચક થઈ રાજા વગેરે, પાસ તારી આવતા;
પ્રોફેસરો ઋષિયો વગેરે, ગાન તારાં ગાવતા. ૨
મલ ધોવતાં પશુઓ અને, નર નારીયો નિર્મલ થતાં;
તોપણ ક્ષમા ને ધાર તું મલને અરે! નીચે ધરી.
રશ્મિથકી ભાનુ ગ્રહીતુજ, પય ચઢાવે નભ વિષે;

પાયું તને હે મેઘની, વૃષ્ટિથકી નીતિ ધરી. ૩
શુભ પાળપર વૃક્ષો ધરી, લ્હેરો પવનની લે ઘણું;
તવ કીર્તિ ગાતાં પંખીઓ, આકાશમાં ઉડી ઘણું,
તવ બાળબચ્ચાં દેડકાં, મત્સ્યો વગેરે શોભતાં;
વર્ષાઋતુ આકંઠવારિ, ધારીને છલકે ઘણું. ૪
બહુ દેડકાંના શબ્દથી, બોલાવતું તું મેઘને;
એ મેઘની મહાગર્જના, ઉત્તર દીએ છે શબ્દનો.
ખળખળ વહી જળના પ્રવાહો, આવતા તુજમાં ઘણા;
તવ ઉપરે તરતી કરે, હોડી ઘણા જન બેસીને. ૫
દાનેશ્વરી બનીને ખરૂં તું, અર્પતું જલ સર્વને;
ઉપકાર તારો માનીને, દુનિયા કરે ગુણ ગાનને.
તું શુષ્ક થાતાં ખાડ ખોદી, લોક પાણી પીવતાં;
એ દાન દીધું પૂર્વ જેણે, તેજનિર્ધન થઇ દીએ. ૬
સૌને ગણી સરખા અહો ! તું, દાન અર્પે ભાવથી;
જીવાડતું જગ જીવને, સ્વાર્પણ કરી સઘળું અહો !
ઉપકાર પાઠજ શિખવી, કલ્લોલહર્ષે નાચતું;
બુદ્ધયબ્ધિ સત્યાનંદને, દેખ્યાથકી પ્રકટાવતું. ૭

ૐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૮ જેઠ સુદિ ૧.

વસો.

धर्ममघस्वागतम्.

હરિગીતઃ—

આકાશમાંહીં ચાલનારા, સર્વની આશા પ્રભો !
આવો અમારે આંગણે, સન્માન દેશું ભાવથી.
વિદ્યુત્‌ની કરીને મશાલો, ઉતરો નીચા મહી;
નોબત વગાડો ગર્જનાના, શબ્દની આકાશમાં. ૧

કાળા થઇ નીચા ઘણા, ઉતરો કડાકા માનથી;
દાતા થઇ નીચા નમી, વર્ષો હૃદયના ભાવથી.
સન્માન કરશું, સોગણું, પધરાવશું ઘરમાં ખરા;
આશા અમારી પૂરવા, બાકી નહીં રાખો જરા. ૨
મ્હેમાન મોંઘા મૂલના, સન્માન પહેલા દિવસે;
પશ્ચાત્ તો પીશું અને, પાશું કરોડો લોકને.
તારાથકી તનુ મેલને, ધોશું અને બહુ ઢોળશું;
જલદેવના નામે અમે, બોલાવશું પ્રેમે સદા. ૩
બહુધા કરી ઉપયોગને, નિજ પ્રાણ પોષીશું અમો;
ત્હારે જરા ના લાવવું, મનમાં અમોએ જે કર્યું.
પોષી અમારા પ્રાણને, ઉંચો ચઢી આકાશમાં;
વાયુથકી જ્યાં ત્યાં ફરી તું, મ્હાલ દાની થઈ ખરે ! ૪
ઉંચા ચઢો ઉપકારથી કે, જલ વિના ઉંચા ચઢો;
એ વાત દિલમાં જાણીને, ઉત્તર અમારો આપશો,
જલભારથી નીચા નમી, ઉપકાર કરવા વર્ષતા;
હલકા અરે ! ઉંચા ચઢે પણ, ભારથી નીચા નમે. ૫
વર્ષ્યા પછી ધોળો થતો એ, દીલ શુદ્ધિ સૂચવે;
જે આત્મભોગી થઇ રહે તે, સ્વચ્છ થઈ ફરતા ફરે.
આશ્ચર્ય ! કાળો થઇ અરે ! તું યાચકો સંતોષતો;
ક્યાંથી અરે ! તું શિખીયો, એવું મને બતલાવને. ૬
આવ્યા ફરીથી આવશો આ, આંગણું પ્યારૂં ગણી;
વિજ્ઞપ્તિ ને સન્માનની તો, વાટ જોશો ના હવે.
કર્ત્તવ્ય એ નિજનું ગણી, અવસર હવે નહિ ચૂકશો;
બુદ્ધયબ્ધિ મ્હોટો તું સદા, નિજ શક્તિથી જગ ગાજતો. ૭

ॐ शान्तिः ३

સવત ૧૯૬૮ જેઠ સુદિ ૨.

વસો.

गमनोत्सुक मन.

હરિગીતઃ—

ઉત્સુક મન મળવા થયું ને, પ્રેમ આકર્ષે ઘણું;
ક્યારે મળું ક્યાં જઈ મળું, બીજું કશું નહિ ચિત્તમાં.
ગુરૂ નામને સંભારતાં, આગળ રહે મૂર્તિ ખડી;
મન તલસતું અતિશય હવે, જ્યમ જલવિનાની માછલી. ૧
પિયુપિયુ કરીને મન પપૈયો, મેઘનું ધ્યાનજ ધરે;
એ ધ્યાનમાંહીં ચન્દ્ર વણ, ભાસે નહીં પ્રેમે કશું.
ફીકું અરે ! દૃષ્ટાંત પણ તે, ચિત્તમાં ભાસે હવે;
ગુરૂ પ્રેમના સાગરવિષે એ, ચિત્ત લીનજ થઈ રહ્યું. ૨
અદ્વૈતયે એ પ્રેમમાં, આનન્દ રસમાં ઝીલીયે;
હું વંદવા ગુરૂના ચરણને, હર્ષ વેગે ચાલીયો
શિરપર રહ્યો ભાનુ ઘણો, કિરણોવડે તાપજ કરે;
બહુ વાય લૂના વાયરા, પ્રસ્વેદ બિન્દુ નીકળે. ૩
લાગી ઘણી તૃષા અને, પાણી વિના ચાલે નહીં;
જલદાન દીધું સાથીએ જે, પૂજ્ય છે આજન્મથી.
થાકે ઘણું મિત્રો અને તે, કેટલા દૂરે રહ્યા;
પૂછી ફરીથી ચાલતા, પગ થાકીયા પણ ધૈર્યથી. ૪
એ હર્ષના આવેશથી, દુઃખજ પડ્યું જાણ્યું નહીં;
આવ્યો ગુરૂની પાસમાં બહુ, થાક લાગ્યો ઉતર્યો.
ગુરૂના ચરણમાં નાંખીયું, નિજ શિર્ષ હર્ષાશ્રુ વહી;
આનન્દ અપરંપાર હું તું, ભેદ ભાગ્યો ભર્મના. ૫
ગુરૂદર્શને આનન્દના, ઉભરા પ્રકટીયા દીલમાં;
બાકી કહ્યું ના કંઈ હવે એ, લાલ અન્તર જાગીયો.
આ જન્મ ત્હારો થઇ રહ્યો, બાકી રહ્યું ના કંઈ હવે;
બુદ્ધયબ્ધિ ગુરૂના પ્રેમમાં, તન્મયબની શિષ્યજ રહ્યો. ૬

ૐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૮ જેઠ સુદિ ૨ વસો.

સુવર્ણપરીક્ષા.

હરિગીત.

ઇચ્છા પરીક્ષાની થઈ, કષથી કષ્યું બહુયુક્તિથી;
પણ રંગ ત્હારો શુદ્ધ રૂપે, જોઇને મેં જાણીયો.
છેદી અને જોયું તથાપિ, વર્ણ એકજ નીકળ્યો;
તાવ્યું ઘણું અગ્નિવિષે પણ, રૂપ તેં નહિ ત્યાગિયું. ૧
વન કાષ્ઠ સોમણ બાળીને, તેમાં ધર્યું વચ્ચે અહો !
ત્યાં પીંગળીને પાણીના રેલા, સમું બહુ થૈ ગયું.
ઓ ! ભસ્મ તારી થૈ જશે, મૂળરૂપ રહેશે ના જરા;
શંકા કરી જૂઠી પડી તેં, મૂળરૂપ ન ત્યાગિયું. ૨
છેદી તને લાખો બનાવ્યા, ઘાટ સારા યત્નથી;
પણ મૂળ રૂપે ધ્રૌવ્ય તું, શોભી રહ્યું સૌ દેખતાં.
શુભ વર્ણ ત્હારો નહિ ટળ્યો, સુવર્ણ નામે શોભતું;
દુઃખો પડયાં કોટી અને પણ, સ્નેહ તેં નહિ ત્યાગિયો. ૩
કષ છેદ તેમજ તાપથી, તારી પરીક્ષા મેં કરી;
પણ દુઃખ ના દિલમાં ધર્યું તેં પૂજ્ય તું તેથી બન્યું.
ત્હારૂં લઈ દૃષ્ટાંત લોકો, અન્યને ઉપદેશતા;
તું ધન્ય છે ! તું ધન્ય છે! તવ સ્નેહ કોટી ધન્ય છે. ૪
તું ઉપલની સંગે હતું, ત્યાંથી અરે ! દૂરે કરી;
ઉપચાર કીધા શુદ્ધિના તે તેં, સહ્યા નિર્મલ થવા.
હાથે ચઢયું તું શ્રેષ્ઠનાને, દેવના મુગટે ચઢયું;
બુદ્ધયબ્ધિ સાચા સન્તને, ઉપમા જનો તારી દીએ. ૫

ૐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૮ જેઠ સુદિ ૪

વસો.

मन.

હરિગીત.

આનન્દના ઉભરા થકી, છલકાઇ જા તું બહુ અરે;
બહુ બોલ બોલે મીઠડાને, લોકને ખુશી કરે.
સમજાવતું સિદ્ધાંતની, વાતો વિવેકે વ્હાલથી;
પશ્ચાત્ એ બદલી ગયું ને, અન્યરૂપે ભાસીયું. ૧
આકાશ ગાડીમાં ચઢી, આકાશમાં ચાલ્યું ઘણું;
આસ્માનની લેઇ હવા ને, મસ્ત બનીયું મોજથી.
દુનીઆ સકલ તરણા સમી, ગણીને અરે રે ! મ્હાલતું;
પશ્ચાત્ એ બદલી ગયુંને, અન્યરૂપે ભાસીયું. ૨
ભાષા ભણી વાદો કરે ને, બોલ બોલે જોરથી;
યુક્તિ અને પ્રયુક્તિથી, નિજ પક્ષની સિદ્ધિ કરે.
ચર્ચા કરી વાદી બની ને, ડોલતું મગરૂર થૈ;
પશ્ચાત્ એ બદલી ગયુંને, અન્યરૂપે ભાસીયું. ૩
નાના ધરી વેષો અને, શૃંગારથી હર્ષે ઘણું;
મારા સમું કોઈ નથી હું, એકલુંછું શોભતું.
શૃંગારવૃત્તિ રંગની, લીલા ધરી નાટક કર્યું;
પશ્ચાત્ એ બદલી ગયુંને, અન્ય રૂપે ભાસીયું. ૪
ગર્જાવતું આલમ બધી, ધરણી ધ્રુજાવે હાકથી;
મહાકાલ સરખું ઝટ બનીને, પ્રલય કરતું વેગથી.
શૂરૂં બનીને શૌર્યથી બહુ, શૂરરસથી શોભતું;
પશ્ચાત્ એ બદલી ગયુંને, અન્ય રૂપે ભાસીયું. ૫
ઉપજાવતું સૌને દયાથી, સર્વ અશ્રુ ઢાળતા;
દુઃખોદધિમાં ડુબીયું, જાણ્યું હવે આરો નથી.
પ્રારબ્ધના પંજાથકી, દુઃખી બની દુઃખી કરે;
પશ્ચાત્ એ બદલી ગયું ને, અન્ય રૂપે ભાસીયું. ૬
બિચિત્ર વેષો વાણીના, ચાળાથકી હાસ્યજ કરે;

દુનિયા હસાવે ને હસે, બહુ હાસ્ય રસથી વાધતું.
અદ્ભુતતા ક્ષણમાં કરી, અદ્ભુત રસને પોષતું;
પશ્ચાત્ એ બદલી ગયું ને, અન્ય રૂપે ભાસીયું. ૭
સૌને ભયંકર લાગતું એ, કાળની મૂર્તિ બન્યું;
ગભરાવતું બ્હીવરાવતું, ધ્રૂજાવતું સૌ લોકને.
મૂર્તિ બની ભૈરવતણી, સંતાપ કુંકો ફૂંકતું;
પશ્ચાત્ એ બદલી ગયું ને, અન્ય રૂપે ભાસીયું. ૮
ભવ કોર્ટ વચ્ચે બેસીને, ન્યાયજ કરે દુનિયાતણો;
ન્યાયાધીશોને પ્રેરતું એ, ન્યાય કરવા લોકનો.
એ ન્યાયના મહાતાનથી, તાની બન્યું માની બન્યું;
પશ્ચાત્ એ બદલી ગયું ને, અન્યરૂપે ભાસીયું. ૯
ક્ષણમાં હસે ક્ષણમાં રૂએ, ક્ષણમાં અરે ! શાન્તજ બને;
લોભી બને ક્રોધી બને, માયી બને માની બને.
ક્ષણમાં ધરે શહેનશાહીને, સત્તાથકી ફૂલે ઘણું;
પશ્ચાત્ એ બદલી ગયું ને, અન્ય રૂપે ભાસીયું. ૧૦
મેરૂસમી ધીરજ ધરી, ડોલે નહીં તલભાર એ;
વિકલ્પના મહાવાયુથી, કંપાવતાં કંપે નહીં.
પણ મોહ ઇન્દ્રે ચૂરિયું, નિજશસ્ત્રથી છેદિ ઘણું;
પશ્ચાત્ એ બદલી ગયુંને, અન્ય રૂપે ભાસીયું. ૧૧
શુભ પુષ્પથી કોમલ ઘણું, કાઠું ઘણું મેરૂથકી;
ઘેલું ઘણું ડાહ્યું ઘણું, વિચિત્ર વૃત્તિથી ભર્યું.
મર્કટથકી ચંચલ ઘણું ને, ઠામ એકજ ના ઠરે;
શુભ યોગીઓના યોગને, છંછેડવા યત્નજ કરે. ૧૨
લાખો મનુષ્યોની સભામાં, બોલતું ડાહ્યું થઈ;
હિમ્મતથકી આગળ પડી, હિમ્મત સમર્પે અન્યને.
વિદ્યુત્ કરતાં વેગમાં, કોટીગણું થાતું અરે !
આવું બનીને મોટકું, ન્હાનું બને પલવારમાં. ૧૩
વ્યાપાર લાખો જાતના, હુન્નર કરે કોટી ગણા;

દેખે અને વાંચે ઘણું, ચંચલ સદા જ્યાં ત્યાં જતું.
ના સ્થિર એકજ રૂપમાં, રહેતું નથી વશમાં કદા;
બુદ્ધચબ્ધિ જ્ઞાની યોગીઓ, વશમાં કરે મનને સદા.

ૐ શાન્તિઃ ૩

સવત્ ૧૯૬૮ જેઠ સુદિ ૩

अमृताङ्कुरपोषण.

હરિગીત—

હું સિંચું અમૃતરસ થકી, આશા ભલી દિલમાં ધરી;
આધાર જીવનનો ગણી, દેખું અમીદષ્ટિ ભરી.
ઉછેરવા ઉદ્યમ ઘણો, ક્ષણ ક્ષણવિષે કરતો રહું;
તન્મય બની સંયમ કરી, નિજ શક્તિથી પોષું બહુ. ૧
આઘો ફરી પાછો ફરી, આવું અને જોયા કરૂં;
શુભ આશનો અંકુર તું, તુજવણ નહીં કંઇ દિલધરૂં.
મોટો થશે પ્રભુ તું થશે ને, સર્વ આશા પૂરશે;
આશ્રય ગ્રહે જે જે અહો ! તે, સર્વનાં દુઃખ ચૂરશે. ૨
તારી પ્રભુતામાં રહ્યું, ઐશ્વર્ય મ્હારૂં શુદ્ધ છે;
તારા જીવન આનન્દમાં, પરમાર્થથી શુભબુદ્ધ છે.
પરમાર્થમાટે વૃદ્ધિમાં, પરમાર્થનો લ્હાવો ખરો;
એ વત્સ ! સૌ ઝટ જાણીને, જગ જીવનને ઝટ ઉદ્ધરો. ૩
આ ચિત્ત વાણી કાયનો, સંભાર તવમાટે ધર્યો;
આધાર તું મુજ જીવનનો, પરમાર્થ સદ્ગુણથી ભર્યો.
તું હંસની દષ્ટિ ધરી, હંસોવિષે શોભે સદા;
એ હંસની લીલા ધરી, નભમાં વહેછે તું મુદા. ૪
આનન્દનું રસમય જીવન, તારાથકી પ્રતિક્ષણ વહે;
આનન્દ અપરંપાર તારી, શક્તિથી પ્રેમી લહે.
બ્રહ્માંડને આ પિંડનો, વિવેક કરતો તું ખરો;
બુદ્ધચબ્ધિ આગમ તત્ત્વને, જાણી હૃદયમાં મેં ધર્યો. ૫

ૐ શાન્તિઃ

સંવત્ ૧૯૬૮ જેઠ વદિ ૦)) અમદાવાદ.

" सरदार शेठ लालभाइ दलपतभाइना मृत्यु वखत बनावेला दोहरा "

જૈન કોમનો થાંભલો, લાલભાઇ સરદાર;
જૈનધર્મ દીપાવીઓ, ધન્ય ધન્ય અવતાર. ૧
રાજ કાર્યમાં દક્ષતા, વિનય વિવેક વિચાર;
ગંગા કૂખે જનમીયો, ધન્ય ધન્ય અવતાર. ૨
કોન્ફરન્સનો અગ્રણી, કેળવણી દાતાર;
દલપતભાઇ દીકરો, ધન્ય ધન્ય અવતાર. ૩
પરનારી માતા ગણ્યો, અક્કલનો ભંડાર;
દેવગુરૂ ભક્તિ ઘણી, ધન્ય ધન્ય અવતાર. ૪
સિદ્ધાચલને આબુજી, તારંગા ગિરનાર;
તીર્થોનું રક્ષણ કર્યું, ધન્ય ધન્ય અવતાર. ૫
ઘણી પ્રતિષ્ઠા લોકમાં, મેળવીયો બહુ પ્યાર;
ભારત દેશ દીપાવીયો, ધન્ય ધન્ય અવતાર. ૬
ગવર્મેન્ટમાં માન બહુ, અનેક જન આધાર;
શુભકાર્યો કીધાં ઘણાં, ધન્ય ધન્ય અવતાર. ૭
આણંદજી કલ્યાણની, પેઢીનો આધાર;
તીર્થોની સેવા કરી, ધન્ય ધન્ય અવતાર. ૮
કેળવણીના ફંડની, કરી વ્યવસ્થાસાર.
સામાયક નિત્યે કર્યું, ધન્ય ધન્ય અવતાર. ૯
સાધુ ગુરૂની ભક્તિમાં, દઢ સારા આચાર;
ઓશવંશ દીપાવીઓ, ધન્ય ધન્ય અવતાર. ૧૦
જનની ઉપર ભક્તિ બહુ, માતા નામે સાર;
કન્યાશાળા સ્થાપના, ધન્ય ધન્ય અવતાર. ૧૧
અમદાવાદ દીપાવીયું, સર્વવાત હુશિયાર;
કૂળવટ સારી સાચવી, ધન્ય ધન્ય અવતાર. ૧૨
ગુરૂવ્યાખ્યાનો સાંભળ્યાં, યથાશક્તિ અનુસાર;
શ્રાવક ગુણરાગી બન્યો, ધન્ય ધન્ય અવતાર. ૧૩

સમેતશિખરના કેસમાં, આતા આજ્ઞાસાર;
ગયા શિખરજી દુઃખ ત્યાં, ધન્ય ધન્ય અવતાર. ૧૪
અમર થયો કીર્તિથકી, નિજકુળનો આધાર;
સલાહ દેતો સર્વને, ધન્ય ધન્ય અવતાર. ૧૫
રવિસાગર ગુરૂપર ઘણો, જેના મનમાં પ્યાર;
જૈનધર્મ રક્ષા કરી, ધન્ય ધન્ય અવતાર. ૧૬
જૈનકોમની ઉન્નતિ, કરવા મનમાં પ્યાર;
સુધારા ઘટતા કર્યા, ધન્ય ધન્ય અવતાર. ૧૭
તન મન સત્તા લક્ષ્મીનો, આપ્યો ભોગ અપાર;
પરમારથના કારણે, ધન્ય ધન્ય અવતાર. ૧૮
ઓગણુ પચ્ચાશ વર્ષનું, આયુ ભોગવનાર;
વ્હેલો શાથી ચાલીયો, શોક કરે નરનાર. ૧૯
વ્હેલું મોડું સર્વને, મરવું એ નિરધાર;
શુભ કાર્યો જેણે કર્યા, ધન્ય ધન્ય અવતાર. ૨૦
ઓગણીશ અડસઠ જેઠની, વદ પંચમી બુધવાર;
દેહ તજી પરભવ ગયો, કર્મે એહ થનાર. ૨૧
અવશ્ય ભાવીભાવજે, જગમાં તે થાનાર;
શોક કરે કંઇ નહિ વળે, ધર્મ કરે સુખસાર. ૨૨
ક્ષણિક તનધન જાણીને, ધર્મકરો નરનાર;
વૈરાગે મન વાળીને, ચેતો થૈ હુશિયાર. ૨૩
ગુણરાગી ગુણદૃષ્ટિથી, ગુણો ગ્રહે નરનાર;
ગુણ દેખે ગુણને કથે, ધન્ય ધન્ય અવતાર. ૨૪
પરિચયથી ગુણ દેખીયા, શાન્તિ પામોસાર;
બુદ્ધિસાગર ધર્મનું, શરણ સદા સુખકાર. ૨૫

સં. ૧૯૬૮ જેઠ વદિ. ૫

મુ. અમદાવાદ.

ૐ શાન્તિઃ ૩

प्रिय वत्स ! शान्त बनो.

હરિગીત.

નાદાન મ્હારાં છોકરાં ! શાને લડો વ્હાલાં તમે;
સૌ અંગીનાં અંગો તમે છો, વ્યર્થ ક્લેશજ ના ગમે.
હાંસીકરે સર્વે અને, ધિક્કારતા સર્વે જનો;
આકાશ શિરપર તૂટતાં, રાખો નહીં સંપે મણા. ૧
મોંઘાં અમૂલાં બાલકો, મતભેદથી દૂરે રહો;
મતભેદથી ખેદજ ધરીને, દ્વેષ ઈર્ષા ના વહો.
આવ્યાં અમારે આંગણે, પાછાં ફરો ના ક્લેશથી;
સૌ સંપીને ચાલો અને, શાન્તિ ધરો શુભવેષથી. ૨
શુભ વેષ પ્હેરી ભજવવો, એ ભાવ મનમાં લાવશો;
અમૃતભરી દૃષ્ટિથકી, દેખી જનો હર્ષાવશો.
નિર્દોષ શાન્તિ પામવા, રમતા રહો નિજ સ્થાનમાં;
બહુ ખેલવું નિર્મલ મને ને, નિત્ય રહેવું ભાનમાં. ૩
અમૃતભરી વાણી વદી, સંતુષ્ટ કરશો સર્વને;
સત્તાતણા શિખરે ચઢો, પણ લાવશો નહિ ગર્વને.
વાચાળ મારાં બાલુડાં, બોલો વિચારી બોલશો;
સુવિવેકનીજ તુલાવિષે, સૌ જાણીને તે તોલશો. ૪
કાઢી હૃદયના આમળા, હસ્તો મિલાવી ખેલશો;
આનન્દમાં અદ્વય બનીને, ભેદ ભ્રમણા ઠેલશો.
પ્રાણો પરસ્પર પાથરી, જીવો અને જીવાડશો;
ન્હાનાં અમારાં પ્રેમીડાં ! એ ધર્મ શિક્ષા પાળશો. ૫
ઝાલી ચઢો હસ્તો પરસ્પર, મુક્તિના મ્હેલે તમે;
શુભ પન્થમાં વ્હેતાં ખરેખર, સ્હાય આપીશું અમે.
મન મેળ મેળાપી બની, આનન્દ રસ પીશું સદા;
બુદ્ધયબ્ધિ અન્તરૂમાં ધરો, શિક્ષા સમર્પી જે મુદા. ૬

ॐ शान्तिः ३

સંવત્ ૧૯૬૮ અધિક અસાડ સુદિ ૨

અમદાવાદ.

स्वाधिकार कर्तव्य.

હરિગીત.

ચાહે કર્યા વણુ જે નહિ ને, સ્વાધિકારે કૃત્ય છે;
તે કાર્યની પ્રવૃત્તિમાં વ્હેવું, સદા એ સત્ય છે.
નિજ કાર્યની પ્રવૃત્તિમાં, રાચી રહી આગળ ચલો;
નિવૃત્તિમાં પ્રવૃત્તિ છે ઝટ, મેલ મનનો આમળો. ૧
નિષ્ક્રિય બનવા ચાહ તો, પ્રવૃત્તિના પન્થે પડો;
પ્રવૃત્તિને ત્યાગ્યાથકી, અધિકાર વણુ અન્તે રડો.
મારી ઘણાં ફાંફાં પછી, અધિકાર વણુ પાછા ફરો;
માટે પ્રવૃત્તિ આદરી, નિવૃત્તિની આશા ધરો. ૨
કાંટાથકી કાંટો હરો, પ્રવૃત્તિનું જીવન ધરી;
નિવૃત્તિ લક્ષ્યજ બિન્દુ એ, અન્ત થકી પગલાં ભરી.
આગળ વહો મુજ બાંધવો, આગળ વહો આગળ વહો;
પ્રવૃત્તિના ઓ પન્થીઓ ! કાર્યો કરી સુખડાં લહો. ૩
નવરા જરા બેસો નહીં, કરતા રહો કાર્યો સદા;
નિજકાર્યના યોગી બની, જીવન વહો સઘળું મુદા.
નિવૃત્તિના પન્થે પ્રવૃત્તિ, આદરો ઝટ આદરો;
આલસ્ય નિન્દા ત્યાગીને, શુભ કાર્યની કિંમત કરો. ૪
ખોલો હૃદયનાં બારણાં ને, ભૂમિની શુદ્ધિ કરો;
વાવો મઝાનાં બીજ તેમાં, ઉગશે નિશ્ચય ધરો.
નિષ્કામ કરણી કીજીએ, મન રીઝીયે ના ખીજીએ;
બુદ્ધ્યબ્ધિ શુભ પ્રવૃત્તિમાં, નિવૃત્તિ લક્ષ્યજ લીજીએ. ૫

ૐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૮ અધિક અષાડ સુદિ ૬

અમદાવાદ.

सत्यग्र-ण.

કવ્વાલિ.

જગતૂના ગુપ્ત પડદામાં, રહ્યું જે સત્ય તે લેવું;
અમારો સત્ય છે ધર્મજ, ભલે માનો ન વા માનો. ૧
અમોને સત્ય જે લાગે, જગતૂમાંથી લઇશું તે;
મનુષ્યોને જણાવીશું, નથી ડરવું ડરાવ્યાથી. ૨
કરૂણાના વિચારોથી, જગતૂનાં પાપ ધોઇશું;
જગતૂ સેવા ભલી કરવા, ભલા સેવક અમો બનશું. ૩
જગતૂને માતૃવતૂ લેખી, જગતૂને પિતૃવતૂ લેખી;
જગતૂને મિત્રવતૂ લેખી, ભલું વર્તન ચલાવીશું. ૪
જગતૂ આદર્શવતૂ લેખી, જગતૂને ચિત્રવતૂ લેખી;
જગતૂને આત્મવતૂ લેખી, પગથીએ ધર્મના ચઢશું. ૫
જગતૂ શિક્ષક સમું માની, ભલી શિક્ષા ગ્રહ્યા કરશું;
જગતૂ નાટક નિહાળીને, વિવેકે સાર ખેંચીશું. ૬
જગતૂમાં પાણીને દુગ્ધજ, રહ્યાં બન્ને અરે ! ભેગાં;
બનીને હંસ બન્નેને, કરીશું ભિન્ન નિશ્ચય એ. ૭
જગતૂમાં મેઘ બનવાને, જગતૂમાં ચંદ્ર બનવાને;
જગતૂમાં સૂર્ય બનવાને, પ્રવૃત્તિ ધર્મની ધરશું. ૮
જગતૂનો બાગ છે સુન્દર, મનોહર પુષ્પ મોંઘેરાં;
દુખવવાં નહિ દયા લાવી, દૂરે રહી સુંઘવાં જોવાં. ૯
ફુવારા જ્ઞાનના ઉંડે, શીતલતા આપતો વાયુ;
અમારો બાગ કુદરતનો, રહી જ્યાં ખૂબ ખૂબીચો. ૧૦
રસીલા જ્ઞાન યોગીઓ, ભ્રમરવતૂ જ્ઞાન રસ પીતા;
બુદ્ધયબ્ધિ પૂર્ણ રસ પીને, સદા આનન્દમાં રહીશું. ૧૧

ॐ शान्तिः ३

સંવત ૧૯૬૮ અધિક અષાડ સુદિ ૧૦.

અમદાવાદ.

अम[illegible]वादना नगरशेठ चिमनभाइ लालभाइनुं.

દેહોત્સર્ગ કાવ્ય.

સુકોમલ પુષ્પ ખરી પડયું બહુ પ્યારૂં.
થયું ઘણું એ નઠારૂં.— સુકોમલ૦ ૧
તાપે તપીયું કરમાયું બહુ, ફૂળને શોભવનારૂં;
પ્રખર વાયુની ઝાપટ લાગી, થયું પ્રાણુથી ન્યારૂં, સુકોમલ૦ ૨
જલરસની બહુ સાહ્ય મળી નહિ, જલજલ કરતું ચાલ્યું;
મનનું ધાર્યું મનમાં રહ્યું સૌ, ફૂલી ફળી નહિ ફાલ્યું. સુકોમલ૦ ૩
બાગની શોભા બહુ કરનારૂં, સૌને લાગે સારૂં;
સકલ પુષ્પમાંહિ એ પ્યારૂં, સુગંધી ફેલવનારૂં. સુકોમલ૦ ૪
દૈવ ! તને ઓ ! લાજ ન આવી, ખીલતાં સંહાર્યું,
સકલ બન્યું આભાનિ હતું તે, થઇ ગયું અણુધાર્યું. સુકોમલ૦ ૫
આશ ધરીતી ફળની તારી, સૌએ એજ વિચાર્યું;
ભાગ્ય વિના આશા ના ફળતી, થયું કુદરતનું ધાર્યું. સુકોમલ૦ ૬
ચમન પુષ્પ ! સુગંધે ત્હારી, ભ્રમરોએ સંભાર્યું;
શાન્તિ તને હો ! નિર્મલ બુદ્ધિ, સંઘે એ ઉચ્ચાર્યું. સુકોમલ૦ ૭

ૐ शान्तिः ३

સંવત્ ૧૯૬૮ શ્રાવણુ સુદિ ૧૩

અમદાવાદ.

हंस पक्षीने संबोधन.

કવ્વાલિ.

સુકોમલ પાંખ ફફડાવી, ઉડયો આકાશમાં ફરતો;
અલૌકિક સૃષ્ટિની લીલા, નિરખતો ચાલતો આગળ. ૧
સુકોમલ દેહની લીલા, બહિર્ અન્તરથકી શ્વેતજ;
નિરીક્ષ્યો એક યોગીએ, મહીની પાસ બોલાવ્યો. ૨

અકળ એ યોગલીલાએ, બન્યાએ પૂર્વ સંસ્કારે;
હૃદયમાં પ્રેમ જાગંતાં, રૂચિથી હસ્તમાં લીધો. ૩
હૃદયની શુદ્ધતા દેખી, પ્રકટીયા પ્રેમના ઉભરા,
નિજાંકે સ્થાપીયો હેતે, રમાડયો પુત્રવત્ પ્યારો. ૪
પરસ્પર ચિત્તનું ઐકયજ, હૃદય અર્પ્યું અનન્યે હો!
થયું આનન્દનું અદ્વૈત, રહ્યુ ના હું રહ્યું ના તું. ૫
મધુરાં ગાયનો ગાતો, નિરીક્ષી યોગીનું આનન;
હૃદયની સાથ ચાંપીને, હૃદય મારૂં કથાયું એ. ૬
વિકટ એ યોગીનો યોગજ, હૃદય એ યોગીનું ઉંડું;
ગમ્યું નહિ પક્ષીને ત્યાં તો, રૂચિ થઈ ખુબ ફરવાની. ૭
હૃદયનું તત્ત્વ જાણ્યું ઝટ, હૃદયના શુદ્ધ યોગીએ;
ખુલાસો દીલનો કીધો, અરે! શું ઉડવા માગે! ૮
હજી તું બાળ પક્ષી છે, હૃદય આશય નહીં જાણે;
ભવિષ્યજ ઉજળું તારૂં, ખરી વિશ્વાસ રહેવાથી. ૯
હૃદય છે પક્ષીનું હમણાં, પછીથી સંગતે રહેતાં;
થશે દિલ યોગીનું ત્હારૂં, જશે શંકા અનુભવ એ. ૧૦
અધિકારે પડે શંકા, અધિકારે ટળે શંકા;
હૃદયનું ક્ષેત્ર વિસ્તરતાં, પછીથી સર્વ સમજાશે. ૧૧
ઘણો સહવાસ કરવાથી, હળી જાશે ખરી પ્રીતે;
પછીથી હંસ તું પ્યારા, રતિ નિજઆત્મમાં પામીશ. ૧૨
રતિનો લાલ અન્તરમાં, સહજ આનન્દના ભોગે;
બનીને નેમિવત્ નિશ્ચય, ઉગંતાં પાપને છેદજ. ૧૩
કથ્યું એ યોગીએ પ્રેમે, સુકોમલ હસ્તપંપાળી;
હૃદયમાં ઉતર્યો પ્રેમજ, થયો આનન્દ મસ્તાની. ૧૪
હળી તે ગયું માગીગ્યું એ, બન્યું તે દિલનું પંખી;
બુદ્ધયબ્ધિ હંસપક્ષીની, કથાએ જાણ અન્ત્માં. ૧૫

ૐ શાન્તિઃ ૩
સંવત ૧૯૬૮ શ્રાવણ વદિ ૫.
અમદાવાદ.

સ્મરણ.

હરિગીત.

એ ચિત્ત ત્હારૂં કયાં ગયું, એ દિન ત્હારા કયાં ગયા;
અધ્યાત્મરસની ભાવના, કલ્લોલ કયાં છુપી ગયા ?
એ ઉઠતી નાભિથકી આનન્દ ધ્વનિયો કયાં ગઈ;
નિશ્ચય થતો ના ચિત્તથી, વ્યવસાયવાળા ચિત્તનો. ૧
ચર્ચા ભલી એ તત્ત્વની, ઉપરામ પામી શાથકી;
એ ભક્તિનાં મીઠાં ઝરણુ, વ્હેતાં હતાં તે કયાં ગયાં ?
ભાનુ કદિ પશ્ચિમમાં ઉગે, તથાપિ નહિ ટળે;
સંકલ્પ એવો જે કર્યો, તેનું અરે ! એ શું થયું ? ૨
સંસાર માયા જાળના, કીડા બનાયું વા નહીં;
જો પૂજ્ય બુદ્ધિ હોય તો, પડઘા પડે ના શાથકી.
વ્યવસાયમાં ગુંથાઇયો, તેથી અરે ભુલી ગયો;
એ ઉત્તરો દેવાય નહિ, જ્યાં પ્રેમ ત્યાં એ શું બને. ૩
જ્યાં ડગમગે શ્રદ્ધા અને, સંબંધ ઉપરથી થતો;
વિવેકની ખામી ઘણી ત્યાં, ભૂલ ખામી કેટલી.
જે જે થતું જે જે થશે, જે જે અરે ! તે ભોગવે;
પરમાર્થના દાવાથકી, ઉપયોગ આવ્યો એ ખરો. ૪
ગત ઝિંદગી યાદિ કરી, વિવેકથી તું ચાલજે;
જીવન સુધારી આત્મનું, પરમાર્થમાં તું લાગજે.
તનમન અને ધનવાણીનો, ઉપયોગ સારામાં કરો;
બુદ્ધ્યબ્ધિ રુચે તો હવે, પરમાર્થ જીવન ગાળજે. ૫

ૐ શાન્તિઃ ૩

અમદાવાદ, શ્રાવણ વદિ

तत्त्वमसि.

હરિગીત:—

જે તું અરે ! તે હું અરે ! જે હું અરે ! તે તું અરે !
અદ્વૈત એવું થઇ રહ્યું ત્યાં, ભેદ શાનો માનવો.
જ્યાં તું નહીં ત્યાં હું નહીં, જ્યાં હું રહ્યો ત્યાં તું રહ્યો;

જ્યાં ઐક્યરસનું ધ્યાન ત્યાં શી, ભેદની છે કલ્પના. ૧
જીનરાજ છે આ ભક્ત ત્હારો, ઐક્ય એ તુજથી કરે;
એ ઐક્યની જે ભાવના તે, ધ્યાનમાં ઐક્યજ ધરે,
અમૃતભરી દૃષ્ટિથકી જ્યાં, દૃશ્ય ને દૃષ્ટાતણું;
ઐક્યજ બને ત્યાં આત્મનો, આનન્દરસ જામે ઘણો. ૨
આનન્દરસ બહુ ઉછળે, સાગર અભિનવ દિવ્ય જે;
એ દિવ્ય સાગરમાં રહી, ગંભીરતા શોભે ખરી.
પાછી પડે વાણી અરે ! નેતિ કહી થાકી ઘણું;
બુદ્ધયબ્ધિ અન્તર્ રૂપમાં, ઉંડા ઉતરવું ઐક્યથી. ૩

ૐ શાન્તિઃ ૩
સં. ૧૯૫૭ પોષ સુદિ ૨.

પ્રભુનું શરણ.

કવ્વાલિ.

ફકીરી આ અવસ્થામાં, શરણુ ત્હારૂં પ્રભો ! મુજને;
ત્વદર્થે સર્વ ત્યાગ્યું મેં, હજી પણ ત્યાગવાનું શું ? ૧
થયો નહિ ત્યાગ જો પૂરો, પ્રભો બતલાવ તે પૂરો;
શરણુ આવ્યો સુધારીને, કરો ઉદ્ધાર સેવકનો. ૨
અકલ મહિમા પ્રભો ત્હારો, કળાતું રૂપ નહિ ત્હારૂં;
ગમે તેવો ગણી ત્હારો, પ્રભુ તું તાર સેવકને. ૩
સકલ જાણે સકલ દેખે, પ્રભો ! તુજને ઘણું શું કહું;
પ્રભુતા રાખજે ત્હારી, ગણીને બાળ આ ત્હારો. ૪
ઘણું અકળાય મન મ્હારૂં, પ્રભો ! તુજ વિણ નથી ગમતું;
દઈને કેવલદૃષ્ટિ, બિરૂદ તું રાખ પોતાનું. ૫
હૃદયના ભાવના પુષ્પે, પ્રભો પૂજું ત્હને પ્રેમે;
અનુભવ જ્ઞાન દીપકથી, કરૂં તુજ આરતી જ્યાં ત્યાં. ૬
પ્રભો ! તુજથી બને ઐક્યજ, સદાની પ્રાર્થના એ છે;
બુદ્ધયબ્ધિ ભક્તિના પંથે, હૃદયથી દેખીશું તુજને. ૭

ૐ શાન્તિઃ ૩
સંવત ૧૯૫૭ પોષ સુદિ ૧૨ ગુરૂવાર.

મસ્તજ્ઞાનીઓ.

કવ્વાલી.

જુવે છે મસ્ત જ્ઞાનીઓ, હૃદયના ઉચ્ચ આશયથી;
ફરે પ્રારબ્ધથી જ્યાં ત્યાં, સહજ આનન્દના રસિયા. ૧
વદે છે મસ્તિથી શબ્દો, ધરી આનન્દ અંગોમાં,
નથી એ અંગથી પ્રકટ્યો, સહજ આનન્દ ભોક્તાઓ. ૨
પ્રવેશે વૈખરી જ્યાં નહિ, અહો ! ત્યાં સન્તની દૃષ્ટિ,
જગત્ જ્યાં બોલતું નહિ ત્યાં, ખરેખર સન્ત બોલે છે. ૩
પરિમિતનું થતું માપજ, પરિમિતથી ઘણું દૂરજ;
થઇ વ્યાપક રહે છે તે, જુએ જ્યાં ત્યાં સ્વયં દેખે. ૪
સમાતું સર્વ જે માંહીં, અરે ! તે તત્ત્વ છે પાસે;
કરી દર્શન ખુશી થાતા, કહે કોને કથાતું ના. ૫
કરે પ્રારબ્ધથી કૃત્યો, શમાવે સર્વ સંકલ્પો;
બહિર્થી દેખતી દુનિયા, હૃદય દેખે અરે ! ક્યાંથી. ૬
હૃદય સાગર બનાવીને, ભલું તેમાં ભરે સન્તો;
ઉપર દેખે વળે નહિ કંઈ, હૃદય દેખે મળે રત્નો. ૭
બહિર્થી દેખતાં તેઓ, પ્રથમતો મૂર્ખ લાગે છે;
હૃદયની પાસ જાવાથી, ઘણું આશ્ચર્ય થાવે છે. ૮
ખરે એ મસ્તજ્ઞાનીઓ, નિવૃત્તિ માર્ગમાં ફરતા;
વિનય સેવા ખરી ભક્તિ, વિના નહિ દીલ આપે તે. ૯
અહો ! એ મસ્ત યોગીના, ઘણા ગંભીર છે શબ્દો;
બુદ્ધ્યબ્ધિ મસ્તયોગીનું, હૃદયજાણે રહે સાચું. ૧૦

ૐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૭ પોષ વદિ. ૧ રવિવાર.

સત્યનો અપેક્ષા.

કવ્વાલિ.

ઘણા છે માર્ગ સાચાના, ઘણી છે સત્ય વ્યાખ્યાઓ;
સકલ નયથી અહીં સાચું, પ્રભુનો માર્ગ જોઇ લે. ૧
નિસરણીનાં પગથીયાંઓ, ઘણાં છે જોઇલે જ્ઞાને;
બધાં ભેગાં કરે ત્યારે, બને છે સત્ય નિઃસરણી. ૨
વિચારો સર્વના સરખા, કદિ નહિ થાય સરખા તે;
અપેક્ષા કૈથકી સાચા, વિચારી સત્યને લેવું. ૩
અપેક્ષા દૃષ્ટિ ત્યાગીને, યદિ અવલોકશો શાસ્ત્રો;
નહીં નિરખાય સાચું તે, અપેક્ષા ત્યાં રહે સાચું. ૪
કરોડો બાજુથી દેખે, ગ્રહાશે સત્ય વસ્તુનું;
વિલોકયું એકદૃષ્ટિથી, રહ્યું બાકી ઘણું સાચું. ૫
વચનના માર્ગસમ જાણો, નયોના માર્ગ અન્તરમાં;
નયોના જ્ઞાનવણ સાચું, પરિપૂર્ણજ ગ્રહાતું ના. ૬
પ્રભુ મહાવીર ઉપદેશે, થતું એ સત્યનું જ્ઞાનજ;
નથી એકેકદૃષ્ટિમાં, પરિપૂર્ણજ અરે ! સત્યજ. ૭
સકલનયદૃષ્ટિથી સત્યજ, પ્રભુ મહાવીર વાણીમાં;
બુદ્ધ્યબ્ધિ સત્ય જાણીને, જણાવો સત્ય નયભેદે. ૮

ૐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૭ પોષ વદિ ૩ મંગળવાર.

સત્ય કર્તવ્ય—

કવ્વાલિ.

ભલે માનો નવા માનો, અમારે તે ન જોવાનું;
અમારે સત્યના માર્ગે, સહી દુઃખો વિચરવાનું. ૧
સુજે તે સત્ય માનીને, અમારે કાર્ય કરવાનું;
સ્પૃહા ના કોઇની કિંચિત્, નથી જી હાજ કરવાનું, ૨

પ્રપંચી મોરલી નાદે, અમારે ડોલવાનું ના;
રૂચે તો આવશો પાસે, પરાણે ના મનાવાનું. ૩
ફકીરી રંગ જુદો છે, ફકીરી તાર જુદો છે;
ફકીરી બોલ જુદો છે, ફકીરી પન્થ જુદો છે. ૪
ફકીરી મસ્તી છે જુદી, ફકીરી આંખ છે જુદી;
ફકીરી પ્રેમ છે જુદો, પ્રભુની જ્યોત પ્રકટાવે. ૫
ફકીરી એ ધરી છે મેં, નથી પરવા ત્હમારી કંઈ;
જગત્‌ના જૂઠ વ્યવહારે, ફસાતા ના ફકીરો એ. ૬
નથી આ જન્મ રીઝવવા, કરી ખોટી પ્રશંસાઓ;
જઈશું સત્યના માર્ગે, કરીને શોધ સાચાની. ૭
સ્પૃહાવણુ સત્ય કહેવાનું, રૂચે તે માનશે નક્કી;
નથી પરતંત્રતા બેડી, નથી ભીતિ વદે વાણી. ૮
અરે ! જે ધારના ખીલા, કરે બેસે તિહાં હાજી;
અરે ! એ ગોળીના ચવડા, ફરી જાતા વચન મનથી. ૯
રહે રાજી અરે ! તેઓ. હૃદયની માન્યતા છોડી;
નથી વદવુ ભલે તેઓ, રૂચે તેવું કરે તો શું ? ૧૦
પ્રભુ મહાવીરના બોધે, નયોની સૌ અપેક્ષાએ;
બુદ્ધચબ્ધિ સત્યના માર્ગે, અમારી દૃષ્ટિ લાગી છે. ૧૧

ॐ शान्तिः ३

સંવત ૧૯૬૭ પોષ વદિ ૧૪. રવિવાર.

ि त्तसागर.

હરિગીતઃ—

આ દીલને જે ભેટતા તે, દીલ તેનું થૈ રહે;
એ દીલના દરિયાવિષે, ઉંડા ઉતરતા પ્રેમીઓ.
એ દીલ દરિયાના તળે, મોંઘાં ઘણા રત્નો રહ્યાં;
ઉપરથકી તે દેખતાં, દેખાય ના અન્તર્ રહ્યાં.
સ્વાર્પણ તણીને ડૂબકી, મારી તળે જે પ્હોંચતા;

તે મરજીવા થ પામતા, રત્નોતણી વિભૂતિયો.
એ દીલ દરિયાનાવિષે, પોઢી રહ્યા [1]વિષ્ણુપ્રભુ;
લક્ષ્મી કરેછે સેવના, વિષ્ણુપ્રભુની ભક્તિથકી. ૨
આવો પધારો ! દીલના, દરિયાવિષે સૌ માનવો;
જેવી તમારી દૃષ્ટિ તેવું, પામશો આવ્યાથકી.
એ દીલ દરિયામાં રહ્યું છે, ઝેરને અમૃત ઘણું;
જે દેવ થઇને આવશે તે, સ્વાદ અમૃત ચાખશે. ૩
જો દોષ દૃષ્ટિ ધારશો તો, ઝેર ભાગ્યે આવશે;
જો પૂજ્ય બુદ્ધિ ધારશો તો, ભાગ્યવેળા જાગશે,
એ દીલ દરિયા છોળથી, આનન્દમય પોતે બનો;
મર્યાદ મૂકે નહિ કદિયે, દીલ દરિયો મોટકો. ૪
પેઠા વિના એ દિલમાં, સારાંશ તેનો ના લહો;
એ દીલ દરિયાના પૂજારી, બાહ્યથી થાતા નહીં.
નિજ દીલથી બૂડયા વિના, ઉતરાય ના એમાં કદિ;
પરમાર્થ તેનો જાણતા તે, પ્રેમભક્તિવિચક્ષણા. ૫
એ દીલ દરિયો સેવીને, ગંભીરતા જો ના લહી;
તો દીલ દરિયો સેવીયો, એ વાત હું માનું નહીં.
એ દીલ દરિયા સંગતે, શીતલ થતા ના જો તમે;
તો દીલ દરિયો સેવીયો એ, વાત સાચી નહિ કદિ. ૬
એ દીલ દરિયો સેવવા, આવો ! અમારા બન્ધુઓ !
શુભ દીલમાં જે જે રહ્યાં તે, રત્ન લેશો પ્રેમથી.
શુભ પ્રાર્થના એ પૂરશો, નિષ્કામ સેવા વિનતિ;
બુદ્ધયબ્ધિ દિલ દરિયા વિષે, આનન્દના કલ્લોલ છે. ૬

ૐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૭ માઘ સુદિ ૬ રવિવાર.

આગાશી.

---

[1] આત્મપ્રભુ.

मित्र.

કવ્વાલિ.

નિહાળ્યાથી હૃદય દ્રવતું, થતું ખુલ્લું હૃદય સહેજે;
વિપત્તિમાં સદા સાથે, ખરા મિત્રો હૃદય મેળે. ૧
હસે છે આંખથી આંખો, વિના બોલે થતી વાતો;
થયું અર્પણ જીવન પ્યારૂં, નથી બદલાતણી ઈચ્છા. ૨
મળ્યું રાજ્યજ ભલે જાશો, જશો ના મિત્ર વિશ્રામો;
નથી હું કે નથી તું એ, ખરી એ મિત્રની જોડી. ૩
હૃદયનાં પ્રેમ ઝરણાંથી, બનેલી સત્ય છે મૈત્રી;
વિપત્તિની કસોટીમાં, ટકે સુવર્ણની પેઠે. ૪
દ્રવે સ્નેહે હૃદય ભીંજી, રહ્યું ત્યાં તખ્ત મૈત્રીનું;
અભિન્નજ દીલ બેનાં જ્યાં, ખરૂં એ મિત્રનું જોડું. ૫
મળે છે જીવની સાથે, સમર્પણ સર્વ કરવાનું;
છુપાવ્યો પ્રેમ નહિ છુપે, વિના બોલે કરાતું સૌ. ૬
પ્રતિજ્ઞા શબ્દની નહિ જ્યાં, પ્રતિજ્ઞા કાર્ય કરવામાં;
સદા નિષ્કામ ભાવે જ્યાં, પરસ્પર સર્વ કરવાનું. ૭
ખરી એ મિત્રતા દેવી, બનેછે જ્ઞાનને સ્નેહે;
ગમે તેવા પ્રસંગોમાં, ખરો આનન્દ દેનારી. ૮
થતી જો મિત્રની ઇચ્છા, ધરો ગુણ મિત્રના સઘળા;
બનો મિત્ર સ્વયં પૂર્વે, પછીથી મિત્ર મળવાના. ૯
બનાવો મિત્ર પોતાને, ખરી એ મિત્રની કુંચી;
ઠગાશો ના ફસાશો ના, ઘણા વિશ્વાસઘાતીયો. ૧૦
સમાવે સર્વ હૈયામાં; પ્રકટ કરતો ગુણો જ્યાં ત્યાં;
બને છાયા હૃદય તનની, ખરો એ મિત્ર પોતાનો. ૧૧
બન્યું ઐક્યજ સદા રહેતું, ગુણોથી ઉચ્ચ થાવાનું;
બુદ્ધયબ્ધિ મિત્ર અન્તરનો, મળે તો સૌ મળ્યું જાણું. ૧૨

ॐ શાન્તિ. ૩

સંવત્ ૧૯૬૭ માઘ વદિ ૩ ગુરૂવાર.

મુંબાઇ.

मळ्या ए मानवुं साचुं.

કવ્વાલિ.

નથી અન્તર્ મળ્યાથી કંઇ, સદા સર્વત્ર જ્યાં ઐક્યજ,
થયું તન્મય મળ્યાથી સહુ, મળ્યા એ માનવું સાચું. ૧
થતી આનન્દની ઝાંખી, સદા જ્યાં શુદ્ધતા છાજે;
સમાયા ભેદ સઘળા જ્યાં, મળ્યા એ માનવું સાચું. ૨
ઉછળતાં દીલથી દીલજ, સમાતાં ચિત્તમાં ચિત્તજ;
સમાતો પ્રેમમાં પ્રેમજ, મળ્યા એ માનવું સાચું. ૩
પરસ્પર પૂર્ણ રંગાતાં, હૃદયમાં ભેદ ના ભાસે;
નથી જ્યાં ભેદની હોળી, મળ્યા એ માનવું સાચું. ૪
મળે જ્યાં જીવથી જીવજ, રહેના મોહની દૃષ્ટિ;
બુદ્ધચબ્ધિ સન્ત દૃષ્ટિથી, મળ્યા એ માનવું સાચું. ૫

ૐ શાન્તિ. ૩

સંવત્ ૧૯૬૭ મહાવદિ ૭ સોમવાર.

स्नेह काव्यः—

સ્નેહ વિના કદિ સુખ થતું નહિ, સ્નેહ અવિચલ સન્તજનોનો;
સ્નેહ છુપે નહિ દૂર થતાં કદિ, સ્નેહથી ટેક વધે છે ઘણાનો.
સ્નેહનું જીવન સ્નેહની આશા, સ્નેહથકી સહુ દુઃખ ભુલાતું,
બુદ્ધિ અનુભવ સાગર અંદ્રનો, સ્નેહથી સ્વર્ગીય સુખ પમાતું ૧
બંધનમાં સહુ સ્નેહનું બંધન, સ્નેહ વિસાર્યો કદિ ન વિસરતો.
સ્નેહ રસિક જન દેવ સમાજગ, સર્વ સમર્પણ સ્નેહીજ કરતો.
સ્નેહથકી સહુ દોષ છુપે ઝટ, સદ્ગુણ ઓઘ હૃદય તરી આવે;
બુદ્ધિ અનુભવ સ્નેહનો સ્નેહજ, આકર્ષણ સહુ સ્નેહ કરાવે. ૨

ૐ શાન્તિ. ૩

સંવત્ ૧૯૬૮ મૃગશીર્ષ વદ ૯ ગુરૂવાર.

અગાસી.

पक्षी प्रति उक्ति.

મંદાક્રાંતા.

પાંખો ત્હારી વિમલ કરજે, દિલથી થા દયાળુ;
ઉંડા ઉંડા હૃદય ઉતરી, સારને શોધી લેજે.
કાંટા કાઢી વિચર પથમાં, શીતલચ્છાય લે જે,
મૂઢાનો તું અધીન બન ના, ફર્જ ત્હારી ધરી લે ૧
ઉંચો જા તું પ્રતિદિન વહી, પ્રેમના ઉચ્ચ પંખી;
વિશ્રામો છે હૃદય તનનો, ચિત્ત મેળે મઝાનો.
જોતી ર્‌હેશે સકલ દુનિયા, ચિત્તનું ચિત્ત સાક્ષી;
સાક્ષી પૂરે હૃદય સઘળી, દુનિયાની સ્પૃહા શી ? ૨
શુદ્ધપ્રેમે ગગન વિચરો, ઉચ્ચદૃષ્ટિ કરીને;
સદ્‌ગુણોનો પવન ભરીને, શ્વાસ લે સામ્યતાનો.
આખો દ્‌હાડો રજની વહજે, પૂર્ણ ઉત્સાહ ધારી;
દેખાશે હો સહજ સુખનું, સ્થાન અન્તર્‌વિષે જે. ૩
કીધું કીધું બહુ અનુભવે, સાર લે પત્ર વાંચી;
બન્ધો ! જ્યારે રૂબરૂ મળશે, ખૂબ આનન્દ થાશે.
વાંચી વાંચી હૃદય પટમાં, સાર ઉતાર સારો;
બુદ્ધ્યબ્ધિની હૃદય રચના, દેખીને હર્ષ લ્હે જે ! ૪

ॐ शान्तिः ३

સંવત્ ૧૯૫૮ માઘ વદિ ૧૩ ગુરૂવાર.

सदुपदेश.

મંદાક્રાન્તા

ધોળું ધોળું સહુ દુધ નહીં, દુધને પારખી લે;
સાચું દીલે ગ્રહણ કરીને, સત્યને સેવજે તું.
ન્હાના મ્હોટા સકલ સરખા, ધારજે ચિત્તમાંહીં;
જીવોના સૌ ગ્રહણ કરજે, સદ્‌ગુણો શુદ્ધભાવે. ૧

અન્તર્દૃષ્ટ ગ્રહણ કરીને, બાહ્ય દૃષ્ટિ તજી દે;
કર્તા ભોક્તા સહજ ગુણનો, વસ્તુતઃ તું થઈ જો.
દિવ્યજ્ઞાને સહજ રૂપજો, દિવ્ય આનન્દ છે ત્યાં;
સાક્ષીરૂપે સકલ કરણી, યોગ્યતાથી થતી એ. ૨
વૈરાગી થૈ વિચર પથમાં, મોક્ષના એકતાને;
આડો ઉંધો કદિ ભમીશ ના, દુષ્ટ સ્થાનો તજી દે.
અન્તર્યામી પ્રભુ ભજ સદા, શુદ્ધ ભક્તિ ગ્રહી લે;
ઝાંખી થાશે સહજ રૂપની, શુદ્ધ લાગે સમાધિ. ૩
અન્તરૂમાં છે સહજ સુખની, શુદ્ધ ઝાંખી મઝાની;
ત્યાગી સર્વે વિષય ભ્રમણા, ભૂલ ના ખા હવે તું.
થાવે શાન્તિ સકલ સુખદા, સ્થાન તેવાં ભજી લે;
ડાહ્યો થૈ તું સહજ સુખની, કુંચીઓ આદરી લે. ૪
વાતો સર્વે પ્રકટ ત્યજજે, પ્રેમ લાવી ખરાનો;
સન્તોનો તું વિનય કરજે, ભક્તિ સાચી કરીને.
આવી ભાવે સદ્ગુરૂ કને, ધર્મનો સાર લે જે;
બુદ્ધચબ્ધિની હૃદય સ્પુરણા, જે ઉઠે તે સુણી લે. ૫

ૐ शान्तिः ३

સંવત ૧૯૬૮ ના માઘ વદિ ૧૩ ગુરૂવાર.

आत्मप्राप्ति.

મંદાક્રાંતા.

આશા મારી હૃદય ઘટમાં, જાપ સોઽહં જગાવો;
સોઽહં સોઽહં અલખ વચને, શક્તિનું ધામ ધ્યાવો.
કલ્યાણોનું સકલમૂલજે, પાર જેનો ન આવે;
તેનું પોતે નહિ અવરમાં, દેખતાં પાર પાવે. ૧
સત્તા ત્હારી પ્રભુ સમખરે ! શક્તિથી વ્યક્તિ પાવે
શક્તિ વ્યક્તિ અનુભવલહી, શક્તિનો નાથ થાવે.

પોતે કર્ત્તા સકલ સુખનો, ચેતના સંગથી છે;
જો તું અન્તર્ અનુભવ લહી, સિદ્ધ તું ભક્તિથી છે. ૨
શોભા ત્હારી સકલભુવને, અન્ય દ્રવ્યો ન પાવે,
ત્હારી શોભા સકલ તુજમાં, આત્મયોગે સુહાવે.
શોભા મૂકી અવર જનની, સેવના કેમ કીજે;
મૂકી રત્નો ગ્રહણ કરીને, પત્થરે કોણ રીઝે. ૩
જાગી જાગી નિજ અનુભવે, ચાલતું મુક્તિ પંથે;
ચેતી ચેતી પરિહરી સદા, મોહનો સંગ જ્ઞાને.
ત્હારૂં સાચું સકલ ઘટમાં, શુદ્ધભાવે નિહાળી;
અન્તર્દૃષ્ટિ ધરી શુભ સદા, શુદ્ધ લે તત્ત્વ ભાળી. ૪
સંગે રંગે અનુભવતણા, સામ્ય સાથે રહીને;
મુક્તિ પાજે અનુભવ લહી, જ્ઞાન માર્ગે વહીને.
વ્હેલો વ્હેલો નિજ ઘર પ્રતિ, ચાલજે શુદ્ધ યોગે;
"બુદ્ધ્યબ્ધિ"ની હૃદય રટના, શુદ્ધ આનન્દ ભોગે. ૫

ૐ શાન્તિઃ ૩

સંવત ૧૯૫૮ ના ફાગણ સુદિ ૬ શનિવાર.
પાદરા.

આત્મામાં સત્ય.

મંદાક્રાંતા.

ત્હારૂં સાચું અનુભવથકી, આત્મમાં જાણી લેજે,
જુઠી બીજી અવર જડની, સંપદા માની લેજે.
શુદ્ધ જ્યોતિ શુભ અનુભવે, શુદ્ધ ભાવે રમીને;
પર્યાયોને પ્રકટ કર સૌ, શુદ્ધ ક્ષાયિક ભાવે. ૧
પૂર્ણાનંદી સહજ ગુણમય, અક્ષરાતીત તું છે;
ત્યાગી ભ્રાન્તિ દુઃખકર સદા, શુદ્ધ પ્રેમે રમીલે.
પાપો ત્યાગી સહજ ઘરમાં, આવતું સામ્યભાવે;
પોતાને એ સકલ કહીને, તાર સ્વીય પ્રમોદે. ૨
રંગાયાથી નિજ ગુણવિષે, બાહ્યનો રાગ છૂટે;

જાગેશક્તિ સહજ નિજમાં, કર્મનો બંધ નાસે.
પોતાને દે સહજ સુખનું, દાન પોતેજ દાની;
કર્ત્તા ભોક્તા નિજ ગુણતણો, આત્મભાવે રમ્યાથી. ૩
જે જે અંશે નિજ ગુણતણો, જીવકર્ત્તા કહાવે;
જે જે અંશે નિજ ગુણ રમે, ધર્મ છે તેજ અંશે.
જે જે અંશે પરગુણ રમે, ધર્મનો અંશ ભ્રંશે. ૪
જે જે અંશે નિજ ગુણતણું, સ્થૈર્ય સાચું પ્રકાશે;
તે તે અંશે ચરણ ગુણનો, શુદ્ધ આનન્દ ભાસે.
શ્રદ્ધા જ્ઞાને ગ્રહણ કરીને, શુદ્ધ ચારિત્ર ધારા,
પામો મુક્તિ સુખમય સદા, દુઃખનું નામ ના જ્યાં. ૫
પોતાના જે અનવધિ ગુણો, વ્યક્ત ભાવે કરી લે;
દુર્ગુણોની સકલ રચના, સદ્દગુણોથી હરી લે.
થૈ શૂરો તું દુઃખ હર સદા, શૂર સાચું જગાવી;
"બુદ્ધચબ્ધિ"ની હૃદય સ્ફુરણા, મોક્ષની ચાવી આવી. ૬

ૐ शान्तिः ३

સંવત્ ૧૯૬૮ ફાગણ સુદિ ૧૨ ગુરૂવાર.

પાદરા.

भ्रान्ति.

મંદાક્રાંતા:—

લાગે દેખે ગિરિવર ઘણા, દૂરથી તો મઝાના;
પાસે જાતાં કઠિન પથરા, સાર દેખાય ના કૈં.
ઇન્દ્રિયોના સકલ વિષયો, દૂરથી છે મઝાના;
ભોક્તા થાતાં સુખ નહિ જરા, સત્ય સિદ્ધાંત એ છે. ૧
જેને માટે સકલ દુઃખડાં, પ્રાણિયો સંવહે છે;
લજ્જા મૂકી પ્રતિદિન થતી, જેથકી નીચ સેવા.
તે તે ભાવો કદિ યદિ મળે, શર્મ થાતું ન કિંચિત્;
ઊંડો ધારી અનુભવ ઘણો; મુક્તિનો માર્ગ લેજે, ૨
આહા મોટા ગિરિ બહુ પડયા, હિમ ઝામ્યો ઘણો જ્યાં;

સિંહો વાઘો વરૂ યૂથતણી, ભીતિ છે માર્ગમાંહી.
એવા માર્ગે ગમન કરવું, દુ:ખ વેઠી ઘણેરાં;
જ્ઞાનીઓ ત્યાં પ્રતિક્ષણુ વહે, દુઃખને શર્મ માની. ૩
સાક્ષીઓના અનુભવ લહી, ચાલજે મોક્ષ વાટે;
છોડાજે તું પરજડથકી, માલ છે શીર્ષ સાટે.
વાંચી ગ્રંથો અનુભવ લહી, શુદ્ધ ધર્મેજ ભૂપે;
ધારી ધૈર્ય પ્રતિક્ષણુ ખરૂં, સિદ્ધને ધ્યેય રૂપે. ૪
પૂરે સાક્ષી અનુભવિજનો, સચ્ચિદાનન્દ ધ્યાઈ;
પૂર્વે મોટા મુનિવર થયા, આત્મનું રૂપ ધ્યાયું.
દુર્ગુણોના વિકટ વનને, બાળ જ્ઞાનાગ્નિથીરે;
સદ્દગુણોનું ઉપવન રચી, સિઞ્ચ! માળી બનીને. ૫
ત્હારૂં ધાર્યું કર સહુ બળે, મર્દના ખેલ ખેલી;
સંયોગો આ મનુષ્ય ભવના, પૂર્ણ ભાગ્યે મળ્યા છે.
જે જે આવે અશુભ ઉદયે, વાદળો આપદાનાં;
તે તે સર્વે સહન કરીને, ચાલજે શીઘ્ર અગ્રે. ૬
શુદ્ધપ્રેમે જગત સઘળું, દેખજે દોષ ટાળી;
પ્રમી કરવા જગત સઘળું, પ્રેમની ભાંગ પીજે.
સાચું ધ્યાન પ્રતિક્ષણુ કરી, કર્મની ટાળ ફાંસી;
ચેતી લે જે પ્રતિક્ષણુ અરે ! આત્મશ્રદ્ધા ધરીને. ૭
મારો આત્મા ગુણનિધિ સદા, ભાવના ભાવ એવી;
મારા ઉંચા ગુણ પ્રકટશે, ધાર સિદ્ધાંત સાચો.
ધારી સિદ્ધિ સકલ બનશે, સત્ય ઇચ્છા પ્રયત્ને;
"બુદ્ધચબ્ધિ"ની હૃદયસ્ફુરણા, આત્મશક્તિ પ્રબોધે. ૮

ૐ શાન્તિ ૩

સ. ૧૯૬૮ ફાગણ સુદિ ૧૩ શુક્રવાર.

પાદરા.

अनुभव.

મંદાક્રાંતા.

જોયું જોયું અનુભવ કરી, સાર દીઠો ન કાંઈ;
ભૂલ્યા લોકો ભ્રમણ કરતા, બાહ્યમાં શર્મ માની.
ભાવો સર્વે નયન નિરખ્યા, સર્વનું રૂપ ખોટું;
મારૂં તારૂં નહિ નહિ જરા, જ્ઞાનથી સર્વ જોતાં. ૧
જાણી જોયું અનુભવ કરી, ધ્યાનમાં ઉતરીને.
ભૂલી ભ્રાન્તિ સકલ જડની, શુદ્ધ રૂપે ફરી જા.
આશા છોડી બહિર્ સુખની, આત્મમાં રાખ શ્રદ્ધા;
સેવી સેવી સહજ ગુણને, આત્મનું સુખ તું લે. ૨
ફાંફાં મારે કદિ નહિ મળે, બાહ્યમાં શર્મ સાચું;
ત્હારામાંહીં સહજ સુખ છે; ધાર એ શુદ્ધ શ્રદ્ધા.
ત્હારી શુદ્ધિ ત્વરિત કરવા, શુદ્ધ ચારિત્ર સાચું;
જાણ્યું એવું અનુભવ કર્યો, આત્મમાં નિત્ય રાચું. ૩

ૐ શાન્તિઃ ૩

સંવત ૧૯૬૮ અધિક અષાડ સુદિ ૫ ગુરૂવાર.
અમદાવાદ.

शिष्य,

કવ્વાલિ.

અચલ શ્રદ્ધા અચલ ભક્તિ, ગુણાનુંરાગની મૂર્ત્તિ.
કર્યું સ્વાર્પણ સકલ જેણે, અમારો શિષ્ય ગણવાનો. ૧
વિના આજ્ઞા કરે ના કાર્ય, હૃદય છાનું નહીં રાખે;
હૃદયને વાણીમાં ઐક્યજ, અમારો શિષ્ય ગણવાનો. ૨
તજી સ્વછંદતા સઘળી, વિચારોને અનુસરતો;
ઘડા જેવાં સહે સંકટ, અમારો શિષ્ય ગણવાનો. ૩
ધરે ચારિત્રમાં પ્રીતિ, વહે પરમાર્થની વૃત્તિ;
ત્યજે જે મોહનાં સ્થાનક, અમારો શિષ્ય ગણવાનો. ૪
સહજયોગે બને યોગી, અમારા બોધનો પાત્રજ;

પરીક્ષામાં ટકે પૂરો, અમારો શિષ્ય ગણુવાનો. ૫
રહે પાસે થઈ નિર્ગુણ, રહ્યો ના તે ખરૂં જોતાં;
ગુરૂ ભક્તિથકી ભક્તજ, અમારો શિષ્ય ગણુવાનો. ૬
હૃદય ભક્તિથકી પાસે, નથી કાયાથકી પાસે;
ઘણી ગંભીરતા ધારક, અમારો શિષ્ય ગણુવાનો. ૭
ધરે વૈરાગ્યને ત્યાગજ, સહન કરતો પરિષહને;
સમજતો સહુ અપેક્ષાએ, અમારો શિષ્ય ગણુવાનો. ૮
બજાવે શિષ્યની ફર્જો, કર્યો ઉપકાર નહિ ભૂલે;
તજે જે દોષદષ્ટિને, અમારો શિષ્ય ગણુવાનો. ૯
અનુકુલ ચિત્તથી રહેતો, હૃદય સમજે વિના બોલે;
ધરે નિસ્વાર્થ પ્રેમજ જે, અમારો શિષ્ય ગણુવાનો. ૧૦
મળે છે દીલથી દીલજ, પરોક્ષે પણ અનુભવથી
થયો જે મોક્ષનો અર્થી, અમારો શિષ્ય ગણુવાનો. ૧૧
ગુરૂ ગમને ગ્રહી પ્રીતે, જમાનો ઓળખી ચાલે;
યથાશક્તિ ધરે સંયમ, અમારો શિષ્ય ગણુવાનો. ૧૨
સદા રત્ન ત્રયી સાધે, ધરે સંવર ત્યજે આશ્રવ;
બુદ્ધયબ્ધિ ધર્મનો ધારક, અમારો શિષ્ય ગણુવાનો. ૧૩

ૐ शान्तिः ३

સંવત ૧૯૬૮ અષાડ સુદિ ૩

अध्यात्मरुचि.

હરિગીત.

ઉપદેશ દેવાની પ્રવૃત્તિ બહુ, કરી પ્રેમે ભલી;
લેખો લખ્યા ગ્રન્થો લખ્યા, ચર્ચા કરી વાદે ઘણી.
અધ્યાત્મની પ્રકટી ઘણી, રૂચિ હૃદયમાં ભાવતી;
નિવૃત્તિ જીવન ગાળવા ઇચ્છા, ઘણી દીલમાં થતી. ૧
અધ્યાત્મમાં લગની લગી, વ્યવહાર શુભ પણ સાથ છે;

અન્તર રહ્યું સુખ પામવા, આધાર તે પરમાર્થ છે.
જ્યાં ત્યાં ભમી દૃષ્ટિ અરે ! પાછી પડી અંતર્ વહે.
નિજ આત્મમાં સ્થિરતા લહું, ઇચ્છા ઘણી મનમાં વહે. ૨
શુભ ફર્જ માની શિર પડયાં, વ્યવહાર કાર્યો સહુ કરૂં;
અધિકારથી કાર્યો કરી, સંતોષ વૃત્તિ સંચરૂં.
જે મોહના ઉદયે થતું તે, કર્મથી પાછો ફરૂં;
જે જે વિચારો મોહથી, થાતા અરે ! તે સંહરૂં. ૩
જે જે પ્રકટતી વાસનાઓ, દીલમાં ઉંડી અરે !
તે વાસનાઓ દાબવાને, યત્ન બહુ થાતો ખરે.
એ મોહના બહુ જોરથી, આગલચડી પાછો પડું;
પણ મોહની સામો રહી, ઉપયોગથી નિત્યજ લડું. ૪
આવું થતું બહુ વર્ષથી, પણ પાર આવ્યો ના અરે !
એ મોહ મૂળથી ના ગયો, આવે ઉદયમાં તે ખરે.
ઉતરૂં ઘણું હું આત્મમાં, ત્યાં મોહનું જોરજ નહીં,
આનન્દ અપરંપારનો ભોક્તા, કહું સાચું સહી. ૫
અવિચ્છિન્ન વૃત્તિ નહિ વહે, નિજ આત્મના ધ્યાને કદા;
નિમિત્ત પામી વૃત્તિયો, ફરતી રહે છે એ સદા.
અન્તર્થકી મુખ્યજ પણે, ઇચ્છાય નિવૃત્તિ ખરી;
ઉંડી હૃદયમાં ઉતરી એ, ભાવના ચરણે ધરી. ૬
નિજ આત્મભાવે આત્મની, દૃષ્ટિ કરી જીવન વહું;
સર્વજ્ઞના શુભ માર્ગમાં, વહીને ખરાં સુખડાં લહું.
ભાવી જીવન આનન્દમય, કરવા ઘણી ઇચ્છા રહી;
બુદ્ધયબ્ધિ ચેતન ધર્મમાં, શ્રદ્ધા ખરી અન્તર્ વહી. ૭

ૐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૮ અષાડ વદિ ૭ સોમવાર.

?ાંગણ આવનારા.

હરિગીત.

આવે અમારે આંગણે, કોઇ માલ લેવા હોંશથી;
જોઇ તપાસી લે ઘણા, પાછા વળે કો જોઇને.
આવે અમારે આંગણે કો, મિત્ર બનવા ભાવથી;
સમજે નહીં શું મિત્રછે, તેની અરે ! ફરજો કઇ ? ૧
આવે અમારે આંગણે, કો શિષ્ય બનવા કારણે;
પણ શિષ્ય ફરજો જાણતા નહિ, શિષ્ય એ શી વસ્તુ છે.
એ શિષ્ય ગુરૂની ફર્જ જાણ્યા વણુ, લહે દુઃખડાં પછી;
સંબંધ છૂટા થઇ થતા, એ શિષ્ય ગુરૂના નામના. ૨
આવો અમારે આંગણે, સાચા ગુરૂ બનશો તમો;
આવો અમારે આંગણે, સૌ ભેદ દૂરે થઈ જશે.
આવો અમારે આંગણે, પ્રેમી થશો સાચા તમે;
આનન્દમાં અદ્વૈત થઇને, દુઃખ સૌ ભૂલી જશો. ૩
આવો અમારા આંગણે, નિજ રૂપને જોશો તમે;
નિજ આત્મમાં રહેજે રહ્યું, તે સુખના ભોગી થશો.
આવો અમારે આંગણે, મ્હેમાન મોંઘેરા થશો;
ન્હાના નહીં મ્હોટા નહીં, એ ભાવ દીલમાં આવશે. ૪
શુભ પ્રેમ, શ્રદ્ધા, ભક્તિથી, આવો પધારો આંગણે;
મળવું હૃદયના ભાવથી, જ્યાં ભેદ ખેદજ નહિ કશું.
આવો હૃદયની યોગ્યતા, પૂરી કરીને પાત્ર થૈ;
નિજ યોગ્યતા વણુ આંગણે, આવીજનો પાછા ફરે, ૫
જ્યાં મેળ મળતો નહિ હૃદયનો, આંગણું ત્યાં દૂર છે;
જ્યાં મેળ મળતો દીલનો તે, આંગણાની પાસ છે.
એ આંગણું છે સ્વર્ગથી મોંઘું, અને મ્હોટું ઘણું;
એ આંગણામાં સદ્ગુણોનો, છે ફુવારો મોટકો. ૬
એ આંગણામાં પ્રેમ અમૃત, મેઘની વૃષ્ટિ થતી;

એ આંગણામાં સદ્‌ગુણોનાં, પુષ્પ વૃન્દો મ્હેંકતાં
એ આંગણામાં સર્વનો, અદ્વૈત મેળો થૈ રહે;
આવો પધારો આંગણે, બુદ્ધયબ્ધિ વ્હાલા સજ્જનો !

ૐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૮ આષાડ વદિ ૧૩ રવિવાર.

પૂર્ણાનન્દ.

હરિગીત.

આનન્દ અપરંપાર મ્હારા, આત્મમાં નિશ્ચય રહ્યો;
આનન્દમય ચેતન વિભુ હું, કેમ ભૂલું ભ્રાંતિથી.
આનન્દ મ્હારૂં છે જીવન, આનન્દ મ્હારો દેશ છે;
આનન્દમય હું ભાસીયો, આનન્દના ઉપયોગથી. ૧
ક્ષણ ક્ષણવિષે આનન્દની, ભાવું હૃદયથી ભાવના;
આનન્દ સરવર ઝીલતો હું, હંસ પોતાને ગણું.
વિપત્તિના ખરકો ઘણા એ, પીગળે આનન્દથી;
આનન્દમય હું ભાસીયો, આનન્દના ઉપયોગથી. ૨
જે જન્મ મૃત્યુ થાય છે એ, મુજને છેદે નહીં;
છેદાય નહિ ભેદાય નહિ, એ રૂપ મ્હારૂં છે ખરૂં.
એ રૂપના હું ભાનમાં ભૂલ્યો, હૃદયના દુઃખને;
આનન્દમય હું ભાસીયો, આનન્દના ઉપયોગથી. ૩
આનન્દના ઉભરાઉઠે, ધોવાય દુઃખનો મેલ બહુ;
જે જે કરૂં જે જે ભણું, આનન્દમાં વ્યાપી રહ્યો.
જે જે નિહાળું વસ્તુ ત્યાં, આનન્દવણ બીજું નહીં,
આનન્દમય હું ભાસીયો, આનન્દના ઉપયોગથી. ૪
ચાલું બહુ આનન્દથી, ઉભો રહુ આનન્દથી;
બેસું બહુ આનન્દથી, આનન્દથી ચર્ચા કરૂં.
વાતો કરૂં આનન્દથી, ચિંતન કરૂં આનન્દથી;

સાનન્દમય હું ભાસીયો, આનન્દના ઉપયોગથી. ૫
કાયા અને વાણી હૃદય, આનન્દમય ઉલસે ખરે;
આનન્દમય આ વિશ્વને, માનું હૃદય આનન્દથી.
એ વૃત્તિના આનન્દથી, બ્રહ્માંડ આનંદી બન્યું;
આનન્દમય હું ભાસીયો, આનન્દના ઉપયોગથી. ૬
મેળા મળ્યા આનન્દના, આનન્દનાં સાધન બન્યાં;
આનન્દની ઘેનજ રહી ત્યાં, દુઃખનું સ્વપ્નું નથી.
આનન્દ રસના પાનથી, બુદ્ધયબ્ધિ આનન્દી બન્યો;
આનન્દમય હું ભાસીયો, આનન્દના ઉપયોગથી, ૭

ॐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૮ ના અષાડ વદ ૬ ૦)) સોમવાર,

चेतना योगिनी.

હરિગીત:—

પિયુ પિયુ કરીને શોધતી, અવલોકતી ચારે દિશા;
અન્તર્ ઉછાળા પ્રેમના એ, પ્રેમથી બહુ ચાલતી.
જે જે મળે તેને અરે ! પૂછે હૃદયના ભાવથી;
એ કયાં હશે ? કયારે મળે ? કયાં જઇ મળું એ પ્રભ્રને. ૧
પૂછી પછી આગળ ચલે પણ, ભાન નહિ નિજ કાયનું;
વાણીથકી ગાતી ઘણું, ગાનો પિયુના ભાવથી.
મનમાં પિયુ વણુ કંઈ નહીં, પિયુ પિયુ કરી ધરણી હળે;
મનમાં ધર્યું એ ધ્યેય કે જે, પ્રાણ જાતાં નહિ ટળે. ૨
પિયુના વિના ચેનજ નહિ એ, પ્રેમપણ દુઃખકર થયો;
જ્યાં ત્યાં નિહાળે પ્રેમથી એ, સ્વામીને સંભ્રાન્ત થૈ.
પિયુમય બની સૃષ્ટિ બધી, દેખે નહિ બાકી કશું;
મનના અણુ અણુમાં પ્રકટતી, આકૃતિ પિયુની ઘણી. ૩
આવેશ એકજ ચિત્તનો, પિયુવણ પ્રિયજ કોઇ નથી;
ગુલ્તાન પિયુના ધ્યાનમાં, બનીને વિરહથી કંપતી.

યોગણુ બનીને શોધતી, તમભારમાં જ્યાં ત્યાં ફરી;
બહુ ઘાટવાટે આથડી પણ, થાકને લેતી નથી. ૪
લલચાવતા અન્યો ઘણા પણ, લક્ષ ત્યાં દેતી નથી;
બહુ થાકતી આગળ વહે ને, ઉંઘતી જરીયે નહીં.
ઔત્સુકયથી તન થન થઈ, સહુ રૂપ આંખે દેખતી;
બહુ રૂપ દેખી સ્વામીનાં, આનન્દથી બહુ શોધતી. ૫
બહુ તાપ તપતી ચાલતી. જપતી હૃદયથી જાપને;
નિજ ચિત્ત સાથે ઐકય, સ્વામીનું કરી સંયમ ધરે.
નવધા ધરે શુભ ભક્તિને, અર્પણ કર્યું મનનું સહુ;
શુભ જ્ઞાન ભક્તિ યોગના એ, યોગની યોગણુ બની. ૬
યોગણુ બની અન્તરથકી, યોગી પિયુને દેખીયો;
સર્વાંગથી નિજ યોગીને, ભેટી પડી આવેશથી.
યોગણુ બની એ ચેતના, ને યોગિ એ ચેતન બન્યો;
બુદ્ધયબ્ધિ અન્તરમાં જુઓ એ, પાત્રમય પોતે બનો. ૭

ૐ શાન્તિ. ૩

સંવત્ ૧૯૬૮ શ્રાવણ સુદિ ૬ રવિવાર.

ભાવના.

હરિગીતઃ—

આનન્દમય નિજ રૂપને, જાણ્યું પરોક્ષે શાસ્ત્રથી;
આનન્દનો અનુભવ કરૂં એ, ભાવદીલમાં ઉપજ્યો,
સ્થિરતા કરી નિજ ચિત્તની, ધ્યાવું અમર ચેતન પ્રભુ;
વિક્ષેપ સર્વે વારીને આનન્દમય સહેજે બનું. ૧
સંકલ્પ એવો જાગીયો, બહુવાર દિલમાં યાદિ દે;
તું મુક્ત થાવા યત્ન કર, ઉપયોગ એવું શિખવે;
એ શીખને દીલમાં ધરી, ઇચ્છું સહજનિજ રૂપને;
આચારની શુદ્ધિ કરી, ભાવું હૃદયમાં ભાવના. ૨

સંયોગ મળશો સન્તનો, નિષ્કામ સેવા ધર્મની;
એકાન્તમાં નિજઆત્મનું, ધ્યાનજ સદા ધ્યાતો રહું,
મસ્તાન રહું નિજ આત્મના. ઉપયોગથી અન્તર્ સદા;
ગુપ્તિ ધરૂં સમિતિ ધરૂં ને, સાક્ષી થૈ જોઉં સદા. ૩
પ્રતિબંધ કોનો નવ કરૂં ને, વાયુવત્ વિચરૂં મહી;
ઉપયોગથી ન્યારા કરી, જડ જીવને કાર્યો કરૂં,
વારૂં પ્રમાદો આવતા પરવા, ધરૂં નહિ કોઇની;
નિઃસંગતા સેવીઘણી, ઝટ ચિત્તને વશમાં કરૂં. ૪
આચાર ઉત્તમ પાળવા, સંકલ્પની દૃઢતા કરૂં;
ષટ્ કાયની રક્ષા કરૂં ને, દોષ લાગ્યા સંહરૂં;
સ્વાધ્યાયમાં રાચી રહી, ઉપયોગથી ધ્યાનજ ધરૂં;
વૈરાગ્યથી પોષી ગુણોને, સામ્યથી આગળ વહું. ૫
આ કાળમાં આચારમાં, મૂકું અને તે ભાવથી,
આગમ કરીને આગળે, રમતો રહું નિજ ભાવમાં;
વગડા દરી પર્વતવિષે, ધ્યાનજ ધરૂં ઉત્સાહથી,
નિર્ભિક થઈ ઉપસર્ગથી, પાછો હઠું નહિ ધર્મથી. ૬
નિજ આત્મનું જે વીર્ય તેને, આત્મમાંહિ વાપરૂં,
એવા ભલા દહાડા હવે તો, પ્રાપ્ત થાજો ધર્મના,
આચાર પાળું પંચધા, ચારિત્રની શુદ્ધિ ધરૂં;
બુદ્ધયબ્ધિ મંગલ પામવા, એ ભાવના ભાવી ખરી. ૭

ૐ शान्तिः ३

સંવત્ ૧૯૬૮ શ્રાવણ સુદિ ૮ મંગળવાર.

सूचना.

હરિગીતઃ—

શીખો અને શીખવાડશો, બન્ધુ અમારા ધર્મના;
સ્વાધ્યાયમાં જીવન જતાં; ઉપયોગ વધશે આત્મનો.

મ્હાણું મઝાનું લ્યો અને, પાછા ફરીથી આવશો;
સંસારમાં પાન્થો છીએ, હું ને તમે એ જાણશો.
અધ્યાત્મરસના થૈ રસીલા, પાન કરશો પ્રેમથી;
આનન્દરસ ઝરણાં વહાવો, ધ્યાનવારિદવૃષ્ટિથી.
જે સૂક્ષ્મ વાયુથી ઘણા તે, સહૂ વિચારો પોષશો.
નિજ આત્મને પ્રેમે બહુ એ, ધર્મ ભોજન સાર છે.
ખુલ્લાં કરો દિલ બારણાં, તાજા વિચારો આવશે;
સંકોચતા નહિ દીલને. ઉદારતાથી પોષશો.
જે જે ભર્યું દીલમાં અરે ! સુણી અને વાંચી ઘણું;
અનુભવ કરો તેનો ખરો એ, આત્મ શક્તિ અર્પશે.
સંકોચતા નહિ દીલને, એ દીલથી દિલમેળવો.
તન્મય બની અનુભવ કરો, સાચું હૃદયથી દેખશો.
ગુણદૃષ્ટિથી ગુણ લો અને, આપો સકલને ભાવથી;
ગુણદૃષ્ટિને આગળકરી, આવો મઝાનું પામશો.
જેજે મળે જ્યાં જ્યાંથકી તે, ત્યાંથકી ઝટમેળવો.
આધાર આ કલિકાલમાં, ગુણ રાગનો શાસ્ત્રે કહ્યો.
સાપેક્ષનયની દૃષ્ટિથી, આવી હૃદયનું લ્યો ખરૂં;
બુદ્ધયબ્ધિ સન્તો સેવતા તે, સદ્ગુણો સઘળાવરે.

ૐ शान्तिः ३

સંવત ૧૯૬૮ શ્રાવણ સુદિ ૯ બુધવાર

आमन्त्रण.

હરિગિત :—

તમને ગમે તો બન્ધુઓ ! આવો તમારૂં માનીને;
મારૂં ગણી લેશો તમે જે, સત્ય લાગે તે ખરૂં.
સમજાય જેવી દૃષ્ટિ તેવું, સત્ય એ સંસારમાં;
એ દૃષ્ટિયોની ભિન્નતાથી, સત્યના ભેદોપડે.

આશય અમારા જાણુવાને, દીલથી દિલ મેળવો.
એ દીલથી દિલ મેળવ્યાથી, દીલઆશય જાણુશો.
આશય ઉઠયા જે દીલમાંથી, યોગ્યતાએ બોધશો;
કારણુ સકલ જાણી પછી એ, ન્યાયના ન્યાયી બનો. ૨
નિજ દીલના આશય સહુ, નહિ પુસ્તકોમાં આવતા;
આશય બહુ બાકીરહે, લખતાં ઘણાયે લેખને.
આશય પરામાં ઉઠતાતે, વૈખરી નહિ વર્ણવે;
આશય અમારા જાણુવાને, દીલની સંગત કરો. ૩
જે જે કથ્યું તેમાં અપેક્ષા, જાણુવા યત્નજ કરો;
પૂછો હૃદય ખુલ્લુ કરી, નિર્મલ મતિ પ્રેમે અહો !
શબ્દોથકી બહુ સૂક્ષ્મ છે, આશય ગ્રહે છે જ્ઞાનીઓ;
જે પૂર્ણ જ્ઞાની હોય તે, દિલના ગ્રહે છે આશયો. ૪
નિજદીલ આશય જેગ્રહે, સંસર્ગ પામ્યો તેગણું,
આશય સહુ સમજે નહીં તે, દીલમાં ના પેશીયો.
ઉંડા હૃદયમાં પેશીયા, આશય ગ્રહે ત્યારે ગણું.
આવ્યા અમારા મંદિરે તે, દીલના સંગી બને, ૫
જે દીલના વિશ્રામીઓ તે, દીલથી વાતો કરે;
સંકોચ પામે નહિ હૃદય તે, દીલના વિશ્રામીઓ.
તમને રૂચે તો આવશો નહિ, આવશો તો કંઇ નહીં.
સત્કારની ઇચ્છા તજી, વિશ્રામ લો નિજનું ગણી. ૬
મસ્તાન દીલ માનેનહીં, સત્કારની પરવા જરા;
થાતું મળ્યાથી ઐક્ય ત્યાં, સમખાવવાનું કંઈ નહીં.
ચારિત્રના એ માર્ગમાં, આવો અમારા બંધુઓ.
બુદ્ધયાબ્ધ શિવમંગલ ગ્રહો, આવો અમારા બંધુઓ. ૭

ૐ શાન્તિઃ ૩

સંવત ૧૯૬૮ શ્રાવણુ સુદિ ૧૪ સોમવાર.

आन्त युद्ध.

હઠાવ્યો ઘણો ને હજી હું હઠાવું;
હઠાવીશ, હઠાવીશ, હઠાવીશ, હઠાવીશ.
અરે ! લાગ તાકે ઘણાં દુ:ખ દેવા;
હઠાવીશ, હઠાવીશ, હઠાવીશ, હઠાવીશ. ૧

ગમે તે સમે ને ગમે તે ભવે પણ;
સબળ યત્નથી હું હઠાવીશ, હઠાવીશ,
ગમે તે ઉપાયો કરી ધ્યાન ધ્યારી;
હઠાવીશ, હઠાવીશ, હઠાવીશ, હઠાવીશ. ૨

કરૂં હું કરીશજ તને છેદવાને;
ઉપાયો ઘણા ભાવના દીલ લાવી;
સતાવ્યો અરે ! ત્હેં મ્હને ખૂબ જ્યાં ત્યાં,
હઠાવીશ, હઠાવીશ, હઠાવીશ, હઠાવીશ. ૩

દબાવ્યો મ્હને તેં ઘણો પૂર્વકાલે;
હજી પણ મ્હને દાબવા ખુબ ઇચ્છે;
હવે ધાર્યું થાશે નહીં લેશ ત્હારૂં;
હઠાવીશ, હઠાવીશ, હઠાવીશ, હઠાવીશ. ૪

નચાવ્યો, લજાવ્યો, હઠાવ્યો, મરાવ્યો;
ચડંતાં અરે ! પાદ ખેંચી પછાડયો;
કરાવી ઘણી હાજીઆ મંત્રથી ત્હેં;
હઠાવીશ, હઠાવીશ, હઠાવીશ, હઠાવીશ. ૫

હવે ધાર્યું થાશે નહીં માન ત્હારૂં;
હઠીલા સ્વયં લાજને ચિત્ત લાવી,
અસંખ્યપ્રદેશે થશે રાજ્ય મ્હારૂં;
હઠાવીશ, હઠાવીશ, હઠાવીશ, હઠાવીશ. ૬

ગયા દુ:ખ દ્હાડા, મળ્યા સુખ દ્હાડા;
ધરી શુદ્ધ ઉપયોગને મૂળ છેદીશ,

ખરા યોગથી નાશ ત્હારો થશે હો !
હઠાવીશ, હઠાવીશ, હઠાવીશ, હઠાવોશ. ૭
થયો એજ નિશ્ચય, હૃદય સાખ પૂરે;
પ્રતિદિન ત્હારો થશે નાશ નક્કી,
પ્રભાતે હૃદય જાગીને સત્ય બોલું;
બુદ્ધયબ્ધિ વિજય વાદ્ય વાગ્યાં મઝાનાં. ૮

ॐ शान्तिः ३

સંવત્ ૧૯૬૮ શ્રાવણ વદિ ૩ શુક્રવાર.

दृढ निश्चय.

ચળે ના ટળે ના, ખરે ના કદાપિ;
કદાપિ મળે દેવની કોટી તો પણ.
ચળે મેરૂ પણ એ, કદિ નહિ ટળે હો.
હુકમ આત્મવીર્યે, કરૂં જીવને હું. ૧
કદિ સ્વપ્નમાંહીં, વિકારે ચળું નહીં;
બહુ જોશથી સત્ય સંકલ્પ ધારૂં.
રહો યોગનું વીર્ય આત્મસ્વભાવે;
હુકમ આત્મ વીર્યે, કરૂં જીવને હું. ૨
ચળાવ્યા ચળે નહિ, કદિ યોગ મ્હારા;
હુકમ સ્વપ્નમાં એમ, સત્યજ થનારો.
સ્વભાવે રહીને, વિકારો વિદારૂં;
હુકમ આત્મવીર્યે, કરૂં જીવને હું. ૩
ચળે ના કદિ જેમ બ્રહ્માંડ આખું;
તથા નિર્વિકારી, પ્રદેશે પ્રદેશે.
પરિપૂર્ણ જુસ્સાથકી ભાવ લાવી;
હુકમ આત્મવીર્યે, કરૂં જીવને હું. ૪
પ્રભુ આણુ પેઠે ફળો, આણુ મ્હારી;

પરિપૂર્ણ નિશ્ચય, બની રૂહે બનાવ્યો.
સુતાં ઉંઘતાં, જાગતાં બેસતાં એ;
હુકમ આત્મ વીર્યે, કરૂં જીવને હું. ૫
સકલ અંગપર શક્તિઓ સત્ય જામો;
બની રૂહો સદા યોગ સહુ મુજ તાબે.
સકલવાસના ભસ્મીભૂતજ બનો એ;
હુકમ આત્મવીર્યે કરૂં જીવને હું. ૬
અસંખ્યાત આત્મપ્રદેશે રહ્યું જે;
સકલ યોગનું વીર્ય તે સ્થિર થાઓ.
પરિણામ પામું સદા શુદ્ધ રૂપે;
હુકમ આત્મ વીર્યે કરૂં જીવને હું. ૭

ૐ शान्तिः ३

સંવત્ ૧૯૬૮ શ્રાવણ વદિ ૩ શુક્રવાર.

आत्मसंबोधन.

હરિગીત.

તું સર્વની આગળ થઇને; સર્વનો નેતા બની;
ઉત્સાહ પ્રકટાવી ઘણો, શૂરતા ચઢાવી અંગમાં.
ઉત્સાહને પ્રેરી ઘણો, શૂરતા ચઢાવી લોકને;
નિજ ફર્જ પૂરી પાડવા, શુભ કાર્યકર બહુ ખંતથી. ૧
સાહસિક થૈ વિવેકથી, ઝટ ધૈર્યને ધારણ કરી;
શુભ કાર્ય કર ફત્તેહ છે, વિશ્વાસથી નિષ્કામથી.
સ્હામી રહી વિપત્તિયો, તેથી અરે ! બ્હીવું નહીં;
નિજ આત્મના સામર્થ્યથી વિઘ્નો સહુ દૂરે જશે. ૨
પુરૂષાર્થને ઝટ સ્ફોરવી, નિજ આત્મની શ્રદ્ધા ધરી;
ઉંડા હૃદયમાં ઉતરી, આલોચ કરજે કાર્યનો.
આગળ જતાં જો આખડે તો, ધૈર્યને છોડીશ ના
રાખી હૃદયમાં સિંહની, દૃષ્ટિ વિચારી ચાલવું. ૩

શુભ સાધ્ય દૃષ્ટિ રાખીને, શુભ સાધનો રચવાં ભલાં,
ઉપયોગ દિલમાં રાખીને, ભયખેદ ચિન્તા ટાળીને;
ગુણ સ્થાનશ્રેણિ પગથીયાં, ચઢતો રહે ઉત્સાહથી,
પાછળ રહ્યાને ઝાલજે, આગળ રહ્યા અવલંબજે. ૪
ખંખેરજે એ કર્મના, પરમાણુઓ લાગ્યા ઘણા;
પ્રકટાવજે નિજ આત્મના, ગુણો સકલ શુભ ભાવથી,
નિજ આત્મની અંશે થતી જે, શુદ્ધિ તે નિજ સિદ્ધતા;
બુદ્ધયબ્ધિ એ નિજ સિદ્ધતા, પ્રકટાવજે ઉપયોગથી. ૫

ૐ शान्तिः ३

સંવત્ ૧૯૬૮ ભાદરવા શુદ ૬ સોમવાર.
અમદાવાદ.

क्षमापना.

મંદાક્રાંતા.

મીઠાં મીઠાં હૃદય ઝરણાં, ખામણાં નીર જેવાં;
ધૂવે સર્વે હૃદયમળને, દિવ્ય દૃષ્ટિ ખિલાવે,
વાળે માર્ગે સહજ શિવના, દુઃખના ઓઘ ટાળે;
ઉંચા ઉંચા સકલ ગુણની, ઉચ્ચતા શીઘ્ર આપે. ૧
સાધે મૈત્રી નયન મનની, તુચ્છતા ટાળનારાં;
વ્હાલાં સારાં પ્રતિદિન વસો, દીલના આંગણામાં,
સંદેશો એ પરમ સુખનો, મુક્તિનું બારણું એ;
ખામું જીવો સકલ જગના, સર્વ જીવો ખમાવો. ૨
સિંચે સર્વે હૃદય ગુણને, મેઘની વૃષ્ટિ જેવાં;
સાચી એ છે સહજ વિભુને, દેખવાનીજ દૃષ્ટિ,
આવો પ્યારાં હૃદય વસશો, શાન્તિને આપનારાં;
બુદ્ધયબ્ધિ હા પ્રતિદિન થશો, ખામણાં એ મઝાનાં. ૩

ૐ शान्तिः ३

સંવત ૧૯૬૮ ભાદરવા સુદિ ૭ મંગળવાર.
અમદાવાદ.

પ્ર: પ્રેમદશા.

હરિગીત:—

જ્યાં જ્યાં વિભૂતિ આપની ત્યાં, પ્રાણ મ્હારા પાથરૂં;
તવ નામ પિયૂષ પી ઘણું, આનંદથી હસતો ફરૂં,
તુજ નામને ગાતો ફરૂં, શ્રવણે સુણાવું સર્વને;
તુજ સદ્‌ગુણો પ્રસરાવવા, જે જે બને તે સૌ કરૂં. ૧

તુજ પ્રેમથી અશ્રુ ઝરે એ, અશ્રુનો સાગર કરૂં;
એ અશ્રુના સાગરવિષે, ઝીલું ઝીલાવું સર્વને,
તવ તેજના અંબારમાં, દુનિયા સકલ જોતો રહું;
કાયા અને માયા સહુ એ, તેજ જોતાં છે નહીં. ૨

મ્હારૂં હૃદય સોંપ્યું તને એ, પ્રેમમાં અર્પણ સહુ,
જ્યાં ભેદનો ખેદજ નથી ત્યાં, ભેદ શાના માનવા;
જે તું અરે! તે હું અરે! જે તું નહીં તે હું નહીં,
જે જાતિ તે હું જાતિ છું એ, ઐક્યમાં બીજું નથી. ૩

જે જે ગુણો ત્હારા અરે! મ્હારા અરે! તે તે ગુણો;
ત્હારૂં અને મ્હારૂં બધું તે, ઐક્ય છે એ વસ્તુતઃ
જે હું અને જે તું અરે! એ વૃત્તિના મધ્યે રહ્યું;
તે શુદ્ધતત્ત્વોપાસનામાં, મસ્ત હું રાચી રહું. ૪

ગંભીર ત્હારા રૂપનો, પારજ લહુ નહિ ધ્યાનમાં;
કથતાં ઘણું બાકી રહે એ, વાતનો સાક્ષી તુંહીં.
ત્હારા વિના ગમતું નથી, મન માનતું નહિ અન્યને;
સહેવાય નહિ વિયોગનો, ક્ષણ લાખ વર્ષો સમ થયો. ૫

જે દીલમાં આવે અરે! તે, લેખિની લખતી નથી;
શુભ વાણી સહુ કહેતી નથી, એ દીલ જાણે દીલને.
ત્હારા વિના સાક્ષી નથી, ત્હારા વિના રહેવું નથી,
ત્હારા વિના વદવું નથી, ત્હારા વિના જોવું નથી. ૬

ક્ષણ માત્રમાં દિલમાં સ્ફુરે એ, સર્વ ત્હારૂં થઇ રહ્યું;
મ્હારૂં અને ત્હારૂં અરે ! એ ભેદપણ ભૂલી ગયો.
આધેયને આધારતું, જિનરાજ ધ્યાને તું રહ્યો;
બુદ્ધયબ્ધિ હર્ષોલ્લાસના, કલ્લોલની ધ્વનિયો કરે. ૭

ૐ શાન્તિઃ ૧

સંવત ૧૯૬૮ ભાદરવા સુદિ ૧૧ રવિવાર.

सत्यजीवन.

હરિગિત:—

શુભ જન્મવું આ ઝિંદગીમાં, જીવતાં ફરીને નવું;
આદેહથી બહુ જીવતાં, સદ્‌ગુણથી જીવ્યું ખરૂં,
સદ્‌ગુણથી જીવ્યા ખરા તે, જીવતા જગમાં રહ્યા;
આનંદમય જીવન કરે તે, સત્ય જીવ્યો જાણવો. ૧
જીવું જીવાડું સર્વને હું, સદ્‌ગુણોના પ્રાણથી;
એ સદ્‌ગુણોના તેજથી, મુઆ જીવાડું જીવને.
જીવ્યાપછી મરવું નથી એ, જ્ઞાનીઓએ સંકથ્યું;
જીવ્યાપછી મરવું રહ્યું એ, જીવવું છે બાહ્યથી. ૨
મરવું કદી વ્હાલું નથી, મરવું નથી મરવું નથી.
મરવું રહ્યું ત્યાં ભય રહ્યો એ, ભયથકી ડરવું નથી.
વ્હાલું સદા છે જીવવું એ, જીવવું મેં ઓળખ્યું;
એ જીવવાનું યોગથી, આનન્દના અદ્વૈતથી ૩
આનન્દના અદ્વૈતમાં, આનન્દમય સૌ ભાસતું;
એ જીવતાના પ્રાણનું પોષક, ખરૂં એ દ્રવ્ય છે.
આનન્દ રસથી પોષનારા, સત્ય વૈદ્યો જાણવા;
મૂઆ કરે જે જીવતા તે, દિવ્ય વૈદ્યો સત્ય છે. ૪
આનન્દ રસથી જીવતા ને, અન્યને જીવાડતા;
સાચા અમારા તે પ્રભુઓ, દીલનાં દર્દો હરે,

શાશ્વત જીવન એ પામવા, થાવા અમર આનન્દથી;
અલમસ્ત થૈને શોધતા એ, આત્મભાવે યોગીઓ. ૫
એ અલખની ધ્વનિયો કરી, આનન્દનો યોગી બનું;
નિર્દોષ વિષયાતીત થૈ, આનન્દમય ફરતો ફરૂં.
પરમાત્મનું જીવન ખરૂં એ, યોગીના અન્તર્ રહ્યું;
બુદ્ધયબ્ધિ પરમાનંદના, કલ્લોલની ધ્વનિયો સુણું. ૬

ૐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૮ ભાદરવા સુદિ ૧૩ મંગલવાર.

ઉજવાળી રાત્રી.

અહોહો રાત થઇ અજવાળી, તગતગતી તારા આલિ—અહોહો૦
મૌક્તિક ચંદરવો આકાશે, કુદરતે બાંધ્યો ઝાલી. અહોહો૦ ૧
કુમુદિની વન ખીલ્યાં શોભીતાં, સ્નેહ ગ્રહેલો પાળી— અહોહો૦ ૨
પંકજ વૃન્દો મીંચાઇ ગયાં, પ્રેમ અવરથી ટાળી—અહોહો૦ ૩
મન્દ મન્દ સ્મિતની ઉજ્વલતા, હાસ્ય કરે પતિ ભાળી—અહોહો૦ ૪
ધીમા ધીમા રવને કરતી, નિંદ સમર્પે વ્હાલી— અહોહો૦ ૫
ખળખળ નદીના જલ સંચારે, જાય જોતાં અરે ચાલી—અહોહો૦ ૬
ઘુંઘવાટ કરતો રૂહે દરિયો, ઉછળે છાલંછાલી— અહોહો૦ ૭
સિંહ ધડુકે પર્વતમાંહીં, હાસ્ય કરે લટકાલી— અહોહો૦ ૮
પ્રસરી શાંતિ જીવો ઉંઘે, તુજ ખોળે શિર ઢાળી—અહોહો૦ ૯
જાગે જોગી આનન્દ લહેરે, તેની કરે રખવાળી. અહોહો૦૧૦
તનનો તાપ બુઝાવે સઘળો, આધિ ઉપાધિ ટાળી—અહોહો૦૧૧
અમૃત લેઇ વનને સિંચે, બની ખરી રખવાળી— અહોહો૦૧૨
ઝળહળતી જ્યોતિ રૂપેરી, ઓઢી છે શુભ સાડી— અહોહો૦૧૩
લટકાં મટકાં કરતી ચાલે, દેઇ હાથમાં તાલી અહોહો૦૧૪
ખોટી પ્રીતિની એ રીતિ, મુંઝાશો ના ખાલી. અહોહો૦૧૫
બુદ્ધિસાગર અન્તર્ દૃષ્ટિ, ક્ષયોપશમથી ભાળી. અહોહો૦૧૬

ૐ શાન્તિઃ ૩

૧૯૬૮ શ્રા. સુદિ. ૧૦

પોતાનું સંભાળ.

—દોહરા.—

અમુક માનવ મૂઢ છે, અમુક દક્ષ નિહાળ.
પરપંચાતો ત્યાગીને, પોતાનું સંભાળ. ૧
પરમાં દ્રષ્ટિ રાખીને, કરતો પરનો ખ્યાલ.
પર પરીક્ષા કયાં કરે, પોતાનું સંભાળ. ૨
પર પોતાનું કલ્પીને, રચતો જગ જંજાળ.
સાથે કોઇ ન આવશે, પોતાનું સંભાળ. ૩
ચક્રવર્તી પણ ચાલીયા, દે છે મૃત્યુ ફાલ.
અનિત્ય આ સંસારમાં, પોતાનું સંભાળ. ૪
જન્મ મૃત્યુના ચક્રમાં, પડવાથી બેહાલ.
કર્મવશે સહુ જાણીને, પોતાનું સંભાળ. ૫
કર્યાં કર્મ સહુ ભોગવે, રાજા ને કંગાલ.
તીર્થંકર પણ ભોગવે, પોતાનું સંભાળ. ૬
દ્વેષ ધરે શું ? શત્રુપર, કોપર ધરતો વ્હાલ.
મન કલ્પના ત્યાગીને, પોતાનું સંભાળ. ૭
શરમ ન રાખે કોઇની, એવો જબરો કાલ.
વૈરાગ્યે મન વાળીને, પોતાનું સંભાળ. ૮
પર નિન્દાને કયાં કરે, બૂરી નિન્દાચાલ.
ખટપટ ખોટી ત્યાગીને, પોતાનું સંભાળ. ૯
ડહાપણમાં ડુલી જઇ, બનીશ ના વિકરાલ.
મેળા મળીયા સ્વપ્નના, પોતાનું સંભાળ. ૧૦
ધન સત્તા પદવી સહુ, જુઠા ડાક ડમાલ.
અભિમાનને ત્યાગી ઝટ, પોતાનું સંભાળ. ૧૧
ઇન્દ્રજાલ પેઠે સહુ, ક્ષણિક નિશ્ચય ભાળ.
અન્તરમાં સમજી અરે. પોતાનું સંભાળ. ૧૨
પરપુદ્ગલ તે તું નહિ, પરરમણતા ટાળ.
શુદ્ધસ્વભાવે તું સદા, પોતાનું સંભાળ. ૧૩
હાથ ઘસંતાં ચાલીયા, પાસે રહી ન ઢાલ.

રાજાઓના રાજવી, પોતાનું સંભાળ. ૧૪
વીરવચન અવલંબીને, થા તું ઝટ ઉજમાળ.
બુદ્ધિસાગર ધ્યાનથી, પોતાનું સંભાળ. ૧૫

ૐ શાન્તિઃ ૩

સં. ૧૯૬૮ માગશર વદિ ૧૦
અમદાવાદ.

अनुभव.

રાગ ગોડી.

અનુભવ દિલમાં આવ્યો રે, પ્રગટ્યો આનન્દરસ પૂર. આનુભવ.
ત્રિવેણીના ઘાટમાંરે, ન્હાયી કર્યો મલદૂર;
પ્રભુજી ભેટયા પાસમાંરે; ચઢતે ભાવ સનૂર. અનુભવ. ૧
નામરૂપ ભ્રમણા ટળીરે, ભાસ્યો સ્વયંપ્રકાશ;
નામ નહીં અનામીનુંરે, કરતો સહજ વિલાસ. અનુભવ. ૨
લોકવાસના ના રહીરે, ન્યારો લોક સદાય;
હું તું પરમાં નહિ જરારે, આપોઆપ સુહાય. અનુભવ ૩
જે જેનું તે તેહનુંરે, અહંભાવ શું હોય;
અન્તરમાં આલોચતાંરે, રાગાદિક નહિ જોય. અનુભવ. ૪
વચને સઘળું જગ ભરૂંરે, તોપણ પૂર્ણ ન થાય;
બુદ્ધિસાગર આત્મનીરે, અકળ કળા કોઇ પાય. અનુભવ. ૫

ૐ શાન્તિઃ ૩

વીર. સં. ૨૪૩૯ મૃગશીર્ષ સુદિ ૬.

आंबो.

કોઈ એક જ્ઞાનીઓ વિચાર—એ રાગ.

વાવોને આંબો સન્ત વાવોરે, આંબો અમર છેરે જી.
શ્રદ્ધાનો ક્યારો કરીને તેમાં, સમકિત (વિવેક) ગોટલી વાવો હે જી.
કુમતિનાં ઝાંખરાં દૂર કરીને, ગુરૂબોધ મેઘ વર્ષાવોરે—આંબો૦ ૧
યમ નિયમવાડોલીઉં કરીને, ઉપયોગે સંભાળો હે જી.

કુગુરૂ પશુઓને દૂર કાઢી, ભ્રાન્તિ ઉંદર દૂર ટાળોરે—આંબો૦ ૨
ભક્તિ ગડુલીએ પ્રેમના પાણીએ, સિંચો ભાવોલ્લાસે હે જી;
કલકલ કરતો મોટો થશે, અનુભવ જ્ઞાન પ્રકારોરે—આંબો૦ ૩
ડાળાંને પાંખડાં લપલબ્ધિયો, નમતો નમતો જાશે હે જી.
શુદ્ધસમાધિરસના યોગે, હાલે ફુલી શુભ વાસેરે—આંબો૦ ૪
અનુભવ સુખનો મોર પ્રગટતાં, કેરી શિવ ફળ આવે હે જી.
બુદ્ધિસાગર ફળ રસ પ્રેમે, પીતાં સુખમય થાવેરે—આંબો૦ ૫

ૐ શાન્તિઃ ૩

સં. ૧૯૬૮ માગશર સુદિ ૧૧ શુક્રવાર.
અમદાવાદ.

જ્ઞાનયોગિનીદશા.

હરિગીતઃ—

જે ડાળ ઉપર પંખીડું બેસે, અરે ! તે ડાળ તો;
ઉંચી જતી નીચી જતી પણ, પંખીડું બીવે નહીં.
દૃષ્ટાંત એવો જ્ઞાનીને, આરબ્ધ ડાળે બેસતાં;
ઉંચી જતી નીચી જતી એ, ડાળ પણ નિર્ભય રહે. ૧
વન માર્ગમાં પર્ણો પડયાં, વાયુથકી જ્યાં ત્યાં જતાં;
પણ વાયુ વણ હાલે નહીં એ, ન્યાય જીવનમુક્તનો.
પ્રારબ્ધથી જ્યાં ત્યાં ભમી, કર્મો અદા કરતા રહે;
એ યોગીઓના યોગની, ન્યારી ગતિ હું શું કથું. ૨
ન્હાનાં સુકોમલ બાલકો, પ્યારાં સકલને લાગતાં;
એ ભેદને સમજે નહીંને, પ્યારને ઇચ્છે ઘણું.
જે ચ્હાય તેની પાસમાં, આનન્દથી તે ખેલતાં;
અજ્ઞાન વણ એ યોગીઓમાં, બાલપણ પ્રકટે નવું. ૩
એ યોગીઓના યોગમાં, આનન્દ વણ બીજું નથી;
પ્યારા જગત્‌ને લાગતા, નિર્દોષ જ્ઞાને ખેલતા.
ફરતા ફરે જોતા ફરે, વહતા ફરે બેસી રહે;
જોવું ગમન વહવું સહુ એ, કલ્પનાથી ભિન્ન છે. ૪
જે જે કરે છે યોગીઓ ત્યાં, કલ્પના પ્હોંચે નહીં;
[illegible] અરે ! તે યોગીઓના, જાણવા મુશ્કેલ છે.

અજ્ઞાનીઓ સંભ્રમ અને, આશ્ચર્ય નિંદામાં પડે;
સાચા અરે ! એ યોગીઓનાં, દીલ ગંગા સમ કહ્યાં. ૫
આનન્દ લે અંતર્ થકી ને, બાહ્યમાં નિરપેક્ષ જે;
આનન્દ રસ પીને અહો ! એ, મસ્ત થૈ ફરતા ફરે.
એ બ્રહ્મ ગુફામાં વસે, ઉંઘે જગત્ એ જાગતા;
બુદ્ધચબ્ધિ અન્તર્ યોગના, સાધક બનો તો જાણશો. ૬

ૐ शान्तिः ३

સં. ૧૯૬૮ ભાદરવા વદિ ૪ સોમવાર.

वारिदा कार्य.

હરિગીત:—

આકાશમાંહીં વાદળી, ઉંચી ચઢી વર્ષી ઘણું.
સરિતા થઈ એ જલથકી, ઝરણાં ઘણાં બીજાં ભળ્યાં.
બહુપૂરના આવેગથી,વહેતી મહીમાં મ્હાલતી,
ક્ષેત્રો ઘણાં જલમય કરી, આનન્દને પ્રકટાવતી. ૧
નાળાં ઘણાં જલથી ભરી, આગળ વધી વ્હેતી રહે;
પન્થો ઘણા રોકી જલે, નિવૃત્તિમય લોકો કરે.
બીજી ઘણી ન્હાની અહો ! નદીઓ મળે છે વાટમાં;
બહુ જલથકી મસ્તાની તે, ઘુઘવાટ કરતી ધાવતી. ૨
ઘુઘવાટની એ ગર્જનાથી, લોકમાં શાન્તિ થતી;
નિજ માળમાંહીં પંખીડાં, કલ્લોલ કરતાં બેસતાં.
બહુ તાપની શાન્તિ થઇ, આશા વધી સુખની ઘણી;
વાવ્યાં ઘણાં બીજો અને પ્રેમે, ઘણાં તે જાળવ્યાં. ૩
પશુઓ અને પંખી થકી, રક્ષણ કરી ઉછેરીયા;
છોડો મઝાના પુષ્ટ થઇ, ઉંચાથયા ફલ આપવા.
ફલ પામવાની આશમાં, ક્ષેત્રીથકી જીવાય છે;
બુદ્ધચબ્ધિ ફલની પ્રાપ્તિમાં, ઉદ્યોગ આશાએ થતો. ૪

ૐ शान्तिः ३

સંવત ૧૯૬૮ ભાદરવા વદિ ૫ મંગલવાર.

અમદાવાદ.

शिष्यनी [illegible] वि[illegible]सिः—

મંદાક્રાંતા

માફી માગું લળી લળી નમી, આપ વાણી ઉથાપી;
ઠંડાં મીઠાં હૃદય ગિરિનાં, પ્રેમ ઝર્ણાં ન પીધાં,
મીઠી મીઠી સકલ રસથી, તુજ શિક્ષા ન પીધી;
પાસે બેસી હૃદય વિધુથી, ખૂબ શાન્તિ ન લીધી. ૧
મોંઘામીઠા સુરવરથકી, નાભિથી જે ઉઠેલા;
આશીર્વાદો બહુ નહિ ગ્રહ્યા, પ્રેમની મૂર્તિયો જે.
સેવા મેવા હૃદય રસના, પાકથી જે બનેલા;
ખાધાના તે સમય લહીને, દીલમાં દાઝતેની. ૨
કલ્પવૃક્ષ પ્રભુ પદકજે, ભૃંગ જેવો થયો ના;
આપશ્રીનો હૃદય વપુથી, છાય જેવો બન્યોના.
ઉંડો ન્હોળો હૃદય જલધિ, પાર તેનો ગ્રહ્યો ના;
મીઠી આંખે હૃદય વચને, લાડ જેના લહ્યાં મેં. ૩
જાણ્યા તે તે કથન સઘળાં, પ્રેમથી પૂર્ણ પેખો;
નિષ્કામીના હૃદય પટમાં, ફર્જનું ચિત્ર પેખું.
પોષો વ્હાલા! હૃદયસરના, પ્રેમવારિથકી તો,
મ્હોટાઓને સહજ ઉપજે, આશયો ખૂબ મ્હોટા. ૪
માગું મીઠા હૃદય રસને, યાચના ઐકય બેનું;
જ્યાં તું ત્યાં હું સુખ દુઃખ સમે, પ્રેમની પૂર્ણ દૃષ્ટિ.
વાણી શિક્ષા સરવરમહિં; ઝીલીને મેલ ટાળું;
સેવા ભક્તિ કર નિજશિરે, નિત્ય "બુદ્ધયબ્ધિ" ઇચ્છે. ૫

ૐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૮ ના ભાદરવા વદિ ૧૩ રવિવાર.

प्रबोधपत्रं.

કવ્વાલી.

કપાલે હાથ દેઈને, કરે ચિંતા અરે ! શાથી ?
પરિવર્તન થશે જૂદું, જશા નહિ હાર હિમ્મતને. ૧
ઉદયનાં દ્વાર છે લાખો, મળે ઇચ્છયું ઘણા માર્ગે;
બહુ ખખડાવ ! દ્વારોને, ઉદય દ્વારો થશે ખુલ્લાં. ૨
ધરી ધીરજ સહન કર જે, કદાપિ વાર શ્રેયાર્થે;
ઉદયનું દ્વાર આવી જે, થશે દ્રષ્ટા પછી તેનો. ૩
અધુના જે અવસ્થા છે, પછીથી તે નહીં રહેશે;
વહે ! વિશ્વાસથી આગળ, ગમે તેથી થશે ધાર્યું. ૪
બને જે જે જુએ જે જે, ભલા માટે ગણી લે જે;
ઉદય માટે થશે ઈચ્છયું, ભવિષ્યત્ કાલમાં સારૂં, ૫
નથી ઇચ્છયું થતું મ્હારૂં, અરે ! મ્હારૂં થશે શું એ;
ત્યજી ચિંતા અરે ! એવી, સુઝે જે જે કરે જા તે. ૬
ગમે તે યોગથી રસ્તો, થશે ખુલ્લો ખરા યત્ને;
કરે જા યત્ન ઉત્સાહે, અને તે તે તટસ્થે જો. ૭
ઉદયનું દ્વાર ઇચ્છે જે, અધિકારે અરે ! જૂદું;
કદી ઈચ્છયાથકી સારૂં, ગતિ છે દૈવની ન્યારી. ૮
થતું જે તે ભલામાટે, ગણી આનન્દ ધર જે તું;
ફળે સંકલ્પ યોગીનો, અરે ! એ યોગ સાધી લે. ૯
પડે ધક્કા ભલામાટે, ખરેખર ! જ્ઞાનથી જોતાં;
ઘણી ઠોકર ઘણી શિક્ષા, ખરેખર માનીને સ્હેજે. ૧૦
ઉદયનું દ્વાર જે યોગ્યજ, હશે ત્હારા ભલા માટે;
અધુના દેખતો નહિ તે, પછીથી તે જણાશે હો ! ૧૧
પડે વિઘ્નો ભલું કરતાં, થઈ નિર્ભય સહી ધૈર્યે;
પ્રયત્ને વિઘ્ન છેદીને, વહે સુજ્ઞો સદા આગળ. ૧૨
ગમે તે જ્ઞાનમાટે આ, અમારી આ દશા હમણાં,
મળ્યામાંથી કહું સારૂં, ખરેખર ! ફર્જ એ મ્હારી. ૧૩

ધરીને ચિત્તમાં એવું, મળે તેવા પ્રસંગોમાં;
નિહાળી દૃષ્ટિથી સારૂં, સકલ ફર્જો અદા કરજે. ૧૪
જગત્‌શાળાવિષે માનવ, અનુભવ સર્વ લેવાના;
મળ્યા નહિ તે મળે છે હો ! ખુશી થૈ જ્ઞાન લે ત્યાંથી. ૧૫
પરિવર્તન અવસ્થાનાં, થયાં થાશે અનુભવ દે;
રહ્યું જે કર્મ પડદામાં, પ્રકટ થાશે થશે નિશ્ચય. ૧૬
અશાતા શાતનાં વાદળ, ઉદય આવે વિલય થાવે;
થઇ સાક્ષી ચુકવ દેવું, ખરૂં તે દિવ્ય દેખાશે. ૧૭
અવસ્થા એક નહિ ક્યારે, જગત્‌માં સર્વ વસ્તુની;
થતો ઉત્પાદ તેનો વ્યય, અનુભવથી અનુભવ ! એ. ૧૮
ગમે તે વસ્તુમાં મનથી, અહો ! જે સુખ કલ્પાયું;
ક્ષણિક મનને ક્ષણિક વસ્તુ, ધરો સંતોષ તો શાન્તિ. ૧૯
થયું થાતું થશે જે જે, ઉદયના જ્ઞાન અર્થે તે;
ગણીને ધૈર્ય ધારી તું, સુજે સારૂં કરે જા તે. ૨૦
ખરૂં તે પાસ ત્હારી છે, ખરૂં સુખ તે નથી જૂદું,
સકલ સુખનું નિધાનજ તું, વિચારીને વિચારી જો. ૨૧
સહજ આનન્દ ભૂલીને, નથી ત્યાં શોધતા અજ્ઞો;
ઉતર ઉંડો હૃદયમાંહીં, ખરાની શાખ પૂરે તે. ૨૨
અનુભવ વણુ નથી નિશ્ચય, અનુભવ એ પ્રમાણુજ છે;
થશે જ્યારે અનુભવ એ, તદા આનન્દની ઝાંખી. ૨૩
જગત્‌ના જડ પદાર્થોમાં, સુખાશા મોહની બેડી;
અરે ! પરતંત્ર જીવો તે, ગણે સ્વતંત્ર પોતાને. ૨૪
નથી મમતા ઘણી સમતા, નથી જડમાં સુખાશા કંઇ;
બુદ્ધ્યબ્ધિ નિત્ય સ્વાતંત્ર્યે, સહજ આનન્દની ધારા. ૨૫

ૐ शान्तिः ३

સંવત્ ૧૯૬૮ ભાદરવા વદિ ૧૪ બુધવાર

सन्त ना संत[illegible]न बोध.

કવ્વાલિ.

અમારા પર ધરી ઈર્ષ્યા, વૃથા અપમાન ના કરશો;
તમારા ધર્મથી ચૂકી, કરો તે તે નથી સારૂં. ૧
ધૂલીને પાદથી હણુતાં, ચડે છે શીર્ષપર જોશો;
મહન્તોના થતાં સ્હામાં, ત્હમારૂં ભાગ્ય ફરવાનું. ૨
મહન્તો તો સહી લેશે, કદાપિ કર્મ નહિ સહેશે;
ઉઠી જે હાય ! સન્તોની, કદિ ખાલી નથી જાતી. ૩
પ્રભુના ભક્ત સન્તોની, સહાયે દેવતાઓ છે;
મુનિયોને કનડવાથી, જડામૂળથી ગયા કેઇ. ૪
બુરૂં ભાવી થવાનું તો, થતું અપમાન સાધુનું;
સતાવે સાધુને જેઓ, થતા દુઃખી ગમે ત્યારે. ૫
થઇ દુઃખી મરે તેઓ, વિપત્તિઓ ઘણી સહેતા;
થતા નિર્વંશ નિન્દાથી, ઘણાઓનું થયું એવું. ૬
પ્રભુના ભક્તના શ્રાપે, ગયા ઉખડી ઘણા લોકો;
મુનિને બહુ પજવવાથી, ફળે છે પાપ આ ભવમાં. ૭
મુનિયો બોલના બોલે, અબોલ્યું પાપ બાળે છે;
રહે ના ગર્વ રસ્તાઓ, સદા શેઠાઇ ના રહેતી, ૮
અરે ! એ લક્ષ્મીના તોરે, છતી આંખેજ અંધાપો;
થઇને કાનનો કાચો, બુરા અવતાર લેવાનો. ૯
કર્યાં કર્મો નહિ મૂકે, વિચારી જો કર્યું જે જે;
કરીને યાદ કર્મોની, કદિ ના છેડ સન્તોને. ૧૦
અમારે તો નથી કાંઇ, સદા સમભાવનો રસ્તો;
કરૂણા સર્વ જીવોની, પ્રભુનું શર્ણુ સન્તોને. ૧૧
પ્રભુની ભક્તિ શકિતથી, પ્રભુનો મેળ કરવાનો;
બુદ્ધયબ્ધિ સન્તના શરણે, અખંડાનન્દ લેવાનો. ૧૨

ॐ शान्तिः ३

સંવત ૧૯૬૮ આસો સુદિ ૬ બુધવાર.

વૈરાગ્ય.

કવ્વાલિ.

અરે ! તું જાગીને જોને, કરી લે કાર્ય કરવાનું;
ધરી અધ્યાત્મદૃષ્ટિને, સદા ભાવતું નિર્ભયતા. ૧
તજે વસ્ત્રો જીરણુ દેહી, નવાં વસ્ત્રો ધરે દેહે;
બદલવાં દેહને તદ્વત્, કરે ચિંતા વપુની શું ? ૨
થતું જે બાહ્યથી મૃત્યુ, નથી તે નિશ્ચયે જોતાં;
નથી જન્મ્યો નથી વિણુશ્યો, અમર છે શુદ્ધ શ્રદ્ધાથી. ૩
બહિર્ વ્યવહાર દૃષ્ટિથી, અહંવૃત્તિ સ્ફુરે દેહે;
કરાવે ભીતિના ચાળા, રહે નહિ આત્મમાં વૃત્તિ. ૪
પ્રતિક્ષણુ શુદ્ધ નિશ્ચયથી, રહી નિર્ભય સદા સ્થિર થા !
વિવેકે યોગ્ય રસ્તામાં, સદા વહેવું પ્રસન્નજ થૈ. ૫
થતી હું હુંતણી વૃત્તિ, તજીને કાર્ય કરવાથી;
બની નિર્લેપ યોગી તું, અદા કરજે ફરજ ત્હારી. ૬
ખીલેલાં બાગનાં પુષ્પો, પછીથી તે ખરી જાશે;
ઉદયને અસ્તનાં ચક્રો; ફરે તેથી બચે ના કો. ૭
સદા ઉપયોગ સારામાં, કરી લે જે મળ્યું તેનો;
સદા સમતોલ રાખીને, મગજને કાર્ય કર ત્હારાં. ૮
વિચારોમાં રહ્યાં બીજો, અહો ! આચારનાં સૌએ;
વિચારોમાં પડે ભેદો; પડે આચારમાં તે તે. ૯
અરે ! એ સૌ બને છે ને, બને ભાવી જુએ જ્ઞાની;
વિકલ્પો દે તજી મિથ્યા, કરી લે ધર્મની વૃત્તિ; ૧૦
નથી હું ને નથી મ્હારૂં, અહો એવો બની જા તું;
બુદ્ધ્યબ્ધિ સ્વસ્થ અન્તર્ થૈ, રસિલો શાન્ત રસનો થા ! ૧૧

ૐ શાન્તિઃ ૩

સંવત ૧૯૫૮ આસો સુદિ ૭ ગુરૂવાર.

उदय चिह्न.

કવ્વાલિ.

ઉગે છે જો ઉદય ભાનુ, થયાં પરભાતનાં ચિહ્નો;
છવાઇ ખૂબ લાલીમા, જનો કૈં જાગવા માંડયા. ૧
ટળે છે તમ ત્વરિત વેગે, ઉજાસજ ખીલવા લાગ્યો;
ઉઠી ને કૈં ઉઠાડે છે, બૂમો પાડીજ ઢંઢોળી. ૨
ઉઠે છે જાગીને લોકો, પ્રભુનું નામ સંભારે;
કરે છે કાગડા કાકા, ઉદય કિરણો નિહાળીને. ૩
વિચારો ચિત્ત કૈં થાવે; અમારે કાર્ય કરવું શું ?
વિચારોની સમુત્ક્રાન્તિ, પડે પડઘા અવાજોના. ૪
થતા કોલાહલો જ્યાં ત્યાં, થયા સૌ સાફ રસ્તાઓ;
ઘરો ચોખ્ખાં કરે સ્ત્રીઓ, પ્રવૃત્તિ કાર્ય કરવા ચૈ. ૫
ગુરૂઓ સૂત્ર વાચે છે, જણાવે ધર્મની વાતો;
જણાવે યોગ્ય આચારો, સુણે શ્રોતા જનો ભાવે. ૬
કરીને સૌ મગજ તાજું, કરે ચળવળ ભરે પગલાં;
થયાં પરભાતનાં કાર્યો, બુદ્ધયબ્ધિ ધર્મનાં નક્કી. ૭

ૐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૮ આસો સુદિ ૮ શુક્રવાર.

नदी.

હરિગીત.

ગિરિવરથકી તું નીકળી, ખળખળ રવે નીચી વહે;
બહુ પત્થરોની સંગતિથી, રંગને ધરતી રહે.
ગંભીર ધીમા વેગથી, વ્હેલી અગાડી ચાલતી;
જે માર્ગ દેખે નીચ તે તે, વાટ તે ચા'તી ફરે. ૧
ઝરણાં ઘણાં બીજાં ભલાં, વાટે મળે ભેગાં ત્હને;
તેથી અરે ! તું પુષ્ટ થૈ, નિજ માર્ગને વિસ્તારતી.

આકાશમાંના મેઘના, જલદાનથી ઉન્મત્ત થૈ;
મસ્તી ઘણી કરતી વહેને, કૂલમર્યાદા તજે. ૨
બહુ ઉછળી નીચીપડે, કલ્લોલ કર ઉંચા કરી;
પાસે ઉગેલાં વૃક્ષને, ઉખેડીને લેઇ જતી.
બે પાસ કાંઠા જે રહ્યા, તેને અરે ! તું તોડતી;
વાંકી વહીને સર્પની, પેઠે ચલે છે આગળે. ૩
મગરો ઘણા તુજ વેગથી, ખેંચાઈ આગળ ચાલતા;
તારા ઘણા ડુબાડતી, તરવાવિષે ડાહ્યા અહો !
બહુ લાકડાં ખેંચાઈ ત્હારા, વેગથી સાથે વહે;
ઉડે ઘણા ઉપરે અહો, કાકા કરીને કાગડા. ૪
જે માછલાં પ્રીતિ ધરી, ત્હારા ઉદરમાં ઉપજ્યાં;
તેને અરે ! સંતાપતી, રંજાડતી ને ખેંચતી.
તુજ પાર લેવા હોડીઓ, હંકારતાં બ્હીવે જનો;
એવી અરે ! તું મસ્ત થૈ, વર્ષાદ કાળે ખેલતી, ૫
તુજ તીર ઉપર બ્રાહ્મણો, સંધ્યા કરે મન્ત્રો ભણે;
બક પંક્તિ કૃત્રિમ ધ્યાનથી, મત્સ્યો પકડવા બેસતી.
ન્હાવા અને ધોવા જનો, આવે અરે ! તુજ પાસમાં:
તૃષ્ણા જીવોની ટાળતી, જીવાડતી જલદાનથી. ૬
બહુ વૃક્ષ રાજી શોભતી, બે તીરપર લીલી ઘણી;
પંખી અને પશુઓ સહુ, ત્હારાથકી જીવે અહો !
તું તીર્થ છે લોકો કહે, ત્હારી હવા ચોખ્ખી કહે;
ફરતા જનો તુજ તીરપર, લલકારીને ગીતો કહે. ૭
ધુણીધખાવે યોગીઓ, સ્મશાન કાંઠા ઉપરે;
સેવાળને પણ ધારતી, ચંચળપણું છોડે નહીં.
મંગલ ગણે તુજને જનો, ખુડાડતી જીવો ઘણા;
જીવો ઘણા તુજ સંગથી, ઉપજે અને વિણસે બહુ. ૮
બહુ રેલથી ઉન્મત્ત થઈ, ભજવાડ કરતી ચાલતી;
આરોહણિની સંગતિની, ચાહના ચિત્તે ધરી.
નિજરૂપ ભૂલી ધારતા, પામી સમાધ સ્વામીમાં;

તું પ્રીતિથી અક્ષય બની ને, અબ્ધિમાંહીં ગુપ્ત થૈ. ૯
આકાશ ભાનુ તાપથી, તું તપ્ત થૈ કૃશતા ધરે;
પણ દાનને છોડે નહીં, જીવાડતી જગ પ્રાણુથી.
ઉપકાર કરવા અવતરી, વ્યવહારથી લોકો કહે;
બુદ્ધયબ્ધિ અન્તર જાણુતા, તે સત્ય સુખડાં માણુતા. ૧૦

ૐ શાન્તિઃ ૩

સંવત ૧૯૬૮ આસો સુદિ ૧૧ સોમવાર.

बाग.

આ બાગ સુન્દર આંખથી, જોતાં ઠરે છે દીલડું;
તાજી હવા લેવા ઘણા, આવે અહો ! કૈ શોખીનો.
આ કેવડો મ્હેંકે ઘણો, જાઈ જુઈ ને કેતકી;
આ માલતીના પુષ્પપર, ગુંજારવો ભ્રમરા કરે. ૧
ડાળી હલાવી પ્રેમથી, સત્કાર કરતી પંથીનો;
ચંબેલીઓ આ દેખ જો ને, વારિરસથી વાધતી.
આ પુષ્પ જો ગુલાબનું, સુગંધથી મ્હેંકી રહ્યું;
એ આત્મરક્ષા હેતથી, કાંટા ધરે છે કારમા. ૨
આકાશથી વાતો કરે, આ નાળીયેરી વૃક્ષ જો;
આ કેળની શ્રેણિવિષે, વિશ્રામ લે છે કૈં જનો,
આ વલ્લિઓના માંડવા, શોભા દીએ છે ચિત્તને;
તાજું કરે છે ચિત્તને, સુગંધી આપી પ્રેમથી. ૩
આ સૂર્યમુખી ચંદ્રમુખી, મોગરો બપ્પોરીયાં;
કમળો ઘણાં ખીલી રહ્યાં, સરવરવિષે શોભી રહ્યાં.
કુમુદિની મિંચાઇને તે, બોધ આપે પ્રેમનો;
જે સાથ જેનો પ્રેમ છે, તેના વિના તો દુઃખ છે. ૪
ઘટમાળ જો આ રેંટની, ઉદયાસ્તની શિક્ષા દીએ;
પુષ્પો ખરે અવલોક ! જેનું, જન્મ તેનું મૃત્યુ છે.
દાડમ અને આ જામફળી, સહકાર વૃક્ષો શોભતાં;

ઝરણાં વહે નીકો થકી ને, પોષતાં તે વલ્લિઓ. ૫
તરૂ શ્રેણિપર બેસી ઘણા, કલ્લોલ કરતાં પંખીઓ;
કૈં બેસતાં કૈં ઉડીને, નશ્વરપણાને દાખવે,
જે ક્ષીણ છોડો થૈ ગયા તે, દૂર કરતા માળીઓ;
ત્યાં રોપતા જે છોડ સારા, પુષ્પ રસને આપતા. ૬
સંસારના સૌ પાઠને, આ બાગ સાને શિખવે;
બ્રહ્માંડનો આ બાગ જોઈ લે, વિચારી પિંડમાં.
એ આત્મજ્ઞાની આત્મમાંહીં, બાગ લીલા દેખતો;
બુદ્ધયબ્ધિ અન્તર બાગમાં, જો સદ્ગુણોના છોડવા. ૭

ૐ शान्तिः ३

સવત્ ૧૯૬૮ આસો સુદિ ૧૨ મંગલવાર.

भक्तनी सेवामां प्रभुनी सेवा.

હરિગીત:—

તુજ દીલમાં પ્રભુને મળ્યાની, ચાહના જો હોય તો;
તું સેવ પ્રભુના ભક્તને, બહુ પ્રેમથી સ્વાર્પણ કરી.
જ્યાં જ્યાં પ્રભુના ભક્ત ત્યાં ત્યાં, દેખ જ્યોતિ ઇશની;
એ ઈશને દીલમાં ધરે તે, ભક્ત સેવે શર્મ છે. ૧
જ્યાં ભક્તનું દીલડું ઠરે, ત્યાં દેવની પધરામણી;
એ ભક્તની સેવાથકી, ઇશ્વર અહો ! સેવાય છે.
એ ભક્ત લોકો પૂજતાં પ્રભુ, નામનો મહિમા થતો;
પરમાત્મની ઝાંખી થતી, જિનભક્તપૂજા યોગથી. ૨
ભકતોથકી જિન દેવનો, મહિમા જગત્માં વ્યાપતો;
ભકતો પ્રભુને વંદ્ય છે, જિન દેવ નમતા તીર્થને.
ભકતોતણી સેવાથકી, મેવા મળે છે મુક્તિના;
જ્યાં ભક્તનો સત્કાર ના, ત્યાં દેવ દર્શન દૂર છે. ૩
ભકતો ઘણા ભૂખે મરે ને, ખાય પોતે ખંતથી;
તે દેવને દેખે નહીં ને, દેવનો રાગી નથી.

ભેગા મળે આંખોથકી, અશ્રુ ઢળે છે પ્રેમથી;
ત્યાં ત્યાં પ્રભુના ભક્તમાં, ઈશ્વર રહ્યા છે ભાવથી. ૪
જ્યાં ભક્તને પણ દેવ પેઠે, દેખતા તે લોકનો;
ઉદ્ધાર થાતો જલ્દીથી, એ માનજો નિશ્ચયથકી.
જ્યાં જ્યાં પ્રભુના ભક્તની, પૂજા થતી ઈશ્વર સમી;
ત્યાં ત્યાં સુણી લ્યો મુક્તિની, વધાઇનાં વાજીંત્રને. ૫
જે ભક્તના દિલમાં પ્રવેશી, ભક્તમાં ઈશ્વર જુએ;
જે પ્રાણીઓમાં સિદ્ધતા, સત્તાથકી જુવે ખરી.
જે સિદ્ધ સત્તા ધ્યાવતો સૌ, પ્રાણીઓમાં ધ્યાનથી;
તે ભક્તની ભક્તિથકી, ઇશ્વરતણી ઝાંખી થતી. ૬
જે સિદ્ધસત્તાદૃષ્ટિથી; જૈનો ગણી જિનના સમા;
આચારમાંહીં મૂકતા તે, જૈન સાચા જાણવા.
જ્યાં જ્યાં વિભૂતિ ભક્તની, ત્યાં પ્રાણ મ્હારા પાથરૂં;
બુદ્ધયબ્ધિ સેવા ભક્તથી; પરમાત્મનાં દર્શન થતાં. ૭

ૐ શાન્તિઃ ૩

સવત્ ૧૯૬૮ આસો સુદિ ૧૩ બુધવાર.

पूजको.

હરિગીતઃ—

કેં ઘોર પૂજક માનવીઓ, દેખીયા જગમાં ઘણા;
એ જીવતાને નિન્દતા ને, સદ્ગુણો જોતા નથી.
એ દોષદર્શીમાનવીઓ, જીવતાં ગુણ ના લહે;
મૂઆ પછી પૂજા કરે, ચૈતન્ય પૂજક એ નહીં. ૧
કે શબ્દને બ્રહ્મજ ગણીને, પૂજતા પ્રભુની પરે;
પણ શબ્દ જ્યાંથી ઉઠતો તે, જ્ઞાનીને પૂજે નહીં.
એ શબ્દનયની માન્યતા, એકાન્ત જેઓ માનતા;
ચૈતન્ય પૂજક તે નહીં, નગુરા અરે ! એ માનવી. ૨
જેણે રચ્યાં સુપુસ્તકો, તેના અરે ! દોષો જુએ,

પણ પુસ્તકોના પૂજકો, એ સદ્ગુણોને શું લહે ?
જે હાલતાને ચાલતાને, પૂજ્ય માને નહિ કદિ;
એવા જનો પૂજાતણા, અધિકારને પામ્યા નથી. ૩
જે દોષ દેખે જીવતાં, ધિક્કાર દે વાણીથકી;
મુઆ પછી પૂજે અરે ! તે, દેખતા પણ અન્ધ છે.
જે દોષ દૃષ્ટિ આગળે, કરીને જુએ તે મૂઢ છે;
તે પૂજ્યને પરખે નહીં જે, સદ્ગુણોથી આંધળો. ૪
પૂજા વિના સુખ ના મળે, પૂજા વિના ગુણ ના મળે;
શુભ પૂજ્ય જનને પારખીને, પૂજ્યના પૂજક બનો.
જે જીવતાં પૂજે અને, મૂઆ પછી પણ પૂજતા;
એ પૂજકોની દૃષ્ટિમાં, પરમાત્મનો પ્રેમજ રહ્યો. ૫
જે જાગતાને પૂજતા જે, જીવતાને પૂજતા;
જે સ્થાપનાને પૂજતા, સ્યાદ્વાદ દૃષ્ટિને ધરી.
એ પૂજકોને પૂજવામાં, પ્રેમ હું રાખું ખરો;
બુદ્ધ્યબ્ધિ ગુરૂના બારણે, પૂજક જનો સાચા રહ્યા, ૬

ॐ शान्ति. ३

સવત ૧૯૬૮ આસો સુદિ ૧૫ શનિવાર.

चेला.

હરિગીતઃ—

ચેલા અમારા હાથ છે ને, પાદ બે છે સેવકો;
બહુ કાર્ય કરતા જે કહ્યું, હુકમ પ્રમાણે ચાલતા.
આ પેટ સર્વે સાંખતું, સેવા કરે સૌ અંગની;
અંજીન પેઠે કાર્યને, કરતું રહી સેવા કરે. ૧
આ કાન બે છે શિષ્ય મ્હારા, શબ્દથી સેવા કરે;
આ જીભ શિષ્યા છે ખરી, સેવા કરે મન માનતી.
બે ચક્ષુ ચેલા છે ખરા, દેખાડતા સૌ દૃશ્યને;
સેવા કરે નિજ શક્તિથી, એ શક્તિને નહિ ગોપવે. ૨

આ દીલ મ્હારૂં શિષ્ય છે એ, દીલની કિમ્મત નથી;
ગંભીર સાગરની પરે એ, દીલમાં સર્વે ભર્યું.
સારૂં અને ખોટું સહુ એ, જાણીને નિજમાં ભરે;
એ દીલ પાસે રહી સદા, સેવા કરે સહુ જાતની. ૩
એ મુક્તિનું સાથી બનીને, મુક્તિમાં પહોંચાડતું;
જે વશ્ય થઇને સત્ય સુખના, માર્ગમાં વ્હેતું ખરે.
એ દીલ શિષ્યજ છે અમારો, સાથ આવે પરભવે;
બહુ સદ્વિચારે પોષીને એ, દીલ સેવા સારતું. ૪
ચેલા અમે ગુરૂજી અમે, રાજા અમે શેઠજ અમે;
સેવક અમે સ્વામી અમે એ, ભાવ નિજમાંહીં રહ્યો.
સૌમાં અમે સૌમાં નહીં એ, જ્ઞાનદૃષ્ટિ દેખતાં;
આજ્ઞા કરી નિજને અમે, આનન્દ લેવા આત્મનો. ૫
દૃષ્ટિવિષે સૃષ્ટિ રહી, સૃષ્ટિ અમારી ભિન્ન છે;
એ સૃષ્ટિના સ્વામી અમે એ, સૃષ્ટિ જ્ઞાને ભાસતી.
આત્માવિષે સર્વે રહ્યું, અસ્તિત્વ ને નાસ્તિત્વ સૌ;
બુદ્ધયબ્ધિ અન્તર્ સૃષ્ટિમાં, આનન્દનો પારજ નથી. ૬

ૐ शान्तिः ३

સંવત ૧૯૬૮ આસો વદિ ૧ રવિવાર.

प्रभुप्राप्तिमार्ग.

હરિગીત—

હું તું નથી એ દૃશ્યમાં, એ ભાવથી સૌને મળો;
મુજ આત્મવત્ સૌ જીવ છે, એ ભાવથી સૌમાં ભળો.
આદર અને સત્કારથી, શુભ ભક્તિનાં ભોજન જમો.
પ્રભુ પ્રેમપ્યારા પારણે, ઝૂલો હસો રમતે રમો. ૧
છેદો નહીં ભેદો નહીં, સંતાપશો ના કોઇને;
જેવા તમે તેવા સહુ એ, ભાવમાં ઇશ્વર રહ્યા.
જ્યાં ભેદ ભાવજ ના કશો, ત્યાં ઈશની જ્યોતિ રહી;

જ્યાં દિલ દયાથી ઊછળે, ત્યાં ઈશ્વરીદષ્ટિ રહી. ૨
જ્યાં શુદ્ધ પ્રેમે ઊછળે, દિલડું પ્રભુનું તખ્ત ત્યાં;
એ તખ્તમાં પરમાત્મની, પધરામણી થાતી ખરી.
આત્મા પ્રભુરૂપે થઈ ગાજે, ગુણોની વ્યક્તિથી;
એ ભાવને ચાહો તમે તો, શુદ્ધ દષ્ટિ સંચરો. ૩
આ મ્હેં કર્યું આ માહરૂં એ, ભાવ ત્યાગી સૌ કરો;
અધિકારથી જે યોગ્ય તે, નિજ ફર્જ માની કીજીએ.
જે અંશથી છે ભક્ત જે, જિન દેવના તે જિનસમા;
માની પ્રભુના ભક્તની, સેવા કરો સ્વાર્પણ કરી. ૪
ભક્તો પરસ્પર જ્યાં ખરા ત્યાં, પ્રેમને આદર ઘણો;
જ્યાં પ્રેમને આદર નથી ત્યાં, ભક્તની ભજના રહી.
જિનદેવની ભક્તિપરે જ્યાં, ભક્તની ભક્તિ થતી;
સમ્યકત્વનો નિશ્ચય ખરો એ, ભાવ સમજે જ્ઞાનીઓ. ૫
જ્યાં ભક્ત દેખી ભક્તની. ચક્ષુથકી પ્રીતિ વહે;
જ્યાં સન્ત દેખી સન્તના, દિલમાં વહે પ્રીતિ ખરી.
શુભ ભક્તિનાં ઝરણા ઝરે ને, ઐકય મળવાથી થતું;
ખુલ્યાં પ્રભુનાં દ્વાર ત્યાં, ભણકાર વાગે મુક્તિના. ૬
સન્તોતણી સેવા વિષે, પરમાર્થ સાચો જાણવો;
નિજ પ્રાણ પ્યારા પાથરે, જિન દેવ ભકતો સેવતાં.
એવા જનો સાચા પ્રભુના, ભક્ત થૈ શોભે ભલા;
બુદ્ધયબ્ધિ ગુરૂની ભક્તિમાં, ઝાંખી થતી પરમાત્મની. ૭

ॐ शान्तिः ३

સવત્ ૧૯૬૮ આસો વદિ ૨ સોમવાર.

जीवन साफल्य.

હરિગીત:—

હિમ્મત અને આનન્દથી, આ જીંદગી સારી થની;
ઉત્સાહથી મનડું ભરીને, દિવ્ય જ્ઞાને દેખવું.
આનન્દમય હું છું સ્વયં એ, શુદ્ધ ધર્મજ માહરો;

એ ધર્મમાં રહેવું અને એ, ધર્મ સૌને આપવો. ૧
આ જીંદગીની વલ્લિને, શુભ જ્ઞાન જલથી પોષવી;
ફાલી અને ફૂલી ખરે એ, સત્ય ફલને આપશે.
એ શોકથી કરમાય નહિ, એવા ઉપાયો આદરી;
નિજ જીંદગીને પોષવી, શુભભાવજલની વૃષ્ટિથી. ૨
આ જીંદગી મોંઘી ઘણી, એના વિના મુક્તિ નથી;
આ જીંદગી નૌકા સમી, ભવ વારિધિ તરવા ખરે.
જે સાર તે આ જીંદગીની, સાથમાં તુજને મળ્યું;
જે જન્મની સાથે મળ્યું તેની, અરે ! કિમ્મત નથી. ૩
અજ્ઞાનથી નિજને અરે ! દુઃખી ગણી દુઃખજ લહે;
એ ભ્રાન્તિ છોડી દઇ હવે, સુખમય ગણી નિજ મસ્ત થા.
પ્રારબ્ધથી જે વેદવાનું. વેદવું તે થાય છે;
સાક્ષી બની [1]સહુકાર થઇ, દેવું કર્યું ચુકવ સહુ. ૪
કરતા મલિન જે ચિત્તને, તે તે વિચારો કાઢીને;
તું શુદ્ધ થા મસ્તાન થા, સહુ દીનતા દૂરે કરી.
તું તીર્થ આપો આપ છે, જાણ્યા વિના જ્યાં ત્યાં ભમે;
ઉદ્ધાર ત્હારા હાથમાં, આ જીંદગી મેદાનમાં. ૫
જે જે મળ્યું તે સર્વનું, એ આય લક્ષણુ આદરી;
પરમાર્થ કરણી પ્રેમથી, ઉદ્ધારજે નિજ વર્ગને;
અભિપ્રાય જનના બાંધવા, સુણવા નથી આ જીંદગી;
બુદ્ધયબ્ધિ વિવેકે ભલી, શુભ કૃત્ય કરવા જાણવી. ૬

ૐ શાન્તિઃ ૩

સવત્ ૧૯૬૮ આસો વદિ ૪ મંગલવાર.

विशुद्ध प्रेम.

હરિગીત.

સ્હેજે થતો જે પ્રેમ જેમાં, સ્વાર્થનો છાંટો નહીં;
એ પ્રેમ રસના પાત્રમાં કે, ભાવના જુદી રહી.

---

૧ શાહુકાર.

એ પ્રેમના વેધકરસે, સુવર્ણ થાયજ માનવી;
એ પ્રેમની કિમ્મત નથી, એ પ્રેમ વેચાતો નથી. ૧
એ પ્રેમનાં ચટકાં નથી, એ પ્રેમનાં મટકાં નથી;
એ પ્રેમ પૈસામાં નથી; એ પ્રેમ સત્તામાં નથી.
એ પ્રેમ સાટામાં નથી, એ પ્રેમ શૃંગારે નથી;
એ પ્રેમમાં ચાળા નથી એ, પ્રેમમાં અન્તર્ નથી. ૨
એ પ્રેમ વેચાતો નથી, એ પ્રેમ આપ્યો ના જતો;
એ પ્રેમમાં સોગન નથી, એ પ્રેમમાં સંશય નથી.
એ પ્રેમમાં ભીતિ નથી, એ પ્રેમમાં વિત્તજ નથી;
જે પારખે એ પ્રેમને, તે શુદ્ધ પ્રેમી થઇ રહે. ૩
વિશુદ્ધ ચેતન પ્રેમમાં, જડ દેહની કિમ્મત નથી;
એ પ્રેમ રસના ભોગીઓના, ભાગ્યમાં આનન્દ છે.
ઇચ્છા નથી વિષયોતણી, જ્યાં રૂપનો પ્રેમજ નથી;
એ પ્રેમ વિષયાતીત છે, એ પ્રેમ ચેતનપર ખરો. ૪
પુદ્ગલવિષે જ્યાં સ્વપ્નમાં, પ્રેમ જ નથી સુખ હેતુથી;
એ પ્રેમની મસ્તીવિષે, વિશુદ્ધ ચેતન ધ્યેય છે.
એ પ્રેમમાં દુનિયા સકલ, કુટુંબ જેવી ભાસતી;
એ પ્રેમ રસના પોષથી, ભક્તિ મઝાની નીપજે, ૫
એ પ્રેમ ગંગા સ્નાનથી, પાપો ટળે ઇશ્વર મળે;
એ પ્રેમથી શુદ્ધિ થતાં, શ્રદ્ધા ખરી દિલમાં થતી.
એ પ્રેમ સાથી થઈ રહે એ, પ્રેમથી આનન્દ છે;
બુદ્ધ્યબ્ધિ સાધુ પ્રેમથી, સ્વર્ગજ સમી દુનિયા થતી.

ૐ શાન્તિઃ ૩

સંવત ૧૯૬૮ આસો વદિ ૮ શનિવાર.

શાકામનો ?

હરિગીતઃ—

ફાલ્યો ઘણો ફૂલ્યો ઘણો, લુંબો ઘણી બાજી અહો !
તું આમ્ર નામે શોભતો, લોકો નિહાળે રાજી થૈ,

એ કેરીઓના સ્વાદની, લોકો ઘણા આશા ધરે,
દાતારવૃત્તિ જો ધરે ના, તો ફળ્યો શા કામનો ?
શોભે મઝાની વલ્લિયો, મ્હેંકી રહ્યાં પુષ્પો ઘણાં;
છૂટે ફુવારા વારિના, નીકો વહે વૃક્ષો ફળ્યાં,
શોભી રહ્યા બહુ મંડપો, શુભ ગાન ગાતાં પંખીયો;
એ બાગનો ઉપભોગ ના, તો બાગ એ શા કામનો ?
આકાશમાં વાધ્યો ઘણો, કાળાગિરિસમ શોભતો;
બહુ અભ્રવૃન્દે પરવર્યો, ગાજે ઘણો ગડગડ રવે,
વિદ્યુતથી ચમકી રહ્યા, જલદાન કરતો ના જરા;
એ મેઘના સ્હામું જુઓ પણ, મેઘ એ શા કામનો ?
એ લાખ એકજ માગતાં, બે લાખના શબ્દો વદે,
બે લાખ માગે ચારની વાતો, કરે પણ ના દીએ;
એ શંખ લાલા નામનો, બોલે ઘણુ દેતો નથી;
એ બોલતો ઉજ્જવલ ઘણો પણ, શંખ એ શા કામનો ?
લોકો ઘણા પાયે પડે, દરબારીયો બોલ્યું કરે;
આલમ બધી આજ્ઞા વહે, સહુ દેશ લોકો કરગરે,
મન ભાવતું સઘળું થતું, આંખો ઉઘડતાં કંઈ નહીં;
ક્ષણમાત્ર રાજા સ્વપ્નનો, એ સ્વપ્ન છે શા કામનું ?
જેમાં નથી સત્કાર કે, આદરતણી પરવા નથી;
જ્યાં પ્રેમ રસ વહેતો નથી, ભક્તિ નથી મનમાં કશી,
મીઠા નથી શબ્દો જરા જ્યાં. આત્મની કિમ્મત નથી;
દાતાર ફોનોગ્રાફ એ, દાતાર છે શા કામનો ?
કાવા થતા દાવા થતા, અધીરાઈ સંશય બહુ થતા;
જ્યાં સ્વાર્થવણુ સંબંધ ના, જુદાઈ રહેતી ચિત્તમાં,
એ શિષ્ય મિત્રજ ભક્ત નહિ, એ પ્રેમનો સંબંધ શો ?
"બુદ્ધયબ્ધિ" સમ્યગ્ જ્ઞાનથી, આદેય છે સૈ કામનું.

ૐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૮ આસો વદિ ૯ રવિવાર.

ઐક્ય.

હરિગીત.—

એકત્ર થાઓ બન્ધુઓ ! સૌ સંપથી જોડાઇને;
વાણી વિચારે કાર્યમાંહીં, એકતા કરતા રહો !
સૌ સંઘના કર્ત્તવ્ય માંહીં, એકતા ધરતા રહો.
ઉદ્દેશ સૌનો એક એવા, સૂત્રને સ્મરતા રહો. ૧
સંકલ્પ મનમાં જે કરો તે, પૂર્ણ તેને નિર્વહો;
સંકલ્પની સિદ્ધિ થતાં બળ, જામશે શુભ કાર્યમાં,
સંકલ્પ કરવા યોગ્યને તે, પૂર્ણ વ્હેવા ભાવથી;
એ યોગના યોગી બન્યાથી, ચિત્ત વશમાં આવશે. ૨
સંકલ્પ બળની સિદ્ધિમાં, શ્રદ્ધા ધરો નિજ આત્મની;
નિજ આત્મશક્તિ જાગશે એ, માર્ગમાં ચાલ્યાજશો,
પાછા હઠોના દુઃખથી, વિપત્તિથી બીવો નહીં;
નિજ આત્મ વીર્યોત્સાહથી, નિર્ભય બની આગળ વહો. ૩
જિન પુત્ર થૈ દીન નહિ બનો, એકત્ર શક્તિ મેળવો.
જે દીર્ઘદૃષ્ટિજ્ઞાનીઓ, આગળ કરી પન્થે વહો.
ટિંટોડીનું સાહસ અહો ! દિલમાં ધરી સાહસ કરો.
આગળ વહો ફત્તેહ છે, તમ પાછળે ભાનુ રહ્યો. ૪
એ સંઘની સેવા કરો, એ સંઘતીર્થજ છે ખરૂં;
એ સંઘ સેવા ભક્તિના, પાઠો પ્રમાણે ચાલશો;
ચૈતન્યવાદી વીરના ભકતો, બની જડ ના બનો,
ચૈતન્યના વિશ્વાસમાં મમતા, નહીં જડ વસ્તુની. ૫
પ્રગતિ કરો ! પ્રગતિ કરો ! આગળ વહો ! આગળ વહો !
ભેદો સકળ દૂરે કરી, પ્રગતિતણા પન્થે વહો !
જ્યાં શુદ્ધ પ્રેમજ જાગતો ત્યાં, સર્વ અર્પણ થૈ રહ્યું.
બુદ્ધયબ્ધિ શ્રદ્ધા ભક્તિથી, ભકતો બની આગળ વહો ! ૬

ૐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૮ આસો વદિ ૧૦ સોમવાર.

मस्तयोगी.

ધીરાના પદનો રાગ.

જ્ઞાની યોગી ગાંડોરે, દુનિયામાંહીં ગણાય છે.
મસ્તાની યોગી મ્હોટોરે, પાર કહિ ન પમાય છે.
દુનિયાથી તે ઉલટો ચાલે, ભૂલે દુનિયા ભાન;
દુનિયાને ઉંધી તે માને, જુદું લગાવે તાન—
મોજમાં મસ્તાનોરે, અન્તરૂમાં હરખાય છે.—જ્ઞાની યોગી૦ ૧
યોગીનાં આચરણો જુદાં, જાણે યોગી લોક;
દુનિયા પરીક્ષા કરતાં ભૂલે, પાડે બૂમો સહુ ફોક—
યોગીની લીલા ન્યારી રે, જોતાં સહુ જણાય છે.—જ્ઞાની યોગી૦ ૨
જીવંતાં દુનિયા ના માને, પૂજે પાછલ ઘોર;
યોગીનુ મન સાગર જેવું, કરતો ઓરનું ઓર—
જીવંતાં નહીં દેખેરે, પાછળથી પસ્તાય છે.—જ્ઞાની યોગી૦ ૩
દુનિયા બાહિર્ દૃષ્ટિ દેખે, અન્તર્ દેખે સન્ત;
યોગીને ઓળખતા જ્ઞાની, અકળ અલખ ઘર મસ્ત—
સમજે સમજુ શાણારે, સઘળું સર્વ જણાયછે.—જ્ઞાની યોગી૦ ૪
યોગી જનની ગાંડી વાતો, દુનિયામાંહીં ગણાય,
આતમ જ્ઞાને સન્તો સાચું, માને મન મલકાય—
બુદ્ધિસાગર સાચુંરે, શબ્દોમાં છૂપાય છે.—જ્ઞાની યોગી૦ ૫

ૐ शान्तिः ३

સંવત ૧૯૫૮ આસો વદિ ૧૧ મંગલવાર.

[illegible]ष.

હરિગીત.

પ્યારૂં મનોહર પુષ્પ છે આ, ચાંદની સમ શોભતું;
દિલ બાગનું આ પ્રાણ છે, આનન્દ આપે દેખતાં.
શુભ ગંધથી મ્હેંકી રહ્યું, સુગંધનો અવધિ નથી;

હસતું હસાવે દેખતાં, કરમાય ના તાપે જરા. ૧
ખીલ્યું બહુ ખીલાવતું ને, આંખને બહુ ઠારતું;
સંતાપ હરતું જલ્દીથી ને, શાન્તતાને આપતું.
મન થાકતું નહિ દેખતાં, એકાગ્રતા સ્હેજે થતી;
દિલમાં રહ્યું નિજમાં રહ્યું, આનન્દની મૂર્તિ બન્યું. ૨
આ આત્મથી તન્મય બન્યું ને, આત્મરૂપે શોભતું;
આ દેહ રૂપી વલ્લિના, સંગે રહ્યું ઉપચારથી.
વ્હાલું સુકોમલ પુષ્પ છે, આ પુષ્પની ન્યારી ગતિ;
સ્વાર્પણ થઇ આ જિંદગી, આપુષ્પથી હું પૂજ્ય છું. ૩
ધ્યાતા બન્યો આ ધ્યેય છે, દ્રષ્ટા બન્યો આ દ્રષ્ય છે;
જ્ઞાતા અને આ જ્ઞેય છે, ઉત્પાદ વ્યય ને ધ્રુવ છે.
આ પૂજ્ય છે આ દેવ છે, આ પ્રિય છે આ પ્રેમ છે;
આ સર્વ છે આ સર્વમાં, મસ્તાન છું ગુલ્તાન છું. ૪
આ શક્તિ છે મહાદેવ છે, આ વિષ્ણુ છે આ બ્રહ્મ છે;
અલ્લા અને આ બુદ્ધ છે, ક્રાઇસ્ટ છે આ ધર્મ છે.
આ શક્તિ છે આ દેવી છે, આ તીર્થ છે આ પ્રેમ છે.
આ સાર છે સૌ સુખનો, હુંતું તણો ભેદજ નથી. ૫
આ દાન છે આદેય છે, આ ભક્ત છે આ ભક્તિ છે;
કારણ અને આ કાર્ય છે, આ જ્યોત છે સૌ લોકની.
દિલજાન છે આધાર છે, આધેય છે આરાધ્ય છે;
બુદ્ધયબ્ધિ સાચા સન્તના, ઉદ્યાનમાં આ રમ્ય છે. ૬

ૐ शान्तिः ३

સંવત ૧૯૬૮ આસો વદિ ૧૨ બુધવાર.

पूज्य ने पूजक.

હરિગીત:—

જેને તમે બહુ પૂજતા ને, વન્દતા વ્યવહારથી;
વ્યવહારમાં એ દૃશ્ય સૌ, દેખાય છે તે જડ અહો!
એ; જડતણી પેટીવિષે જે, પૂજ્ય છે તે સત્ય છે.

પેટી ઘણી બદલાય પણ એ, પૂજ્ય ફરતો ના કદિ. ૧
એ પૂજ્યનો પણ વેષ એ, પૂજાય છે વ્યવહારથી;
પૂજાય છે એ દેહને, આચાર દુનિયા લોકથી.
પરમાર્થથી જે પૂજ્ય તેને, પૂજતા વિરલાજનો;
એ પૂજ્યને જે ઓળખે તે, પૂજ્યનો પૂજક બને. ૨
પડદાવિષે છૂપાયલાનો, વેષ દેહજ પૂજ્ય છે;
પણ વેષને જે પૂજીને, શુભ પૂજ્યને પૂજે નહીં.
શુભ પૂજ્યને જાણ્યા વિના, પૂજ્યા વિના પૂજક નથી;
અન્તર્તણા પૂજક નહીં એ, પૂજ્ય બાહિર્ દૃષ્ટિથી ૩
એ વેષ બદલે પૂજ્યતા, ઉડી જતી શુભ પૂજ્યની;
એવી રહી જ્યાં દૃષ્ટિ તેનો, જીવ પૂજક ના બને.
શુભ પૂજ્ય અન્તર્માં રહ્યો, તેને અરે ! જે પૂજતા;
ને વન્દતા તે પૂજકો, વપુ વેષ પૂજક છે ખરા. ૪
શુભ સદ્ગુરૂના આત્મનો, પૂજક બને તે પૂજ્ય છે;
તે વેષને આચારનો, પૂજક બને વ્યવહારથી.
નિશ્ચયથકી જે પૂજ્યને, પૂજકપણાને પારખે;
વ્યવહારથી તે પૂજ્યને, પૂજકપણું સૌ આદરે. ૫
જ્યાં પૂજ્યને પૂજકતણું, અન્તર્ નથી ઐક્ય જ રહે;
એ પૂજ્ય પૂજક ભાવમાં, સત્યાર્થતા નજરે પડે.
વન્દો અને પૂજો તમે એ, પૂજ્યના પૂજક બની;
બુદ્ધયબ્ધિ સાચા સદ્ગુરૂના, સેવકો પૂજ્યજ બને. ૬

ૐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૮ ના આસો વદિ ૧૩ ગુરૂવાર.

हुं पासे छुं.

હરિગીત:—

હું પાસ છું હું પાસ છું, પ્રેમે હૃદયની પાસ છું;
દેખો મને દેખો મને જો, પ્રેમથી દીલમાં જુઓ,

પાસે રહું પાસે ફરૂં પણ, વાર છે ચાહિતણી;
જ્યાં જ્યાં તમે ત્યાં ત્યાં અમે, જુઓ હૃદયમાં ધ્યાનથી. ૧
જે જે સમે મનમાં સ્મરે, તે તે સમે સામો રહું;
ઝટ બાહ્ય દેખે બાહ્યમાં, અન્તર્વિષે અન્તર્ રહું,
તુજ દીલના જ્યાં તાર ત્યાં, સચાર મ્હારો આદરૂં;
વાતો કરે જ્યાં ચિત્તથી ત્યાં, ચિત્ત દઈ વાતો કરૂં. ૨
ઉચ્છ્વાસને નિશ્વાસના, શુભ હંસનો સાથી બની;
તુ ચાલશે ત્યાં ચાલવું, મ્હારે હૃદયના ભાવથી,
બોલાવતો તું પ્રેમથી ત્યાં, આવીને ઉભો રહું;
ધ્યાતાં અરે ! તુજ ધ્યાનમાં, છું ધ્યેયરૂપે પાસ હું. ૩
હું ગમ્ય છું, હું ગમ્ય છું, આનન્દના અદ્વૈતમાં;
વાતો કરૂં વાતો સુણું, નાભિથકી સમજે ખરૂં,
જ્યાં જ્યાં ત્હમારા પ્રાણ છે, ત્યાં ત્યાં અમારી જ્યોતિ છે.
એ જ્યોતિના દીવાથકી, દેખે જરા ના ભેદતા. ૪
તુજથી ઘણો હું પાસ છું, તું ખોજ દિલમાં ખંતથી;
સાથે ચલું સાથે રહું, હું તું વિષે અન્તર્ નથી,
એ યોગીઓના યોગમાં ને, જ્ઞાનીઓના જ્ઞાનમાં;
હું તું વિના હું ભાસતો, આનન્દ જ્યોતિ રૂપમાં. ૫
વિશ્વાસ્યમાં વિશ્વાસ્ય છું. વિશ્વાસી થા તું વિશ્વમાં.
વિશ્વાસ સાચા જ્ઞાનમાં, પાસે રહું છું ધ્યાનમાં;
હું ધ્યેય રૂપે ધ્યાનીના, દિલથી જરા અળગો નથી,
બુદ્ધયબ્ધિ નિર્મલ જ્ઞાનના, કલ્લોલની લ્હેરો વહે. ૬

ॐ शान्तिः ३

સં. ૧૯૬૮ આસો વદિ ૧૪ શુક્રવાર.

दिवाळी.

ધોરાના પદનો રાગ.

અન્તર્માં દિવાળી રે, મોટું પર્વ ગણાય છે;
અન્તર્માં અજવાળું રે, મિથ્યાતમ જાય છે,

ઝળહળ જ્યોતિ અન્તર્ ઝળકે, ત્રણ ભુવન ઉદ્યોત;
સહજ સ્વરૂપી પરમ મહોદય, કેવલ જ્ઞાનની જ્યોત.
શાશ્વત એ દીવાળી રે, આનન્દથી ઉભરાય છે. અન્તર્માં૰ ૧
દેણું જરા ના કર્મતણું જ્યાં, લક્ષ્મી પૂર્ણ પમાય;
શાહુકાર પોતે જ્યાં નક્કી, દુઃખનું ભાન ન થાય.
અંધારે અજવાળું રે, જોતાં જ્યાં જણાય છે. અન્તર્માં. ૨
અભિનવ પર્યાયોની શુદ્ધિ, અશુદ્ધતાના લેશ;
ઉપાધિનો લેશ નહીં જ્યાં, કોઇ જાતનો ક્લેશ.
સદાનું સુખ છાજે રે, અભેદે જ્યાં રહેવાય છે. અન્તરમાં૰ ૩
રાગ દ્વેષનું બીજ નહીં જ્યાં, લેશ નહીં અન્તરાય;
ત્રણ ભુવનની ઠકુરાઈ જ્યાં, દાસપણું ન રહાય.
માયાના ભેદ ભાગેરે, શોક જરા ના થાય છે. અન્તર્માં૰ ૪
અનુભવથી સાચી દીવાળી, એવી ચિત્ત સુહાય;
આવી દીવાળી કદિ ન ટળતી, મંગલમાલા થાય;
બુદ્ધિસાગર બોધેરે, દીવાળી પરખાય છે. અન્તરમાં૰ ૫

ૐ શાન્તિઃ ૩

સંવત્ ૧૯૬૮ આસો વદિ ૦)) શનિવાર.

तीर्थ

હરિગીત: —

આ સ્થાનમાં એ અશ્રુઓ, ઢાળ્યાં હતાં પ્રેમે મળી;
ભક્તિતણાં લ્હાણાં મળ્યાં, આંખો થઇ'તી ગળગળી;
બહુ પ્રેમ સાગરથી ભર્યા, દીલ ઉછળતાં એ ક્યાં ગયું;
એ યાદ આવ્યું આવતાં ને, વ્યક્ત સૌ હૃદયે થયું. ૧
અહિં ગુરૂ અને ગુરૂના ગુરૂ, આવ્યા હતા ભક્તો ઘણા;
રોયા હતા બહુ પ્રેમીઓ, શિષ્યો ગુણોમાં ના મણા,
આ સ્થાનમાં આન્દોલનો, ભક્તિતણાં પ્રસરી રહ્યાં;

શુભ ભક્તિની બહુ ધૂનમાં, સન્તો ઘણા મુક્તિ ગયા. ૨
આ તીર્થ છે આ તીર્થ છે, આ તીર્થ ધૂલી પૂજ્ય છે;
આ ધૂલમાં ગુરૂઓતણા, મૃતદેહનું કૈં ગુહ્ય છે,
સૌ પૂજ્યના દેહોતણી, રાખ જ બની અહિંયાં ખરે;
એ રાખના કૈં તત્ત્વમાં, આકર્ષતા ભાસે અરે ! ૩
આ સ્થાનમાં મુનિયો ઘણા, મુક્તિ ગયા ધ્યાને રહ્યા,
આ સ્થાનમાં કૈ યોગીઓ, આનન્દ રસ ચાખી ગયા.
એ સર્વની યાદિ થકી આ, સ્થાન દીસે ગાજતું,
આનન્દ રેલંછેલથી, આ સ્થાન ભાસે રાજતું. ૪
આ સ્થાનમાં આનન્દની, મસ્તી ઘણી કીધી હતી;
આ સ્થાનમાં અધ્યાત્મની, વાતો ઘણી પૂર્વે થતી,
હૃદયો ઘણાં હૃદયોથકી, મળતાં હતાં આ સ્થાનમાં;
જાદૂઇ અસરો દીલ થતી, અધ્યાત્મના શુભ ગાનમાં. ૫
આ સ્થાન સારા ભાગ્યથી, મળીયું મ્હને ભ્રાન્તિ ટળી;
ઇચ્છિત વસ્તુ જે હતી તે, યોગથી મુજને મળી,
આ સ્થાનમાં ધ્યાનજ ધરૂં, અન્તર્ સમાધિમય બનું,
બુદ્ધયબ્ધિ ક્ષાયિક ભાવની, ઇચ્છા કરીને એ ભણું.

ૐ શાન્તિઃ ૩

સંવત ૧૯૬૯ કારતક વદિ ૫ મંગલવાર.

સાણંદ.

सूर्य.

હરગીતઃ—

પ્રકટયો અરુણોદય પ્રથમ, તમ વૃન્દ ટળવા લાગીયું;
નભ તારકો તગતગતગે પણ, તેજ તેનું ભાગીયું,
નભ ચન્દ્ર તો ફીકકો પડયો, જોઇ અરુણોદય અહો !
મ્હોટા પ્રકાશે જ્યાં અરે ! ન્હાના લહે ના માન હો. ૧
જ્યોતિ મઝાની ઝળહળે, કિરણોતણી આકાશમાં;
દુનિયા તજીને ઉંઘ સૌ, પ્રભુને ધરે દિલ વાસમાં.

તમ વૃન્દને દૂરે કરી, શોભે ગગનમાં એકલો;
સ્યાદ્વાદજ્ઞાનતણી પરે, ઉપકાર કરતો જગ ભલો. ૨
પૂજે જગત્ નરનારીયો, કે સૂર્યવંશી રાજવી;
ઘૂકો નિહાળે નહિ તને, કંજુસને જેમજ કવિ.
ત્હારા વિના શોભે નહીં, બ્રહ્માંડ ઉપકારી ખરો;
તું દેવરૂપે શોભતો કિરણ, પ્રતાપે આકરો. ૩
સૌ દુનીઆનો દીવડો, નિર્મળ પ્રકાશે શોભતો;
પરવા ધરે ના કોઇની, કોઇથકીના થોભતો.
કે વન્દતા કે નિન્દતા એ, લક્ષમાં લેતો નથી;
શોભે યથા યુદ્ધ ચઢયો, બહાદૂર વીર મહારથી. ૪
દૂરે રહ્યો કિરણોવડે, કમલો ખિલવતો તું ખરે.
એ શક્તિથી નિર્લેપ થઇ, કમલો ઘણાં શોભે અરે.
ત્હારા વિના મિંચાય છે કમલો, ખરો એ પ્રેમ છે.
સંબન્ધ એવો ભક્તને, ઇશ્વરતણો એ નેમ છે. ૫
શોભે જગત્ ત્હારાથકી, આકાશનો શૃંગાર છે;
સૌ તેજને તું જીતતો સૌ, તેજનો અંબાર છે.
ત્હારા ગુણો શીખી જગત્, દૃષ્ટાંત ત્હારૂં ભાખતું;
નિજ આત્મ જ્યોતિ ખિલવવા, તુજને હૃદયમાં રાખતું. ૬
બ્રહ્માંડનો જેવો તુંહીં તેવો, અમારામાં રહ્યો;
બ્રહ્માંડનો શિરતાજ એવો, સૂર્ય મુજ અન્તર્ રહ્યો.
એ સૂર્ય હું વક્તા અને, ધ્માતા સકલ નિજને કહું;
બુદ્ધયબ્ધિ અન્તર્ સૂર્યની, જ્યોતિવડે ઝળકી રહું. ૭

ૐ શાન્તિઃ ૩

સં. ૧૯૬૯ કારતક વદિ ૧૨ સાણંદ.

चन्द्र.

હરિગીતઃ—

જ્યોતિ રૂપેરી ઝળહળે. કિરણો થકી અમૃત સવે;
અમૃતતણા શુભ પાનથી, અન્તર્ ચકોરી શુભ લવે.

પોષાય છે સૌ ઔષધી, જીવન ધરે જીવે ઘણું;
સૌ ઔષધીના ભાગ્યમાં, અમૃત રહ્યું જ્ઞાને ભણું. ૧
સૌ કુમુદિનીઓ પ્રેમથી, સંબન્ધ બાંધી ઉલ્લસે;
સંબન્ધ વણ મિંચાય એવો, પ્રેમતો જવલે દિસે.
સંબન્ધ એવો સ્નેહનો, મરતાં કદિ છૂટે નહીં;
સંબન્ધ એવો શા થકી એ, વાત ગુરૂ ગમમાં રહી, ૨
મૃગલાંછની પોતે બન્યો, શરણે ધર્યો મૃગને અહીં;
લંછનથકી લાજ્યો નહીં, શરણે ગ્રહ્યા છોડયો નહીં.
ઉત્તમપણું એ સન્તમાં, દષ્ટાંત જગમાં જાગતું;
ત્હારાથકી સન્તો ગ્રહે, જોતાં ખરૂં એ લાગતું, ૩
બહુ તારકો તુજ સાથમાં, ઉગે વિકાશે ઝળહળે;
ત્હારૂં નિહાળી સૌમ્ય તેઓ, પાસમાં આવી મળે.
તું સૌમ્ય દષ્ટિ ધારીને, સમતા ધરે સૌ ઉપરે;
નિજવૃત્તિના અનુસારથી, અભિપ્રાય બહુ જીવો ધરે. ૪
ત્હારી પ્રભા રાહુથકી, અવરાય છે દેખ્યું અહો !
લાગે ગ્રહણ મ્હોટા ઉપર, સમભાવમાં સમજી રહો.
મ્હોટા ખમે છે દુઃખને પણ, ધૈર્યને ના ટાળતા;
દષ્ટાંત એવું તુજ થકી, શિખી મહન્તો ચાલતા. ૫
મ્હોટા ઉપર દુઃખો પડે ને, શોભતા મ્હોટા જનો;
મ્હોટાતણું સૌ મોટકું, જાણી ખરે ! મ્હોટા બનો !
તમનો રિપુ આનન્દનો, દાતા મનોહર લાગતો;
વેળા વધારે અબ્ધિની, મહિમાથકી જગ જાગતો. ૬
આ પિંડમાં ચન્દ્રજ રહ્યો, બ્રહ્માંડમાં ચન્દ્રજ રહ્યો;
નિજ જીવને ચન્દ્ર જ ગણીને, ભાવ એ નિજને કહ્યો.
જ્ઞાની મઝાનું સમજીને, નિજ ચન્દ્ર જ્યોતિ દેખશે;
બુદ્ધચબ્ધિ ક્ષાયિક ચેતના નિજ, ચન્દ્રને ઝટ પેખશે. ૭

ૐ શાન્તિઃ ૩

સંવત ૧૯૬૯ કારતક વદિ ૧૧ સાણંદ.

वीणा.

હારગીત.

વીણા મઝાની વાગતી, મીઠા રવો કર્ણે સુણું;
આનન્દમાં અદ્વૈત થઈ, મસ્તક નમાવીને ધુણું.
તારો થકી સ્વર્ નીકળે એ, સ્વરવિષે સ્થિર થઇ જતો;
મૂર્છા પમાડે ચિત્તને એ, મૂર્છનાથી રવ થતો. ૧
ભણકારનો અવધિ નથી, ગાયન થતાં બહુ જાતનાં;
બહુ નાડીના સંચારથી, શબ્દો ઉઠે બહુ ભાતના.
વીણા ધ્વનિ સુણતાં થકાં, જગ યોગીઓ ઉંઘી જતા.
ભૂલે જગતના ભાનને એ, ઉંઘમાં કંઈ નિરખતા. ૨
બહુ રાગને બહુ રાગણીઓ, ઉદ્દભવે ઉંડી ઘણી;
ભૂલાવતી સ્થૂલ સૃષ્ટિને, રચના કરે અન્તર્તણી.
ડોલાવતી સૌ લોકને, આનન્દમાં ઉભરાવતી;
ગર્જાવતી સઘળી દિશા, ચૈતન્યને સ્ફુરાવતી. ૩
આનન્દમાં રગદોળતી, મન જોડતી શુભ તાનમાં;
મલકાવતી મસ્તાનને, વરદાનને ગુલ્તાનમાં
કાને પછેડો નાંખીને, સૌને સમીપે રાખતી;
થથરાવતી સૌ અંગને, શબ્દો પરાના ભાખતી. ૪
એ નવનવી સૃષ્ટિતણાં, નાટક કરીને નાચતી;
એ અંગુલી સંચારથી, સ્વરૂસ્વરૂવિષે બહુ રાચતી.
સમજાવતી એ સાનમાં, મૃગલાં કરે શ્રોતાજનો;
આવો અમારી પાસતો હો, મરજીવા સ્હેજે બનો. ૫
કહેતી ઇસારા દઇ અહંવૃત્તિથકી શ્રોતા મરે;
એ મરજીવાના ભાગ્યમાં, અમૃત રહ્યું સાચું ખરે.
લાગે સમાધિ ગાનના, મધુરા મનોહર તાનમાં,
બુદ્ધચબ્ધિ જાગે જ્ઞાનને, આનન્દના એ ભાનમાં. ૬

ॐ शान्तिः ३

વીર. સં. ૨૪૩૬ મૃગશીર્ષ સુદિ ૧. અમદાવાદ.

ડી. ૧. ૧૨

ભજન કાવ્ય સંગ્રહ સાતમા ભાગનું શુદ્ધિપત્રક.

પૃષ્ઠાંક.	લીટી.	અશુદ્ધ	શુદ્ધ.
૪	૧૬	ધરો	ધરો હો
૬	૧૯	તે	પર
૮	૧૩	ઉત્તમ	ઉદ્યમ
૧૪	૯	ગણે	ગણે ના
૧૫	૧	કયા	કયો
૩૦	૧	સકલ સકલ	સકલ
૩૦	૧૮	ભાગ	ભાગ
૩૨	૧૭	ગુણ કર્યો	ગ્રહણ કરતા
૩૮	૨૬	હેણુામા	રહેણીમા
૪૨	૬	ેમાશિક્ષા	પ્રેમાશિક્ષા
૪૬	૧૦	પજ્ય	પુજ્ય
૪૯	છેલ્લી	યૈ	ધ
૫૦	૨૨	તે	તે
૫૧	૨૧	ન	ના
૫૪	૩	જીવનના	જીવનની
૫૮	૨૬	ઉડયો	ઉદયો
૬૧	૧૧	ઝીલીયે,	ઝીલાયો;
૭૫	૧૨	અન્ત	અન્તર
૮૦	૨૨	પ્રભે	પ્રભો
૮૨	૨૩	નવા	ન વા
૮૩	છેલ્લી	સ્વાપંણુતણીને	સ્વાર્પણપણાની
૯૫	૨૪	મેળતો	મળતો
૧૦૭	છેલ્લી	ાચા	સાચા
૧૦૮	છેલ્લી	૧-૬૮	૧૯૬૮
૧૨૩	૧	પજકો	પુજકો
૧૨૩	૬	પાપને	પુણ્યને
૧૨૩	૮	પજા	પૂજા
૧૨૫	૩	પઘરામણી	પધરામણી
૧૩૨	૧૬	નિશ્ચથ	નિશ્ચય
૧૩૩	૫	સચાર	સમાર

શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળામાં-પ્રગટ થયેલ ગ્રન્થો.

ગ્રન્થાંક.	પૃષ્ઠ.	કી. રૂ. આ. પા.
૦. ભજન સંગ્રહ ભાગ ૧ લો ...	૨૦૮	૦—૮—૦
૧. અધ્યાત્મ વ્યાખ્યાન માળા ...	૨૦૬	૦—૪—૦
૨. ભજન સંગ્રહ ભાગ ૨ જો ...	૩૩૬	૦—૮—૦
૩. ભજન સંગ્રહ. ભાગ ૩ જો ...	૨૧૫	૦—૮—૦
૪. સમાધિ સતકમ્*	૩૪૦	૦—૮—૦
૫. અનુભવ પચ્ચિશી×	૨૪૮	૦—૮—૦
૬. આત્મપ્રદીપ	૩૧૫	૦—૮—૦
૭. ભજન સંગ્રહ ભાગ ૪ થો ...	૩૦૪	૦—૮—૦
૮. પરમાત્મદર્શન	૪૩૨	૦—૧૨—૦
૯. પરમાત્મજ્યોતિ	૫૦૦	૦—૧૨—૦
૧૦. તત્ત્વબિંદુ	૨૩૦	૦—૪—૦
૧૧. ગુણાનુરાગ (આવૃત્તિબીજી) ...	૨૪	૦—૧—૦
૧૨. ૧૩. ભજન સંગ્રહ ભાગ ૫ મો તથા જ્ઞાનદિપીકા	૧૯૦	૦—૬—૦
૧૪. તીર્થયાત્રાનું વિમાન (આવૃત્તિ બીજી)	૬૪	૦—૧—૦
૧૫. અધ્યાત્મ ભજન સંગ્રહ ...	૧૯૦	૦—૬—૦
૧૬. ગુરૂબોધ.	૧૭૨	૦—૪—૦
૧૭. તત્ત્વજ્ઞાનદિપીકા*	૧૨૪	૦—૬—૦
૧૮. ગહુંલી સંગ્રહ	૧૧૨	૦—૩—૦
૧૯. શ્રાવક ધર્મસ્વરૂપ ભાગ ૧ લો (આવૃત્તિ ત્રીજી.)	૪૦	૦—૧—૦
૨૦ .. ,, ,, ,, ભાગ૨ જો (આવૃત્તિ ત્રીજી)	૪૦	૦—૧—૦
૨૨ ભજન પદસંગ્રહ ભાગ ૬ ઠો ...	૨૦૮	૦—૧૨—૦
૨૨. વચનામૃત	૩૮૮	૦—૧૪—૦
૨૩. યોગદીપક.	૨૬૮	૦—૧૪—૦
૨૪. જૈન ઐતિહાસીક રાસમાળા ...	૪૦૮	૧—૦—૦
૨૫. અધ્યાત્મ શાન્તિ (આવૃત્તિ બીજી)	૧૩૨	૦—૩—૦
૨૬. આનન્દઘન બહોતરી પદ ભાવાર્થ સહ ...	... ...	૨—૦—૦
૨૭. કાવ્યસંગ્રહ ભા. ૭ મો.	... ...	૦—૮—૦

ગ્રન્થો નીચલા સ્થળેથી વેચાણ મળશે.

૧. અમદાવાદ—જૈન બોર્ડીંગ–ઠે. નાગોરીશરાહ.

૨. મુંબઇ—મેસર્સ મેઘજી હીરજીની કું,–ઠે. પાયધુણી.

,, —શ્રી અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ–ઠે. ચંપાગલી.

૩. પુના—શા. વીરચંદ કૃષ્ણાજી.–ઠે. વેતાલપેંઠ.

યોગનિષ્ઠ મુનિમહારાજ શ્રીમદ્ બુદ્ધિસાગરજી કૃત.

શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ રચેલો આ સાતમો ભાગ ઘણો સુંદર, રસિક અને અધ્યાત્મ ભાવનાઓથી ભરપૂર છે. નૈતિક તેમજ વ્યવહારિક ઉચ્ચ ભાવનાઓ અતિ સ્ફુટ રૂપે તેમાં પ્રકટ થયેલી છે અને પરમાર્થ, મનુષ્ય દેહનું સાફલ્ય, વગેરે ઉપર જે કાવ્યો રચેલાં છે, તે એકેકથી ચઢીઆતાં હોઈ મનને પ્રસન્ન કરે છે, અને અપૂર્વ બોધ આપે છે.

આ પુસ્તકની ઉત્તમતાના સંબંધમાં વિશેષ નહિ લખતાં **ગુજરાતી પ્રાચીન અને અથંગ અભ્યાસી પ્રસિદ્ધ શાક્ષરરત્ન શ્રી કેશવલાલ હર્ષદરાય ધ્રુવનો** અભિપ્રાય અત્રે ટાંકીએ છીએ, જે ઉપરથી વાચકને સહજ ખ્યાલ આવી શકશે, તેઓશ્રી લખે છે કે.—

"ત્યાગી છતાં દેશ કાળનું સ્વરૂપ જેને કોઈએ લક્ષમાં લીધું હોય, મુક્ત છતાં સંસારી જીવના શ્રેયની ચિંતા ધરાવી હોય, સ્વધર્મમાં આસક્ત છતાં પરધર્મ પ્રત્યે સમ્યગદૃષ્ટિ દર્શાવી હોય, અસંગ છતાં મૈત્રી ભાવનાને છાજતી વિશ્વકુટુંબબુદ્ધિ વિચારમાં અને વાણીમાં પ્રકાશી હોય, તો તે બુદ્ધિસાગરજી છે. એમના કાવ્ય સંગ્રહનો સાતમો ભાગ જે હાલ છપાય છે, તે પૂર્વે પ્રસિદ્ધ થયેલા ૭ ભાગ જેવોજ બોધદાયક છે. સરળ ભાષા, અકૃત્રિમ શૈલી અને ઉત્સાહપૂર્ણ વાણીની સાથે વિચારની સ્વતંત્રતા, આદર્શની શુદ્ધતા અને અંતરની એકરસતા એ આ સંગ્રહમાં પણ સહજ દૃષ્ટિપાત કરતાં પ્રતિત થાય છે. આ મહાત્માના કવનમાં આ જમાનાના નવા સાહિત્યની નવીનતા સ્ફુરે છે, અને તેમના નિર્મળ હૃદયમાં વર્તમાન કાળની મહેચ્છાઓ જાણે પ્રતિબિંબ પામી હોય તેમ એમની વાણી હાલની પ્રગતિની રૂપ રેષાને અવકાશ આપતી જણાય છે. આવા ઉદાર આશયના, વિશાળ દૃષ્ટિના, શુભાકાંક્ષી લેખકને હાથે સુંદર સળંગ સંદર્ભ બંધાય એ ઇચ્છાવા જોગ છે."

તા. ૧૯-૪-૧૩
અમદાવાદ.

કેશવલાલ હર્ષદરાય ધ્રુવ.